RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 317 Dt. 23-05-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT







# US-ઈરાન વચ્ચે સમજૂતીના પ્રબળ એંધાણ

## મધ્યસ્થી માટે બે દેશોની ટીમો તહેરાન પહોંચી: રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે સમજૂતી પહેલા ઈરાનને ચેતવણી પણ આપી



નવી દિલ્હી, તા.૨૨

મધ્ય-પૂર્વમાં સંકટ વચ્ચે અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ સમાપ્ત કરવા માટેના સંભવિત સમજૂતીનો આખરી ડ્રાફ્ટ તૈયાર થઈ ગયો હોવાના અહેવાલો સામે આવ્યા છે. રિપોર્ટ મુજબ બંને દેશો સમજૂતી અંગે ટૂંક સમયમાં જ આખરી નિર્ણય લે તેવી પ્રબળ શક્યતા છે. આ શાંતિ કરારને સફળ બનાવવા માટે પાકિસ્તાન અને કતર મહત્વની મધ્યસ્થ ભૂમિકા ભજવી રહ્યા છે. બીજીતરફ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સમજૂતી પહેલા ઈરાનને ચેતવણી પણ આપી છે.

બંને દેશો વચ્ચે સમજૂતી થાય તે પહેલા અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં મીડિયાને સંબોધતા અમેરિકી સેનાના સૈન્ય અભિયાનો પર ગર્વ વ્યક્ત કર્યો હતો. તેમણે આક્રમક વલણ સાથે જણાવ્યું કે, કડક આર્થિક પ્રતિબંધો અને સૈન્ય દબાણને કારણે ઈરાન અત્યારે અમેરિકા સાથે નવો શાંતિ કરાર કરવા માટે આતુર છે. ટ્રમ્પે સ્પષ્ટ ચેતવણી આપી કે, અમેરિકા ઈરાનને કોઈપણ કિંમતે પરમાણુ હથિયાર મેળવવા નહીં દે અને ઈરાન સામે કરાયેલી સૈન્ય કાર્યવાહી સંપૂર્ણપણે યોગ્ય હતી.

શાંતિ સમજૂતીના ડ્રાફ્ટને આખરી ઓપ આપવા માટે પાકિસ્તાનના સૈન્ય વડા ફીલ્ડ માર્શલ આસિમ મુનીર તેહરાન પહોંચ્યા છે, જ્યાં તેઓ ઈરાનના સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનેઈ, રાષ્ટ્રપતિ મસૂદ પેજેશકિયન અને વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી સાથે બેઠક કરે તેવી આશા છે. બીજી તરફ, પાકિસ્તાનના ગૃહમંત્રી મોહસિન નકવીએ તેહરાનમાં ઈરાની વિદેશ મંત્રી અને ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોપ્ર્સ (ઈંછ્ય્ઝ્ર)ના વરિષ્ઠ કમાન્ડરો સાથે ૨૪ કલાકમાં બીજી વખત મુલાકાત કરીને સઘન ચર્ચા કરી છે.

આ ઉપરાંત, કતરની એક ખાસ વાટાઘાટ સમિતિ પણ તેહરાન પહોંચી છે. ઈરાન સરકારે આ મંત્રણા માટે વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈને નવી જવાબદારી સોંપી છે. આ ડ્રાફ્ટને ઈરાન તરફથી લીલી ઝંડી મળી ગઈ છે, પરંતુ અમેરિકા તરફથી સત્તાવાર મંજૂરીની રાહ જોવાઈ રહી છે. અલ અરેબિયા અને અન્ય ન્યૂઝ એજન્સીઓના અહેવાલો અનુસાર, સૂચિત શાંતિ કરારમાં નીચેની બાબતો પર સહમતિ સધાઈ છે: જમીન, સમુદ્ર અને આકાશ સહિતના તમામ મોરચે તાત્કાલિક અને બિનશરતી યુદ્ધવિરામ લાગુ કરવામાં આવશે. બંને દેશો એકબીજાના સૈન્ય, નાગરિક કે આર્થિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવશે નહીં. સૈન્ય ઓપરેશન્સની સાથે-સાથે મીડિયા દ્વારા ચલાવવામાં આવતા પ્રોપેગેન્ડા (મીડિયા યુદ્ધ) પર પણ રોક લગાવવામાં આવશે. પરસ્પર સાર્વભૌમત્વ, પ્રાદેશિક અખંડિતતાનું સન્માન કરવામાં આવશે અને આંતરિક બાબતોમાં દખલગીરી બંધ કરાશે. વ્યાપારિક દ્રષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ એવા હોર્મુઝ જળમાર્ગ (સ્ટ્રેટ ઓફ હોર્મુઝ), અરેબિયન ગલ્ફ અને ઓમાનની ખાડીમાં જહાજોની અવરજવર સંપૂર્ણપણે મુક્ત રાખવાની ગેરંટી અપાશે. કરારના નિયમોનું પાલન થાય છે કે નહીં તે જોવા અને ભવિષ્યના મતભેદો ઉકેલવા માટે એક 'જોઈન્ટ મોનિટરિંગ સિસ્ટમ' (સંયુક્ત તંત્ર) બનાવવામાં આવશે. બાકી રહેલા અન્ય મુદ્દાઓ પર આગામી સાત દિવસમાં વાટાઘાટો શરૂ કરવામાં આવશે. ઈરાન આ શરતોનું પાલન કરે તેના બદલામાં અમેરિકા તેના પર લાદવામાં આવેલા આર્થિક પ્રતિબંધો ધીમે-ધીમે હટાવી લેશે.

# ગ્રીન કાર્ડની રાહ જોતા ભારતીયોને આંચકો!

## ટ્રમ્પ વહીવટીતંત્રનો નવો નિયમ ''પહેલા અમેરિકા છોડો, પછી પ્રવેશ કરો''




નવીદિલ્હી, તા. ૨૩

ગ્રીન કાર્ડની રાહ જોઈ રહેલા ભારતીયોને અમેરિકાએ મોટો ફટકો આપ્યો છે. યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીસ (USCIS) એ ગ્રીન કાર્ડની રાહ જોઈ રહેલા લોકોને દેશ છોડીને પોતાના દેશોમાં રાહ જોવા કહ્યું છે. ભારતીયો આનાથી સૌથી વધુ પ્રભાવિત સમુદાયોમાં સામેલ છે. ગ્રીન કાર્ડ, જેને સત્તાવાર રીતે કાયમી નિવાસી કાર્ડ તરીકે ઓળખવામાં આવે છે, તે એક ઓળખ કાર્ડ છે જે વિદેશી નાગરિકને યુએસમાં કાયમી ધોરણે રહેવા, કામ કરવા અને અભ્યાસ કરવાનો કાયદેસર અધિકાર આપે છે. આ જ કારણ છે કે ગ્રીન કાર્ડની માંગ ખૂબ વધારે છે. અહેવાલો અનુસાર, USCIS એ ઈમિગ્રેશન અધિકારીઓને ઈમિગ્રેશન અને રાષ્ટ્રીયતા અધિનિયમની કલમ 245(a) હેઠળ કામચલાઉ નોન-ઈમિગ્રન્ટ સ્ટેટસથી કાયમી ઈમિગ્રન્ટ સ્ટેટસમાં ફેરફારને એક પ્રક્રિયા તરીકે ગણવા માટે નવી માર્ગદર્શિકા જારી કરી છે જે સામાન્ય રીતે યુએસની બહાર થવી જ જોઈએ. USCIS ડિરેક્ટર જોસેફ એડલોએ જણાવ્યું હતું કે એજન્સી ખાતરી કરી રહી છે કે કામચલાઉ પ્રવેશ અને કાયમી નિવાસ વચ્ચે સ્પષ્ટ તફાવત છે, અને વ્યક્તિઓએ તેમના વતનમાં સમય વિતાવવો જોઈએ.

આ નવો નિયમ ગેરકાયદેસર વિદેશીઓ માટે નથી, પરંતુ B1/B2, F1/M1, J1, H-1B A"¡ O-1 જેવા કામચલાઉ વિઝા પર દેશમાં પ્રવેશ કરનારાઓ માટે છે. આ વિઝા પ્રવાસીઓ, વિદ્યાર્થીઓ અને કામદારો માટે છે જે બિન-ઈમિગ્રન્ટ ઈરાદા સાથે આવે છે. આનો અર્થ એ છે કે તેઓ કાયમી રહેઠાણ માટે નહીં, પરંતુ ચોક્કસ હેતુ માટે યુનાઈટેડ સ્ટેટ્સમાં આવે છે. પછી તેઓ કાયમી રહેઠાણ અથવા ગ્રીન કાર્ડ માટે અરજી કરી શકે છે, અને રાહ જોવાનો સમય તેમના મૂળ દેશ પર આધાર રાખીને બદલાય છે. ઉદાહરણ તરીકે, ભારતીયો માટે રાહ જોવાનો સમય ખૂબ લાંબો છે. જ્યારે તેઓ રાહ જુએ છે, ત્યારે તેઓ તેમના વિઝા રિન્યૂ કરતા રહે છે.

### CBIએ મોટી કાર્યવાહી કરી

# NEET-UG પેપર લીક કેસમાં માસ્ટરમાઈન્ડ મહિલાની ધરપકડ

નવીદિલ્હી, તા. ૨૨

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) એ આજે ૨૦૨૬ ના NEET-UG પેપર લીક કેસના સંદર્ભમાં વધુ એક મુખ્ય આરોપીની ધરપકડ કરી છે. આરોપીની ઓળખ મનીષા સંજય હવાલદાર તરીકે થઈ છે, જે હાલમાં મહારાષ્ટ્રના પુણેમાં સેઠ હીરાલાલ સરાફ પ્રશાલામાં કાર્યરત છે. CBI એ જણાવ્યું હતું કે તે NEET UG ૨૦૨૬ પરીક્ષા પ્રક્રિયામાં સામેલ હતી અને નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા તેની નિમણૂક નિષ્ણાત તરીકે કરવામાં આવી હતી.

તપાસ એજન્સીએ જણાવ્યું હતું કે આરોપી પાસે ભૌતિકશાસ્ત્રનું આખું પ્રશ્નપત્ર હતું. CBI એ જણાવ્યું હતું કે તેણીએ NEET UG 2026 પરીક્ષાના કેટલાક ભૌતિકશાસ્ત્રના પ્રશ્નો સહ-આરોપી મનીષા માંધારે સાથે શેર કર્યા હતા, જેની આ મહિનાની ૧૬મી તારીખે ધરપકડ કરવામાં આવી હતી. તપાસ એજન્સીના જણાવ્યા અનુસાર, તેણીએ જે પ્રશ્નો શેર કર્યા હતા તે NEET UG 2026 પરીક્ષાના પેપર સેટમાંથી ભૌતિકશાસ્ત્રના પ્રશ્નો સાથે મેળ ખાતા હતા.

આ કેસમાં અત્યાર સુધીમાં દિલ્હી, જયપુર, ગુરુગ્રામ, નાસિક, પુણે, લાતુર અને અહિલ્યાનગરથી અગિયાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. સીબીઆઈએ દેશભરમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા છે અને અનેક ગુનાહિત દસ્તાવેજો, લેપટોપ, બેંક સ્ટેટમેન્ટ અને મોબાઈલ ફોન જપ્ત કર્યા છે. ૧૪ મેના રોજ બ્યુટી સલૂનના માલિક મનીષા વાઘમારેની લીક થયેલા રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાનના પ્રશ્નપત્રોનું વિતરણ કરવામાં મદદ કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ કરાયેલા અન્ય લોકોમાં મહારાષ્ટ્રના અહિલ્યાનગર અને નાસિકના ધનંજય લોખંડે અને શુભમ ખૈરનાર; રાજસ્થાનના જયપુરના માંગીલાલ બિવાલ, વિકાસ બિવાલ અને દિનેશ બિવાલ; અને હરિયાણાના ગુરુગ્રામના યશ યાદવનો સમાવેશ થાય છે.

એપ્રિલમાં, તેમણે સહ-આરોપી મનીષા માંધારે સાથે કેટલાક પ્રશ્નો શેર કર્યા. ૧૬ મેના રોજ, CBI એ NEET પેપર લીક કેસમાં પુણેના વનસ્પતિશાસ્ત્રના શિક્ષક માંધારેની ધરપકડ કરી. એજન્સીએ જણાવ્યું હતું કે કોન્સ્ટેબલ દ્વારા ઉમેદવારો સાથે શેર કરાયેલા પ્રશ્નો NEET-UG ભૌતિકશાસ્ત્ર પરીક્ષાના પ્રશ્નો સાથે મેળ ખાય છે. CBI એ દેશભરમાં વિવિધ સ્થળોએ શોધખોળ હાથ ધરી હતી અને અનેક ગુનાહિત દસ્તાવેજો, લેપટોપ, બેંક સ્ટેટમેન્ટ અને મોબાઈલ ફોન જપ્ત કર્યા હતા. જપ્ત કરાયેલી વસ્તુઓનું વિગતવાર વિશ્લેષણ ચાલી રહ્યું છે. એજન્સીએ જણાવ્યું હતું કે અત્યાર સુધીની તપાસમાં પેપર લીકનો વાસ્તવિક સ્ત્રોત બહાર આવ્યો છે.



નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા તેની નિમણૂક નિષ્ણાત તરીકે કરવામાં આવી હતી

# ગિફ્ટ સિટી દેશની પ્રતિભા માટે તક

## આંતરરાષ્ટ્રીય નાણાકીય ઈકોસિસ્ટમની પ્રગતિની સમીક્ષા કરતા કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામન



અમદાવાદ, તા. ૨૨

કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ બાબતોના મંત્રી નિર્મલા સીતારમણે શુક્રવારે ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી, જેમાં ગિફ્ટ સિટી અને તેના સતત વિકસતા આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાઓ ઈકોસિસ્ટમની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકમાં પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ શ્રી પી.કે. મિશ્રા, ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, પ્રધાનમંત્રી કાર્યાલય, નાણા મંત્રાલય, કોર્પોરેટ બાબતોના મંત્રાલય, ગુજરાત સરકાર, આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્રો સત્તામંડળ (IFSCA) ના વરિષ્ઠ અધિકારીઓ અને ગિફ્ટ સિટીના અધિકારીઓ હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન, બેંકિંગ, મૂડી બજારો, ભંડોળ વ્યવસ્થાપન, વીમા અને પુનર્વીમા, વિમાન અને જહાજ ભાડાપટ્ટા, ફિનટેક, બુલિયન એક્સચેન્જ, આંતરરાષ્ટ્રીય શિક્ષણ અને સંલગ્ન સેવાઓ સહિત વિવિધ ક્ષેત્રોમાં ગિફ્ટ સિટી દ્વારા કરવામાં આવેલી પ્રગતિ પર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યા હતા.

બેઠકમાં માળખાગત વિકાસ, પ્રતિભા ઈકોસિસ્ટમ, વ્યવસાય કરવાની સરળતા, કરવેરા માળખા, રહેણાંક ઈકોસિસ્ટમ અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક આંતરરાષ્ટ્રીય નાણાકીય અને વ્યવસાય હબ તરીકે ગિફ્ટ સિટીને વધુ મજબૂત બનાવવા માટે જરૂરી પગલાં અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

સમીક્ષા બેઠક પછીના પોતાના સંબોધનમાં, કેન્દ્રીય નાણાં મંત્રીએ વૈશ્વિક નાણાકીય બજારો સાથે ભારતના જોડાણને વધુ ગાઢ બનાવવા અને વૈશ્વિક ધોરણો, નિયમનકારી સક્રિયતા અને સહાયક સામાજિક વાતાવરણ સાથે સંરેખિત સંસ્થાકીય માળખા દ્વારા દેશમાં આંતરરાષ્ટ્રીય મૂડી પ્રવાહને સરળ બનાવવા માટે GIFT સિટીના વ્યૂહાત્મક મહત્વ પર ભાર મૂક્યો.

GIFT સિટી ભારતના આંતરરાષ્ટ્રીય નાણાકીય સ્થાપત્યના મુખ્ય સ્તંભ તરીકે ઉભરી આવ્યું છે અને દેશના વધતા આર્થિક વિશ્વાસ અને વૈશ્વિક આકાંક્ષાઓને પ્રતિબિંબિત કરે છે તે નોંધતા, શ્રીમતી સીતારમણે જણાવ્યું હતું કે ભારત આજે સ્કેલ, ટેકનોલોજી, પ્રતિભા અને વિકાસની તકોનો એક અનોખો સંગમ પ્રદાન કરે છે.

કેન્દ્રીય નાણાં મંત્રીએ ભવિષ્યલક્ષી ચર્ચાઓના મહત્વ પર પણ ભાર મૂક્યો જે જમીન પર પરિવર્તન લાવવા માટે તાત્કાલિક કાર્યવાહીનો માર્ગ મોકળો કરે છે. તેમણે કહ્યું કે અત્યાર સુધી થયેલી પ્રગતિ પ્રોત્સાહક છે, અને તમામ હિસ્સેદારો વચ્ચે સતત સંકલન ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત તરફ ભારતની વિકાસ યાત્રામાં GIFT સિટીની ભૂમિકાને વધુ મજબૂત બનાવશે.

સમીક્ષા બેઠક પછીના પોતાના સંબોધનમાં, પ્રધાનમંત્રીના મુખ્ય સચિવે કુશળ વ્યાવસાયિકોને આકર્ષિત કરીને અને વિશ્વસ્તરીય માળખાગત સુવિધા બનાવીને GIFT IFSC માટે પ્રધાનમંત્રીના વિઝનને સાકાર કરવાના મહત્વ પર ભાર મૂક્યો અને આ દિશામાં અત્યાર સુધી કરવામાં આવેલા પ્રયાસોની પ્રશંસા કરી.

### સહનશક્તિનો અભાવ આજની યુવા પેઢીના મગજને સતત રાખે છે ગરમ

# પિતાએ વાસણ સાફ કરવાનું કહેતાં દિકરીએ દઈ દીધો જીવ!

## બીજી ઘટનામાં કોલેજીયન છાત્રા ઘરમાંથી અર્ધબેભાન મળ્યા બાદ મૃત્યુઃ ઝાડા-ઉલ્ટી થયાનું સ્વજનનુ કથનઃ ત્રીજી ઘટનામાં કેરીના રસમાંથી ઇયળ નીકળવા મામલે સાસુ સાથે માથાકુટ થતાં પરિણીતાએ કર્યો આપઘાતનો પ્રયાસ

રાજકોટ,તા.૨૨

અપમૃત્યુની દરરોજ બની રહેલી ઘટનાઓ વચ્ચે વધુ બે પરિવારોએ પોતાની લાડકવાયી દિકરી ગુમાવી દીધી છે. એક બનાવમાં જમી લીધા પછી વાસણ સાફ નહિ કરનારી દિકરીને પિતાએ ઠપકો આપતાં તેણીને ખોટુ લાગી જતાં ઝેર પી દુનિયા છોડી દીધી હતી. બીજી ઘટનામાં સત્તર વર્ષની એક કોલેજીયાન છાત્રા ઘરે અર્ધબેભાન થઇ ગયા બાદ મૃત્યુ થું હતું. ત્રીજી ઘટનામાં એક પરિણીતાને સાસુએ કાઢેલા કેરીના રસમાંથી ઇયળ નીકળવા મામલે સાસુ સાથે ચડભડ થતાં તેણીએ આપઘાતનો પ્રયાસ કરતાં સારવાર માટે દાખલ કરાવમાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો સંતાનોને માવતર દ્વારા ઘણીવાર કોઇ વાતે ઠપકો અપાતો હોય છે. પણ ક્યારેક સહનશક્તિના અભાવને કારણે માઠુ લાગી જતાં સંતાનો અવળુ પગલુ ભરતાં હોય છે. આવી જ એક ઘટના રાજકોટના ત્રંબા નજીકના વડાળી ગામે બની છે. જેમાં એક અઢાર વર્ષની યુવતિને વાસણ સાફ કરવા બાબતે પિતાએ ઠપકો આપતાં માઠુ લાગી જતાં તેણીએ આપઘાત કરી લીધો હતો. વડાળી ગામે પરિવારજનો સાથે જયભાઇ ડાભીની વાડીમાં રહેતી અઢાર વર્ષની આશાબેન બલાભાઇ ખોટ નામની યુવતિએ ગત સાંજે વાડીએ ઝેરી દવા પી લેતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી.



આપઘાત કરનાર આશાબેન સાત બહેનમાં ચોથી હતી. આ પરિવાર મુળ અરવલ્લીના બાયડ તાબેના ગામનો વતની છે. ઘણા સમયથી વડાળી રહી ખેત મજૂરી કરે છે. પિતા બલાભાઇ ભુટાભાઇએ જણાવ્યું હતું કે બપોરે જમી લીધા પછી સાંજ સુધી વાસણ સાફ કરવામાં આવ્યા ન હોઇ આથી તેણે દિકરી આશાને આ અંગે ધ્યાન દોરી ઠપકો દીધો હતો. આ વાતનું માઠુ લાગી જતાં બધા ખેતીના કામમાં વ્યસ્ત હતાં ત્યારે તેણીએ ઝેરી દવા પી લીધી હતી અને સારવારમાં મૃત્યુ થયું હતું.

બીજી ઘટનામાં શહેરના કોઠારીયા રોડ શ્રીનજીનગરમાં રહેતી કોલેજીયન છાત્રા ઘરે અર્ધબેભાન થઇ જતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. તેણીએ પોતાને ઝાડા-ઉલ્ટી થઇ ગયાનું પોતે ભાનમાં હતી ત્યારે જણાવ્યું હતું. તબિબે મોતનું ચોક્કસ કારણ જાણવા ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. શ્રીજીનગરમાં શ્યામ હોલ સામે રહેતી પ્રિયા કિશોરભાઇ ઠેસીયા નામની સત્તર વર્ષની યુવતિ સાંજે છએક વાગ્યે ઘરે એર્ધબેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. તેણીએ પોતાને ઝાડા ઉલ્ટી થઇ જતાં તબીયત બગડી ગયાનું કહ્યું હતું.

નજીકના દવાખાને આહિર ચોકમાં લઇ જવામાં આવતાં ત્યાંના તબિબે સિવિલ હોસ્પિટલમાં લઇ જવાનું કહ્યું હતું. સિવિલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. પ્રિયા બે બહેનમાં નાની છે અને તેના પિતા કારખાનામાં કામ કરે છે. પોતે હાલમાં કોલેજમાં અભ્યાસ કરતી હતી. ગઇકાલે તેની બહેન નોકરી પર હતી, પિતા કામે ગયા હતાં અને માતા ગીતાબેન કથા સાંભળવા ગયા હતાં. તેઓ સાંજે છએક વાગ્યે ઘરે આવ્યા ત્યારે દિકરી અર્ધબેભાન જેવી હાલતમાં જોવા મળતાં પૃછા કરતાં ઝાડા-ઉલ્ટી થઇ ગયાનું કહ્યું હતું. બીજા પરિવારજનોને ગીતાબેને જાણ કરી હતી અને દિકરીને હોસ્પિટલે ખસેડી હતી. પરંતુ મૃત્યુ થયું હતું. બનાવથી પરિવામાં અરેરાટી વ્યાપી ગઇ હતી. જો કે તબિબને મૃત્યુ અંગે શંકા ઉપજતાં ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. હૌસ્પટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં ભક્તિનગર પોલીસે કાર્યવાહી કરી હતી.

ત્રીજી ઘટનામાં ગઢડાના ઢસા રહેતી ગીતાબેન મિલનભાઇ રાઠોડ નામની પચ્ચીસ વર્ષની પરિણીતાએ એસિડ પી આપઘાતનો પ્રયાસ કરતાં ઢસા સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં ઢસા પોલીસને જાણ કરવામાં આવી હતી. ગીતાબેનના લગ્ન ચાર વર્ષ પહેલા થયા છે અને એક સંતાન છે. પતિ બોલેરોનું ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવે છે. તપાસમાં ખુલ્યા મુજબ સાસુએ કેરીનો રસ કાઢ્યો હોઇ જમતી વખતે પીરસાયો ત્યારે વહુ ગીતાબેનના રસમાંથી ઇયળ નીકળતાં તેણે સાસુને મારા રસમાંથી જ ઇયળ કેમ નીકળી? કહેતાં સાસુએ મને થોડુ ઓછુ દેખાય છે એટલે કદાચ આવુ થયું હશે, હવે પછી તું રસ કાઢજે તેમ કહ્યું હતું. આ વાતે ચડભડ થયા બાદ માઠુ લાગતાં તેણીએ પગલુ ભર્યુ હતું. આમ એક ઘટનામાં યુવતિએ આપઘાત કર્યો હતો, એકનું અર્ધબેભાન થયા બાદ મૃત્યુ થયું હતું. એક પરિણીતાએ મરી જવાનો પ્રયાસ કર્યો હતો.

# નાગરિક બેંક આયોજીત ૨૮માં નિઃશુલ્ક ક્રિકેટ કોચીંગ કેમ્પનો પ્રારંભ

## કેમ્પ તાલીમની સાથે શિસ્ત પાલન, ખેલદીલીના ગુણો અને સારા નાગરિક બનતા શીખવે છે : ડો. જીતેન્દ્ર અમલાણી

રાજકોટ, તા.૨૨

શારીરીક સક્ષમતા, માનસિક સર્તકતા અને સાંસ્કારિક ઉન્નતા, આ ત્રણ લાયકાત આપણે કેળવીએ તો આપણને કોઇ અટકાવી નહિ શકે કેપ્ટન જયદેવભાઇ જોષી રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. દ્વારા આયોજીત *૨૮'માં નિઃશુલ્ક ક્રિકેટ કોચીંગ કેમ્પનો રગે ચંગે ઉદઘાટન સમારોહ માધવરાવ સીધીયા ક્રિકેટ ગ્રાઉન્ડ, રેસકોર્ષ ખાતે યોજાયેલ હતો અને તેમાં બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

અત્યારે ઉપસ્થિત કેમ્પના તાલીમાર્થીઓ પેકી ૫૦ ટકાથી વધુ બાળકો આ કેમ્પમાં એકથી વધુ વખત તાલીમ મેળવેલી છે અર્થાત આ કેમ્પની તાલીમમાં તેમને મજા આવે છે. જે બાળકો પ્રથમ વખત આ કેમ્પમાં તાલીમાર્થે આવ્યા છે તે અન્યને જોઇને આવતા વર્ષમાં પણ આવશે તેવું બેંકના ચેરમેન દિનેશભાઇ પાઠકે જણાવ્યું હતું કે



રાજકોટ નાગરિક સહકારી ૧૦ વર્ષથી મોટા બાળકોના બચત ખાતા ખોલે છે અને તેની સહીથી જ ખાતુ ઓપરેટ થાય છે. બાળકો બેંકથી પરિચિત થાય છે. ખ્યાતનામ યુરોલોજીસ્ટ ડો. જીતેન્દ્રભાઇ અમલાણીએ જણાવ્યું હતુ કે, આ કેમ્પનો ૨૮ વર્ષમાં પ્રવેશ થયો છે તે જાણીને ખૂબ જ આનંદ થયો કોઇપણ લોકઉપયોગી કાર્યમાં બેંક હમેશા અગ્રેસર હોય છે. વેકેશનમાં બાળકો ટીવી કે અન્ય ગેજેટ્સમાં ન અટવાઇ જાય તે માટે આ કેમ્પની તાલીમ મહત્વપૂર્ણ છે. આપ અન્યથી અલગ છો એટલે વેકેશનનો સદ્ઉપયોગ કરી તાલીમ લો છો. આપ તાલીમ લો અને એક સ્વપન જુઓ. સ્વપન જોશો તો સાકાર થશે. બેક આપના સ્વપનને સાકાર કરવા વાહક બની છે આર્મીના કેપ્ટન જયદેવભાઇ જોષીએ જણાવ્યું હતું કે, શારીરીક સક્ષમતા, માનસિક સર્તકતા અને સાંસ્કારિક ઉન્નતા. આ ત્રણ લાયકાત કેળવીએ તો આપણને કોઇ અટકાવી નહિ શકે. આ રમતના અનેક આઇકોન, મોટા ક્રિકેટરોએ ખોટી માન્યતાને દૂર કરી છે. આ ઉદઘાટન સમારોહમાં અતિથિ વિશેષ તરીકે ડો. જીતેન્દ્રભાઇ અમલાણી (સંઘચાલકજી-રાજકોટ મહાનગર- રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ), ડો. માધવભાઇ દવે (પ્રમુખ-રાજકોટ શહેર ભાજપ), જયદેવભાઇ જોષી (પૂર્વ કેપ્ટન-આર્મી) ઉપરાંત બેંક પરિવારમાંથી દિનેશભાઇ પાઠક (ચેરમેન), જીવણભાઇ પટેલ (વાઇસ ચેરમેન), પ્રોજેક્ટ ડિરેકટર હસરાજભાઇ ગજેરા, અશોકભાઇ ગાંધી, વિક્રમસિંહ પરમાર, ડિરેકટરગણમાંથી સીએ. ચંદ્રેશભાઇ ધોળકીયા, કિતીદાબેન જાદવ, સીએ. ભોમિકભાઇ શાહ, સીએ. બ્રિજેશભાઇ મલકાણ, કલ્પેશભાઇ ગજર, હસમુખભાઇ ચંદારાણા, જ્યોતિબેન ભટ્ટ, વિનોદ શર્મા (જનરલ મેનેજર-સીઇઓ), કોશિકભાઇ અઢીયા (કોચ), શાખા વિકાસ સમિતિના સદસ્યો, આમંત્રિતો અને નાગરિક પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

### સરયુ નદીમાં સ્નાન કરતી વખતે મગર ખેંચી ગયો કાળજું કંપાવનારી કરૂણાંતિકા

# સાસુની ચિતાની રાખ ઠરે તે પહેલાં જમાઈ કાળનો કોળિયો બન્યો

નવી દિલ્હી તા. ૨૨

એક તરફ ઘરમાં માતા સમાન સાસુના નિધનના શોકની કાલિમા છવાયેલી હતી, અને બીજી તરફ અંતિમ સંસ્કારની વિધિ પૂર્ણ થાય તે પહેલાં જ કુદરતે એવી ક્રૂર મજાક કરી કે આખો પરિવાર કલ્પાંત કરી ઉઠ્યો. ઉત્તર પ્રદેશના ગોંડામાં સરયુ નદીના કાંઠે એક એવી હૃદયદ્રાવક અને કંપાવનારી ઘટના બની છે, જે સાંભળીને ભલભલાના રૂંવાડા ઉભા થઈ જાય. ગ્રેટર નોઈડાથી પોતાની સાસુના અંતિમ સંસ્કારમાં આવેલા ૩૦ વર્ષીય યુવાન દીપક શર્માને સરયુ નદીમાં ન્હાવા પડતાં એક મહાકાય મગર ઊંડા પાણીમાં ખેંચી ગયો હતો. ભારે જહેમત અને ૨૪ કલાકની શોધખોળ બાદ આ કમનસીબ યુવાનનો મૃતદેહ મળી આવતા પરિવારનો શોક બમણો થઈ ગયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગ્રેટર નોઈડાનો રહેવાસી ૩૦ વર્ષીય દીપક શર્મા ગોંડા જિલ્લાના ઉમરી ખાતે રહેતા તેના સસરા બાબુલાલ શર્માના ઘરે, તેની સાસુના નિધન નિમિત્તે અંતિમ સંસ્કારમાં સામેલ થવા પહોંચ્યો હતો. ગોંડા જિલ્લાના સોનૌલી મોહમ્મદપુર ઉદયભાન પાહી પાસે સરયુ નદીના કિનારે સાસુની અંતિમ વિધિની તૈયારીઓ ચાલી રહી હતી. દીપક પોતે ચિતા





સજાવવાના કામમાં લાગ્યો હતો.

આ સમયે નજરે જોનાર પ્રત્યક્ષદર્શી રાજેશ શુક્લાના જણાવ્યા અનુસાર, ચિતા સજાવ્યા બાદ દીપકે નદીમાં સ્નાન કરવાની ઈચ્છા વ્યક્ત કરી. ત્યાં હાજર લોકોએ જમાઈ હોવાના નાતે તેને ચિતા સજાવવા અને નદીના ઊંડા પાણીમાં જવા માટે વારંવાર ના પાડી હતી. છતાં, સૌની મનાઈને અવગણીને દીપક નદીમાં સ્નાન કરવા માટે ઉતર્યો. તેણે પાણીમાં પહેલી ડૂબકી લગાવી કે તરત જ કાળ બનીને છુપાયેલા એક મગરે તેના પર જીવલેણ હુમલો કર્યો. આંખના પલકારામાં મગરે દીપકનું માથું પોતાના રાક્ષસી જડબામાં દબોચી લીધું અને તેને ખેંચીને નદીના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો. કાંઠે ઉભેલા લોકોની નજર સામે જ આ ભયાનક દ્રશ્ય ભજવાયું અને ત્યાં ચીચીયારીઓ ગુંજી ઉઠી.

ઘટનાની જાણ થતાં જ તાત્કાલિક સ્થાનિક તરવૈયાઓને નદીમાં ઉતારવામાં આવ્યા હતા. કલાકો સુધી નદીના ધસમસતા પ્રવાહમાં દીપકની શોધખોળ કરવામાં આવી, પરંતુ તેનો કોઈ અતોપતો મળ્યો ન હતો. આખરે મામલાની ગંભીરતા જોતા લખનઉથી સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (જીઉછખ્તિ) ની ખાસ ટીમને બોલાવવામાં આવી હતી.

આજે સવારે જીઉછખ્તિની ટીમે ફરીથી મેગા રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. દરમિયાન, મૃતક દીપકના સસરા બાબુલાલ શર્મા અને અન્ય ગ્રામજનોએ ઘટનાસ્થળથી આશરે દોઢ કિલોમીટર દૂર નદીના પ્રવાહમાં એક મૃતદેહ તરતો જોયો હતો. જીઉછખ્તિની ટીમે તાત્કાલિક ત્યાં પહોંચીને મૃતદેહને બહાર કાઢ્યો, જે કમનસીબ દીપક શર્માનો જ હતો.

લોકોના જણાવ્યા અનુસાર, હુમલો કરનાર મગર કદમાં થોડો નાનો હોવાથી તે દીપકના મૃતદેહને પૂરેપૂરો ખાઈ શક્યો નહોતો, પરંતુ મૃતદેહની હાલત અત્યંત કરુણ હતી. દીપકના માથાના ભાગે અને જમણા હાથ પર મગરના તીક્ષ્ણ દાંતના ઊંડા અને ભયાનક નિશાન સ્પષ્ટ જોવા મળ્યા હતા.

### સાસુની વિદાય ટાણે જ જમાઈની પણ અરેરાટીભરી વિદાય

પહેલાં સાસુની ચિતાની આગ અને હવે યુવાન જમાઈની અણધારી અને અત્યંત દર્દનાક વિદાયથી પરિવારજનો આઘાતમાં સરી પડ્યા છે. એક જ દિવસમાં પરિવારના બે સભ્યોની ચિતા સળગતા સમગ્ર પંથકમાં ભારે અરેરાટી અને ગમગીની વ્યાપી ગઈ છે. સરયુના કાંઠે છવાયેલો આ સન્નાટો મૃત્યુની એ અકલ્પનીય વાસ્તવિકતાનો અહેસાસ કરાવી રહ્યો છે, જ્યાં ખુશીઓ અને આંસુ બંને નદીના પ્રવાહમાં વહી ગયા.

# હિન્દીમાં મૌલિક પુસ્તક લેખન-અનુવાદને પ્રોત્સાહન અપાશે




## રાજભાષા ગૌરવ પુરસ્કાર યોજના'હેઠળ ૫ શ્રેણીમાં પુરસ્કાર આપવામાં આવશે : તકનીકી, વિજ્ઞાન, કાયદો, સંસ્કૃતિ અને ધરોહર જેવા વિષયો પર હિન્દી સાહિત્ય સમૃદ્ધ થશે

ગાંધીનગર, તા.૨૨

ભારત સરકારના ગૃહ મંત્રાલયના રાજભાષા વિભાગ દ્વારા સરકારી કામકાજમાં હિન્દી ભાષાના પ્રયોગને વેગ આપવા અને જ્ઞાન-વિજ્ઞાનના વિવિધ વિષયો પર હિન્દીમાં મૌલિક લેખનને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ્ય સાથે વર્ષ ૨૦૨૫-૨૬થી સંશોધિત રાજભાષા ગૌરવ પુરસ્કાર યોજના લાગુ કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત ભારતના નાગરિકો પાસેથી વિવિધ વિષયો પર હિન્દીમાં લખાયેલા મૌલિક પુસ્તકો તેમજ અન્ય ભારતીય ભાષાઓ/અંગ્રેજીમાંથી હિન્દીમાં કરાયેલા શ્રેષ્ઠ અનુવાદોની કૃતિઓ આવકાર્ય છે.

કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો, વિભાગો અને બેંકો વગેરેમાં તકનીકી, વિજ્ઞાન, કાયદો, સંસ્કૃતિ અને ધરોહર જેવા વિષયો પર હિન્દી પુસ્તકો વધુ ઉપલબ્ધ બને તથા આ વિષયો પર હિન્દી સાહિત્ય સમૃદ્ધ કરવા, બિન-હિન્દી ભાષી વિસ્તારોના લેખકોને પ્રોત્સાહિત કરવા અને ભારતીય ભાષાઓ વચ્ચે સમન્વય વધારવા માટે આ યોજના શરૂ કરાઈ છે.

આ યોજના હેઠળ મુખ્યત્વે નીચેની પાંચ શ્રેણીઓમાં પુરસ્કાર આપવામાં આવશેઃ (૧)વિજ્ઞાન અને તકનીકી ક્ષેત્ર (શ્રેણી 'ક')ઃ ઈજનેરી (Engineering), ઈલેક્ટ્રોનિક્સ, કમ્પ્યુટર વિજ્ઞાન, ભૌતિકશાસ્ત્ર, જીવવિજ્ઞાન, ઉર્જા, અવકાશ વિજ્ઞાન, તબીબી વિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, માહિતી તકનીકી, સંચાલન (Management), મનોવિજ્ઞાન તેમજ સમકાલીન વિષયો જેવા કે ઉદારીકરણ, વૈશ્વિકીકરણ, ગ્રાહકવાદ, માનવાધિકાર, પ્રદૂષણ અને પર્યાવરણ. (૨)કાયદો અને સુરક્ષા ક્ષેત્ર (શ્રેણી 'ખ')ઃ કાયદો (La), પોલીસ સંશોધન, ફોરેન્સિક સાયન્સ, ક્રિમિનોલોજી (અપરાધશાસ્ત્ર) અને પોલીસ વહીવટ(૩)સંસ્કૃતિ અને કળા ક્ષેત્ર (શ્રેણી 'ગ')ઃ સંસ્કૃતિ, ધર્મ, કળા અને ધરોહર (Heritage). 'ગ' ક્ષેત્રના લેખકો માટે વિશેષ પુરસ્કાર (૪)શ્રેણી '૧'ઃ પૂર્વોત્તરના ૮ રાજ્યો, ગુજરાત સિવાયના દક્ષિણ અને અન્ય રાજ્યો જેવા કે કેરળ, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, ગોવા, જમ્મુ-કાશ્મીર, ઓડિશા, પશ્ચિમ બંગાળ વગેરે ક્ષેત્રના લેખકો (જેમની માતૃભાષા હિન્દી નથી) દ્વારા લખાયેલા પુસ્તકો. (૫)અનુવાદિત પુસ્તકો માટે પુરસ્કાર (શ્રેણી ' ')ઃ અંગ્રેજી અથવા અન્ય માન્ય ભારતીય ભાષાઓમાંથી હિન્દીમાં અનુવાદિત કરાયેલા કાલજયી (Classics) સાહિત્ય, સંસ્કૃતિ, કળા અને ધરોહર સંબંધિત શ્રેષ્ઠ પુસ્તકોને પુરસ્કાર આપવામાં આવશે.

આ યોજના હેઠળ શ્રેણી 'ક' માટેઃ પ્રથમ પુરસ્કાર ₹૨,૦૦,૦૦૦/-, દ્વિતીય પુરસ્કાર ₹૧,૨૫,૦૦૦/-, તૃતીય પુરસ્કાર ₹૭૫,૦૦૦/- અને ₹૪૦,૦૦૦/- ના ત્રણ પ્રોત્સાહક પુરસ્કારો આપવામાં આવશે. શ્રેણી 'ખ', 'ગ', 'ઘ' અને ' ' માટેઃ દરેક શ્રેણીમાં પ્રથમ પુરસ્કાર ₹૧,૫૦,૦૦૦/-, દ્વિતીય પુરસ્કાર ₹૧,૦૦,૦૦૦/- અને ₹૪૦,૦૦૦/- ના બે પ્રોત્સાહક પુરસ્કારો, પ્રમાણપત્ર તેમજ સ્મૃતિચિહ્ન સાથે એનાયત કરાશે.

યોજનાનો લાભ લેવા માટે પુસ્તકના લેખક/સહ-લેખક અથવા અનુવાદક ભારતના નાગરિક હોવા અનિવાર્ય છે. પુસ્તક નિર્ધારિત વર્ષ દરમિયાન ૧ જાન્યુઆરીથી ૩૧ ડિસેમ્બર વચ્ચે પ્રકાશિત થયેલું હોવું જોઈએ અને તે ઓછામાં ઓછુ ૧૦૦ પૃષ્ઠનું હોવું જરૂરી છે. પુસ્તક આઈએસબીએન (ISBN) ધરાવતું હોવું જોઈએ. પુસ્તકની વિષયવસ્તુ સમીક્ષાત્મક અને વિશ્લેષણાત્મક હોવી જોઈએ. પીએચ.ડી.ના સંશોધન પત્રો, કવિતા, નવલકથા, વાર્તા, નાટક, આત્મકથા કે પાઠ્યપુસ્તકો આ યોજના માટે પાત્ર ગણાશે નહીં. અગાઉ કોઈપણ સરકારી સંસ્થા દ્વારા પુરસ્કૃત પુસ્તકો આ યોજનામાં ભાગ લઈ શકશે નહીં.

ઇચ્છુક લેખકો અને અનુવાદકોએ રાજભાષા વિભાગ દ્વારા નિર્ધારિત અરજી પત્રક (ફોર્મ) ભરીને પુસ્તકની ચાર નકલો સાથે નિયત સમયમર્યાદામાં રાજભાષા વિભાગને મોકલી આપવાની રહેશે. એક લેખક/અનુવાદક માત્ર એક જ પ્રવિષ્ટિ મોકલી શકે છે. વધુ વિગતો અને અરજી ફોર્મ રાજભાષા વિભાગની સત્તાવાર વેબસાઇટ પરથી મેળવી શકાશે.

# આણંદપર નવાગામની ૬૦ કરોડની જમીન પરથી દબાણ દૂર

## ૧૦૦ જેટલા રહેણાંક - કોમર્શિયલ દબાણોને કરાયા દૂર : ૩૫ જેટલા પાકા મકાનો અને ચાર કોમર્શિયલ દુકાનો પર ફર્યું બુલડોઝર



રાજકોટ, તા..૨૨

રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યને દબાણમુક્ત બનાવવા માટેના લક્ષ્યાંકને સિદ્ધ કરવા માટે હાલ દરેક સંભવત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે ત્યારે જે વિગતો મળી રહી છે તેને ધ્યાને લેતા ગઈકાલે રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ફરી એક વખત બુલડોઝર એક્શન લેવામાં આવ્યું હતું.

રાજકોટ તાલુકામાં આવેલા આણંદ પર નવા ગામની સરકારી જમીન ઉપર છેલ્લા ઘણા સમયથી ખડકાઈ ગયેલા પાકા અને કોમર્શિયલ દબાણોને દૂર કરવામાં આવ્યા હતા અને કરોડો રૂપિયાની કીમતી સરકારી જગ્યા ખુલી કરાવવામાં આવી હતી. અગાઉ વહીવટી વિભાગના અધિકારીઓ દ્વારા નોટીસો પણ પાઠવી દેવામાં આવી હતી જેથી સ્વયંભૂ દબાણ કરતાં તેમના દબાણો દૂર કરી શકે પરંતુ ગઈકાલ સુધી દબાણો દૂર ન થતા હાલ તંત્રએ બુલડોઝર ફેરવ્યું હોવાનું માલુમ પડ્યું છે.

રાજકોટ જિલ્લા કલેકટર સરકારી જમીન ઉપર ગેરકાયદે ઉભા કરેલા દબાણનો સર્વે કરી તાત્કાલિક અસરથી તેને દૂર કરવા માટેની કવાયત હાથ ધરી છે જે અંગેનો નિર્ણય કલેક્ટર દ્વારા કરવામાં આવેલો છે. સાતો સાત જિલ્લા કલેકટરે તમામ મામલતદારોને સૂચિત કર્યા છે કે તેમના અધિકાર ક્ષેત્રમાં આ પ્રકારના કોઈપણ દબાણો હોય તેની યાદી કરી તાકીદે દૂર કરવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો છે.આ સુચના અનુસંધાને રાજકોટ તાલુકા મામલતદાર દ્વારા આણંદપર નવાગામની સરકારી જમીન ઉપર ગેરકાયદેસર ખડકાઇ ગયેલા દબાણોનો સર્વે કરી જિલ્લા કલેક્ટરને રીપોર્ટ કર્યો હતો.

આ રીપોર્ટ બાદ જિલ્લા કલેક્ટરની સુચના મુજબ ગઈકાલે રાજકોટ તાલુકા મામલતદાર અને તેની ટીમ દ્વારા ચુસ્તપોલીસ બંદોબસ્ત સાથે દબાણો ઉપર બુલડોઝર ફેરવી દેવામાં આવેલ હતો. રાજકોટ તાલુકા મામલતદાર કચેરીના સુત્રોમાંથી મળતી વિગતો મુજબ રાજકોટની ભાગોળે આવેલા આણંદપર નવાગામની સર્વે નંબર ૨૦૭ પૈકીની અંદાજીત ૧૨ એકર જેટલી અને રુપિયા ૫૦ થી ૬૦ કરોડની કિંમતની જમીન ઉપર લાંબા સમયથી રહેણાંક અને કોમર્શિયલ સહિતના ૧૦૦ જેટલા દબાણો ખડકાઇ ગયેલા છે.

આ દબાણો પૈકી આણંદપર નવાગામના સર્વે નં. ૨૦૭ પૈકીની ૬૦૦૦ ચો.મી. જેટલી જમીન પરથી ૩૫ જેટલા પાકા મકાનો અને ચાર કોમર્શિયલ દુકાનો સહિતના દબાણો હટાવી દેવામાં આવ્યા હતા અને આજરોજ રુપિયા ૧૨ કરોડ જેટલી કિંમતની સરકારી જમીન ખુલ્લી કરાઇ દેવામાં આવી હતી. મામલતદાર કચેરીના સુત્રોના જણાવ્યા અનુસાર બાકી રહેલા દબાણો આવતીકાલ સુધીમાં હટાવી દેવામાં આવશે.

રાજકોટ તાલુકા મામલતદાર કચેરીના સુત્રો અનુસાર આણંદપર નવાગામની અંદાજીત ૫૦ થી ૬૦ કરોડની કિંમતની આ ૧૨ એકર જમીન ઉપર અંદાજે ૧૦૦ જેટલા રહેણાંક અને કોમર્શિયલના દબાણો લાંબા સમયથી ખડકાઇ ગયેલા હતા.હવે આ દબાણો ઉપર ગઈકાલે બુલડોઝર ફેરવવાનું શરુ કરી દેવાયું છે. આજે અંદાજે રુપિયા ૧૨ કરોડની કિંમતની જમીન ઉપરથી ૩૯ જેટલા દબાણો હટાવી દેવાયા હતા. જ્યારે બાકીના દબાણો આવતીકાલ સાંજ સુધીમાં હટાવી દેવાનું તંત્રનું આયોજન છે.

માત્ર રાજકોટ તાલુકામાં જ નહીં પરંતુ અન્ય તાલુકામાં પણ હાલ આ પ્રકારના અનેકવિધ દબાણો ખડકેલા હોવાનું માલુમ પડ્યું છે જેનું સમયાંતરે ડીમોલિશન હાથ ધરવામાં આવશે અને ખાસ વિવિધ મામલતદારો દ્વારા રિપોર્ટ પણ તૈયાર કરવામાં આવી રહ્યો છે અને સમયાંતરે સરકારી જમીન પર જે દબાણો ખડકેલા હોય તેને દૂર કરવા માટેની કવાયત હાથ ધરાશે તેવું વહીવટી વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું.



# પ્રથમ આધાર સેવા કેન્દ્ર લોકો માટે મુકાયુ ખુલ્લુ

## શહેરમાં પેટ્રોલ તથા ડીઝલની અછત હોવાનું સાંસદ રૂપાલાએ સ્વીકાર્યું, રાજ્ય સરકાર સાથે વાર્તાલાપ ચાલુ હોવાનું રટણ રટ્યું

રાજકોટ, તા. ૨૨

રાજ્ય સરકાર માળખાગત સુવિધાઓનો વિકાસ કરવા માટે દરેક સંભવત પગલાં લઈ રહ્યું છે ત્યારે રાજ્ય સરકારે અને કેન્દ્ર સરકારના સંયુક્ત ઉપક્રમે રાજકોટમાં સૌપ્રથમ વખત અને ગુજરાતમાં ત્રીજા આધાર કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો છે જેનું લોકાર્પણ સાંસદ પરસોત્તમ રૂપાલા દ્વારા કરવામાં આવ્યું હતું. તેઓએ આ જ આધાર કેન્દ્ર પર પોતાનું બાયોમેટ્રિક અપડેટ કરાવ્યું હતું. વૈશ્વિક કટોકટી ના સમયમાં હાલ લોકો પેટ્રોલ અને ડીઝલના પ્રશ્નથી હેરાન થઈ રહ્યા છે તે અંગે પણ સાંસદ રૂપાલા એસવી કૃતિ આપી હતી અને રાજ્ય સરકાર સાથે પરામર્શ ચાલુ હોવાનું જણાવ્યું હતું.

રાજકોટ શહેરમાં પ્રથમ આધાર સેવા કેન્દ્રના લોકાર્પણ પ્રસંગે, લોકસભાના સાંસદ પરસોતમ રૂપાલા જણાવ્યું હતું કે, રાજકોટમાં આધાર સંબંધીત લોકોના કોઈ પ્રશ્નો હોય તો તે ઘર આંગણે જ મળી રહે તે માટે આધાર સેવા કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ભારત સરકાર દ્વારા આ પ્રકારની સેવાઓનું વિસ્તરણ સામાન્ય નાગરિકો સુધી પહોંચે તે માટે આધાર કાર્ડની જરૂરિયાત થઈ ગઈ છે. આધાર કાર્ડ નાગરિકોને રોજબરોજના કામકાજમાં ઉપયોગમાં આવતું થઈ ગયું છે. જેમાં આધારકાર્ડ નવું બનાવવા, નવું બનાવવા તેમજ અન્ય કોઈ અપગ્રેડેશન કરવા માટેના પ્રશ્નો અંગે હવે આ કેન્દ્રના માધ્યમથી શરૂ થઈ શકશે તેવી સુવિધા રાજકોટને આપવા માટે ભારત સરકારનો આભાર વ્યક્ત કરું છું.

રાજ્યમાં આ પ્રકારનું ત્રીજું કેન્દ્ર શરૂ થઈ રહ્યું છે. આ સાથે જ આધારકાર્ડ કેન્દ્રના અધિકારીઓ અને કર્મચારીઓને વિનંતી કરું છું કે લોકોના પ્રશ્નોને સમજી તેને ઉકેલવામાં મદદરૂપ થાય. ડીઝલની અછત અંગે તેમણે જણાવ્યું કે બહારથી આવતા મુસાફરો પેટ્રોલ અને ડીઝલના અભાવે અટકી પડ્યા હતા. ને જિલ્લાના અધિકારીઓ સાથે પરામર્શ કરીને વિગતો લીધી છે. શહેરના ઢેબર રોડ ઉપર શ્રમજીવી કોમ્યુનિટી હોલની બાજુમાં પ્રગતિ પ્લાઝા ખાતે આમ આધાર સેવા કેન્દ્રનો પ્રારંભ થયો છે. જે દરરોજ ચાલુ રહેશે એટલે કે સોમવારથી રવિવાર સુધી કાર્યરત રહેશે. જેમાં એક પણ દિવસની રજા નહીં હોય. આ કેન્દ્ર દરરોજ સવારે ૯.૩૦ થી સાંજે ૫.૩૦ વાગ્યા સુધી કાર્યરત રહેશે. જેમાં બપોરે ૧.૩૦ થી ૨ વાગ્યા સુધી રિશેષ રહેશે. હાલ આધાર કાર્ડની કામગીરીને લઈને લોકોને ઘણા ખરા પ્રશ્નો સતાવી રહ્યા છે અને તેમની આ સ્થિતિને ધ્યાને લઈને હાલ સરકાર દ્વારા યોગ્ય પગલા લેવામાં આવ્યા હોવાનું માલુમ પડ્યું છે.

### પ્રભારી અરવિંદભાઈ રૈયાણીની ઉપસ્થિતિમાં નામોની જાહેરાત આવતીકાલે બેઠક

# જુનાગઢ જિલ્લા પંચાયતના પ્રમુખ પદે લીનાબેન કાવાણી



ઉપપ્રમુખ પદે જેઠાભાઈ ચુડાસમા, સ્ટેન્ડિંગ ચેરમેન પદે રતિભાઈ લાડાણી, શાસક પક્ષ નેતા સોનલબેન દિવરાણીયા અને દંડક તરીકે નિમુબેન ચૌહાણની વરણી

રાજકોટ, તા. ૨૨

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા બાદ હોદ્દેદારોના નામોની વરણી જે સમય મુજબ થવી જોઈએ તે થઈ શકી ન હતી ત્યારે આજથી જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતના હોદ્દેદારોની વરણી શરૂ કરી દેવામાં આવી છે જેમાં જૂનગઢ જિલ્લા પંચાયત તથા ભુજ તાલુકા પંચાયતને હોદ્દેદારો નીમાયા છે અને સત્તાવાર જાહેરાત આવતીકાલે બેઠકમાં કરાશે.

જૂનાગઢ જિલ્લા પંચાયતના નવા હોદ્દેદારોની જાહેરાત કરવામાં આવી છે, જેમાં ભાજપના ચૂંટાયેલા સભ્યોમાંથી વિવિધ જવાબદારીઓ સોંપવામાં આવી છે. જૂનાગઢ જિલ્લા પંચાયતની કુલ ૩૦ બેઠકોમાંથી ભાજપે ૨૩ બેઠકો પર વિજય મેળવી સ્પષ્ટ બહુમતી પ્રાપ્ત કરી છે, જ્યારે આમ આદમી પાર્ટીને ૭ બેઠકો મળી છે. જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે પ્રભારી અરવિંદભાઈ રૈયાણીની ઉપસ્થિતિમાં મળેલી બેઠકમાં પદાધિકારીઓના નામ પર મહોર મારવામાં આવી હતી. આ બેઠકમાં સ્થાનિક ધારાસભ્યો અને તમામ ચૂંટાયેલા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. નવી નિમણૂકો મુજબ લીનાબેન વિપુલભાઈ કાવાણીની જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે.

આ ઉપરાંત જેઠાભાઈ ચુડાસમાને ઉપપ્રમુખ તરીકે, રતિભાઈ લાડાણીને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે, સોનલબેન મહેશભાઈ દિવરાણીયાને શાસક પક્ષના નેતા તરીકે અને નિમુબેન રામસિંહભાઈ ચૌહાણને દંડક તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. આવતીકાલે જિલ્લા પંચાયત ખાતે સત્તાવાર રીતે આ હોદ્દેદારોની નિમણૂકની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે.

### ભુજ તાલુકા પંચાયતના પ્રમુખ પદે લક્ષ્મીબેન ખેતાણી

કચ્છની સૌથી મહત્વની ગણાતી ભુજ તાલુકા પંચાયત માટે પક્ષ દ્વારા પ્રમુખ સહિતના મુખ્ય પાંચ હોદ્દેદારોના નામોની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ભુજ તાલુકા પંચાયતના સર્વોચ્ચ પ્રમુખ પદ માટે લક્ષ્મીબેન ખેતાણીના નામની જાહેરાત કરવામાં આવી છે. જ્યારે ઉપપ્રમુખ તરીકે રાધાબેન આહીરની પસંદગી કરવામાં આવી છે. પંચાયતની મુખ્ય ગણાતી કારોબારી સમિતિના ચેરમેન પદે કુલદીપસિંહ ચૌહાણના નામ પર મહોર મારવામાં આવી છે. તો બીજી તરફ શાસક પક્ષના નેતા તરીકે ભરત રાઠોડની નિયુક્તિ કરાઈ છે. પક્ષના શિસ્ત સભર સંચાલન માટે દંડક તરીકે મોંઘીબેન રબારીની પસંદગી કરવામાં આવી છે.

# રવિવારે UPSCની પ્રિલિમિનરી પરીક્ષા




૯ પરીક્ષા કેન્દ્રો પર ૨૪૩૭ પરીક્ષાર્થીઓ આપશે કસોટી

રાજકોટ, તા. ૨૨

સિવિલ સર્વિસમાં યુવા વર્ગ આવવા માટે સખત પરિશ્રમ અને મહેનત કરી રહ્યું છે ત્યારે સમયાંતરે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન દ્વારા વિવિધ પરીક્ષાઓ લેવામાં આવતી હોય છે આ પરીક્ષા અત્યંત કઠિન હોવાના કારણે હાલ અનેકવિધ રીતે સુરક્ષાના ભાગરૂપે વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ પણ હાથ ધરવામાં આવે છે. ત્યારે આવતીકાલે રાજકોટ ખાતે યુપીએસસી દ્વારા સિવિલ સર્વિસની પ્રિલિમિનરી પરીક્ષા સમગ્ર દેશભરમાં યોજાશે. હાલ આ માટે વહીવટી તંત્ર દ્વારા તમામ જરૂરી વ્યવસ્થાઓ પૂર્ણ કરી લેવામાં આવી છે અને પરીક્ષાર્થીઓને કોઈપણ પ્રકારની તકલીફનો સામનો ન કરવો પડે તે માટેની વિશેષ વ્યવસ્થા પણ ઊભી કરાશે. હાલ ગરમીના માહોલ વચ્ચે પરીક્ષાર્થીઓને કોઈપણ પ્રકારની હેરાનગતિ કે તકલીફ નો સામનો ન કરવો પડે તે માટેની ખાસ વ્યવસ્થા ઊભી કરવામાં આવી હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું હતું.

યુનિયન પબ્લીક સર્વિસ કમિશન (યુપીએસસી) દ્વારા ૨૪ને રવિવારે સિવિલ સર્વિસ (આઈએએસ-આઈપીએસ)ની પ્રીલીમીનરી પરીક્ષા દેશભરના નિયત કરાયેલા સેન્ટરો પરથી લેવામાં આવનાર છે. રાજકોટમાં આ પરીક્ષા શાંતિપૂર્ણ લેવાય તે માટે જિલ્લા કલેકટર ડો. ઓમપ્રકાશના માર્ગદર્શન હેઠળ તૈયારીઓને આખરીઓપ આપી દેવામાં આવેલ છે. રાજકોટમાં ૧૨મી વખત સિવીલ સર્વીસની આ પરીક્ષા લેવામાં આવનાર છે. જે નવ જેટલા પરીક્ષા કેન્દ્રો પરથી લેવામાં આવશે ૨૪૩૭ જેટલા ઉમેદવારો આ પરીક્ષા આપનાર છે.

રાજકોટના આઈપી મીશન, સૌ.યુનિ. અને કણસાગરા કોલેજ સહિતની કુલ ૯ શૈક્ષણિક સંસ્થાઓમાં પરીક્ષાના સેન્ટરો ફાળવવામાં આવ્યા છે. પરીક્ષાની પારદર્શીતા જળવાઈ રહે તે માટે દિલ્હી ખાતેથી બે ઉચ્ચ અધિકારીઓ નિરીક્ષણ માટે રાજકોટ આવશે. તમામ પરીક્ષા કેન્દ્રો અને વર્ગખંડોને સીસીટીવી કેમેરાથી સજ્જ કરવામાં આવ્યા છે. સ્થાનિક વહીવટી તંત્ર ઉપરાંત કેન્દ્રીય નિરીક્ષકો દ્વારા સતત મોનીટરીંગ કરવામાં આવશે. બેઠક વ્યવસ્થા, પાણી અને અન્ય પ્રાથમિક સુવિધાઓ અંગે અત્યારથી જ સૂચનાઓ આપી દેવામાં આવી છે.

# ચાંદી પ્રકરણે કાર્ગો એજન્ટ SGST સમક્ષ રજુ




## વારાણસીથી મોકલનાર ૫ પેઢીના બિલ રજુ : તપાસનો ધમધમાટ તેજ

રાજકોટ, તા. ૨૨

ગત સપ્તાહમાં સ્ટેટ જીએસટી ની સાથોસાથ સેન્ટ્રલ આઈબીના ઇનપુટ થી આશરે ૫૦૦ કિલો ચાંદી પકડવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦ કિલો ચાંદી અમદાવાદ થી રાજકોટ બસ મારફતે જ્યારે ૪૦૦ કિલો ચાંદી કાર્ગો મારફતે રાજકોટમાં ઘુસાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સેન્ટ્રલ એજન્સીની ચોક્કસ બાદમીના આધારે દાળ ચોરી અટકાવવામાં આવી હતી. પ્રાથમિક તપાસમા એ વાત સામે આવી કે હાલ આ તમામ ચાંદીની તપાસ સ્ટેટ જીએસટીને સોંપી દેવામાં આવી છે અને કિસ કરેલું ચાંદી પણ સ્ટેજ જીએસટીને સોંપી દેવાયું છે.

સપ્તાહ અગાઉ રાજકોટ હિરાસર એરપોર્ટ ઉપરથી પકડાયેલ ૫ કરોડની ચાંદીના પ્રકરણમાં જી.એસ.ટી.એ ઝુકાવ્યા બાદ તપાસનો ધમધમાટ તેજ બન્યો છે. કાર્ગો મારફતે રાજકોટ એરપોર્ટે ચાંદી લાવનાર કાર્ગોના એજન્ટને જી.એસ.ટી. રાજકોટ વિભાગે, નોટીસ આપી ચાંદી મોકલનાર વારાણસીની પાંચ પેઢીના વેપારીઓનાં જરૂરી તમામ ડોકયુમેન્ટ સાથે હાજર થવા આદેશ કર્યો હતો. આ આદેશના પગલે કાર્ગો એજન્ટ રાજકોટ જી.એસ.ટી. તંત્ર સમક્ષ વારાણસીની પાંચ પેઢીનાં ખરીદ-વેચાણનાં બીલો સહિતના જરૂરી ડોકયુમેન્ટ સાથે હાજર થયા હતા.

આ અંગે રાજકોટ જીએસટી વિભાગની અન્વેષણ વિંગના ડે.કમિશનર એ.આર. જનકાંતનો સંપર્ક સાધતા તેઓએ જણાવેલ હતું કે કાર્ગો એજન્ટે માલ મોકલનાર યુ.પી.ની પાંચ પેઢીના બીલો સહિતના આધાર-પૂરાવા તંત્ર સમક્ષ રજૂ કર્યા છે. અને રાજકોટથી ચાંદી મંગાવનાર ૮ વેપારીઓની ડિટેઈલ પણ રજૂ કરી છે અને હવે તંત્ર દ્વારા ખરીદ-વેચાણનાં તમામ ડોકયુમેન્ટની ચકાસણી કરી ક્રોસ વેરીફિકેશન કરવામાં આવી રહ્યું છે.તેમજ આ ચાંદી પ્રકરણમાં રાજકોટ વિભાગે યુ.પી.નાં જીએસટી તંત્રને પણ પત્ર પાઠવી જાણકારી અપાઈ છે ત્યારે યુ.પી.ના તંત્ર દ્વારા પણ શું જવાબ આવે છે? તેના આધારે આગળની તપાસ હાથ ધરવામાં આવશે.

તટસ્થ તપાસના અંતે એ વાત તો સ્પષ્ટ છે કે અનેક મોટા ખુલાસાઓ થઈ શકશે કારણ કે ૪૦૦ કિલો ચાંદીમાંથી ૧૮૧ કિલો ચાંદી બિન હિસાબી હોવાનું માલુમ પડ્યું હતું ત્યારે આવનારા દિવસોમાં ખાસ આ બાબતો પર ગંભીરતા દાખવવામાં આવશે અને આવનારા દિવસોમાં હજુ પણ સેન્ટ્રલ એજન્સી દ્વારા વિવિધ પગલાંઓ પણ લેવામાં આવે તેવી હાલ સંભાવના વ્યક્ત કરાઈ છે. આવકવેરા વિભાગને પણ તપાસમાં જોડવામાં આવે તેવી વાતો થઈ હતી પરંતુ સત્ય હકીકત શું છે તે અંગે હજી કોઈ સ્પષ્ટતા થઈ નથી. સ્ટેટ જીએસટીના સૂત્રોના જણાવ્યા અનુસાર આવનારા દિવસોમાં અનેકવિધ ખુલાસાઓ થાય તેવી પ્રબળ શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે અને હાલ સ્ટેટ જીએસટી આ મુદ્દા ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરીને કામગીરી હાથ ધરી રહી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર ૨૦૨૪ માં પણ વાઘ બારસતા દિવસે રાજકોટ સ્ટેટ જીએસટી ને ખૂબ મોટી સફળતા મળી હતી પરંતુ પોલિટિકલ ઈન્ટરફિયર્સના કારણે જે આંકડો સામે આવો જોઈએ તે આવ્યો ન હતો. ત્યારે આ કિસ્સામાં પણ હાલ રાજકીય દબાણ આવ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

# મોંઘા ગોલા, ગંદી સામગ્રી

## મોંઘા ગોલા,તગડા નફા,પણ જીવાતવાળી બદામનો ઉપયોગ



ફૂડ સેફ્ટી સામે મોટો સવાલ સર્જાયો છે.રાજકોટ શહેરમાંથી તાજેતરમાં  જીવાતવાળો બે ટન સૂકો મેવો ઝડપાયો છે.આ ઘટનાએ ભારે ચકચાર જગાવી છે. આ જથ્થામાં અતિ પૌષ્ટિક ગણાતી બદામનો  હતી. તપાસમાં બહાર આવ્યું છે કે આ સડેલી બદામનો ઉપયોગ ગોલાવાળા, આઈસ્ક્રીમવાળા અને મીઠાઈવાળા કરતા હતા.

બજારમાં સૂકા મેવા યુક્ત ખાદ્ય સામગ્રીને ખૂબ જ હેલ્ધી અને પ્રીમિયમ ગણવામાં આવે છે. લોકો તેના માટે ઊંચી કિંમત ચૂકવતા અચકાતા નથી. પરંતુ આ દરોડાએ વાસ્તવિકતા ખુલ્લી પાડી દીધી છે.

રાજકોટમાં ૧૦૦ રૂપિયાથી શરૂ કરીને ૭૦૦ રૂપિયા સુધીના મોંઘા ગોલા વેચાઈ રહ્યા છે. આ ગોલામાં મુખ્ય સામગ્રી માત્ર બરફનો છોલ જ હોય છે. તેમાં આકર્ષણ ઊભું કરવા માટે કલરવાળી ચાસણી, એસેન્સ, મલાઈ અને સૂકો મેવો ઉમેરવામાં આવે છે. સામાન્ય બરફ પર થોડું ડેકોરેશન કરીને વેપારીઓ તગડો નફો કમાઈ રહ્યા છે. તોતીંગ કિંમતો વસૂલવા છતાં ગ્રાહકોને અતિ હલકી ગુણવત્તાની સામગ્રી પીરસવામાં આવી રહી છે.

જીવાતવાળા સૂકા મેવાની સાથે મલાઈના નામે કઈ વસ્તુઓ વપરાતી હશે તે મોટો પ્રશ્ન છે. હેલ્ધી અને ટેસ્ટી ફૂડના નામે લોકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં થઈ રહ્યા છે.

આ સમગ્ર કૌભાંડમાં ફૂડ વિભાગની કામગીરી શંકાના ઘેરામાં આવી ગઈ છે. તંત્ર માત્ર તહેવારો પૂરતું જ જાગે છે તેવું સ્પષ્ટ દેખાય છે. હવે સરકારી તંત્રના ભરોસે બેસી રહેવાને બદલે જનતાએ પોતે જ જાગૃત થવાની જરૂર છે. સોશિયલ મીડિયાના ટ્રેન્ડ અને દેખાદેખીના નામે આવી મોંઘી કિંમતો ચૂકવવાનું બંધ કરવું પડશે. હોટલ કે લારી પર સૂકા મેવા યુક્ત મીઠાઈ અને આઈસ્ક્રીમ ખાતા પહેલાં સો વાર વિચાર કરવો પડશે.

અલબત્ત, બજારના દરેક વેપારી ખોટા કે નાલાયક હોતા નથી. ઘણા લોકો ખૂબ જ ઈમાનદારીથી ધંધો કરે છે. પરંતુ આવા નફાખોરોને કારણે આખી બજાર બદનામ થાય છે. ગ્રાહક તરીકે હવે કોઈ પણ ખાદ્ય પદાર્થ પર આંધળો વિશ્વાસ કરવાને બદલે ગુણવત્તાની પૂરેપૂરી ચકાસણી કરવી અનિવાર્ય બની ગઈ છે. જાગૃતિ જ સ્વાસ્થ્યની ખરી ચાવી છે.

# કોકરોચ જનતા પાર્ટીએ ઈન્ટરનેટ પર મચાવી ધૂમ

## ડિજિટલ પ્લેટફોર્મ પર બનાવેલ વ્યંગાત્મક સંગઠન કોકરોચ જનતા પાર્ટી ગયા અઠવાડિયે અસ્તિત્વમાં આવી

નવીદિલ્હી, તા. ૨૨

કોકરોચ જનતા પાર્ટી હાલમાં સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહી છે. તેના ફોલોઅર્સ સતત વધી રહ્યા છે. પાર્ટીના ઇન્સ્ટાગ્રામ ફોલોઅર્સ ૨૦ મિલિયન સુધી પહોંચી ગયા છે. ડ પર તેનું એકાઉન્ટ ગઈકાલે, ગુરુવારે સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું, પરંતુ તેના થોડા સમય પછી એક નવું હેન્ડલ બનાવવામાં આવ્યું હતું જેમાં કોકરોચ મરતા નથી, કોકરોચ પાછો આવ્યો છે. ટેગલાઇન સાથે યુવાનો અને રાજકીય પક્ષોમાં નોંધપાત્ર ચર્ચા થઈ છે.




ડિજિટલ પ્લેટફોર્મ પર રચાયેલી વ્યંગાત્મક સંસ્થા કોકરોચ જનતા પાર્ટી ગયા અઠવાડિયે અસ્તિત્વમાં આવી હતી. તેની સ્થાપના અભિજીત દિપક દ્વારા કરવામાં આવી હતી, જે પોતે વારંવાર સમાચારમાં રહે છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યકાંતે એક વકીલને ઠપકો આપતી વખતે પરોપજીવી અને કોકરોચ જેવા શબ્દોનો ઉપયોગ કર્યો હતો, જેનાથી સોશિયલ મીડિયા પર વિવાદ થયો હતો અને આ એકાઉન્ટને જન્મ આપ્યો હતો. જોકે, CJI એ પાછળથી કહ્યું કે તેમના નિવેદનને વિકૃત કરવામાં આવ્યું છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા શશી થરૂરે કહ્યું, નસ્ત્રકોકરોચ જનતા પાર્ટીના વધતા પ્રભાવથી હું ખૂબ જ આઘાત પામ્યો છું, જેણે માત્ર ૫ દિવસમાં Instagram પર ૧૫ મિલિયનથી વધુ ફોલોઅર્સ મેળવ્યા છે. તેમણે ઉમેર્યું, હું યુવાનોના ગુસ્સાને સમજું છું અને શા માટે તેઓ તેની સાથે જોડાઈ શકે છે. બરાબર આ કારણોસર, ડ પર આ એકાઉન્ટને બ્લોક કરવું એ એક મોટી ભૂલ અને ખૂબ જ મૂર્ખતાપૂર્ણ પગલું છે.શિવસેનાના નેતા પ્રિયંકા ચતુર્વેદીએ કહ્યું કે CJP દ્વારા યુવા પેઢીની કલ્પનાશક્તિને કબજે કરવી એ મોટાભાગના વર્તમાન વિપક્ષી પક્ષોમાં તેમની આશા ગુમાવવાનું દુઃખદ પ્રતિબિંબ છે. ભૂતપૂર્વ સાંસદે ડ વિશે કહ્યું, સોશિયલ મીડિયા પર CJI ની છબીએ જનરલ ણ ની કલ્પનાશક્તિને સંપૂર્ણપણે કબજે કરી લીધી છે, જે દુઃખદ પુરાવો છે કે તેઓ મોટાભાગના વર્તમાન વિપક્ષી પક્ષોમાં આશા ગુમાવી રહ્યા છે.

ભારતીય રાષ્ટ્રીય લોક દળના યુવા ધારાસભ્ય અર્જુન સિંહ ચૌટાલાએ કોકરોચ જનતા પાર્ટીના ઉભરતા વલણ પર બોલતા કહ્યું, નસ્ત્રછેલ્લા ઘણા દિવસોથી, અમે દેશની અંદર થઈ રહેલી પ્રવૃત્તિઓનું અવલોકન કરી રહ્યા છીએ. અમે એક એવી પેઢીમાંથી આવીએ છીએ જેને આજકાલ કોકરોચ અને આળસુ કહેવામાં આવી રહ્યું છે. CJI કહી રહ્યા છે કે આ પેઢી નકામી છે. આ પેઢીએ શું કર્યું છે? આ પેઢીએ ફક્ત પ્રશ્ન કર્યો છે. પ્રશ્ન કરવાનો અધિકાર માંગવામાં આવેલ અધિકાર નથી, પરંતુ આપણા બંધારણમાં તેની ખાતરી આપવામાં આવી છે. દરમિયાન, આ પાર્ટી અંગે, કોંગ્રેસના નેતા દીપેન્દ્ર સિંહ હુડ્ડાએ કહ્યું, મેં સાંભળ્યું છે કે તેમના ડ એકાઉન્ટ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. નોટબંધી અને વોટ પ્રતિબંધ પછી, ભાજપે હવે કોકરોચ પ્રતિબંધ લાગુ કર્યો છે. જો કોઈ સોશિયલ મીડિયા પર તમારા વિશે આ રીતે ખરાબ બોલે છે, તો તમે તેમનું એકાઉન્ટ બંધ કરી દો છો. તેમણે કહ્યું, લોકશાહીમાં આ બિલકુલ ખોટું છે, પરંતુ આ રીતે જ થાય છે. મારું માનવું છે કે આ આંદોલન યુવાનો, તેમના ઊંડા ગુસ્સા અને ભાજપ દ્વારા બનાવેલી ખામીયુક્ત વ્યવસ્થાનું પ્રતિબિંબ છે જેણે શાસનના માળખાને સંપૂર્ણપણે બરબાદ કરી દીધું છે.

# ૧૧ મહિના પછી મળી કેબિનેટની બેઠક

## વિકસિત ભારતના સહિયારા સ્વપનને સાકાર કરવા માટે સુધારાઓ સાથે આગળ વધવાની તાકીદ

નવીદિલ્હી, તા. ૨૨

ગુરુવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મંત્રી પરિષદની બેઠકનું નેતૃત્વ કર્યું.

આ બેઠક ૧૧ મહિના પછી થઈ. પીએમ મોદીએ પોતે ડ પર શું ચર્ચા થઈ તેની માહિતી પોસ્ટ કરી. તેમણે જણાવ્યું કે તેમણે પવિકસિત ભારતથ ના આપણા સહિયારા સ્વપનને સાકાર કરવા માટે સુધારાઓને કેવી રીતે આગળ વધારવા તે અંગે ચર્ચા કરી. પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું કે મંત્રી પરિષદ સાથે તેમની ફળદાયી બેઠક થઈ, જેમાં તેમણે જીવન સુધારવા અને વ્યવસાય કરવાની સરળતાને પ્રોત્સાહન આપવા માટે શ્રેષ્ઠ પ્રથાઓ પર ચર્ચા અને વિચારોનું આદાન-પ્રદાન કર્યું. મોદીએ એમ પણ કહ્યું કે બેઠકમાં વિકસિત ભારતના સહિયારા સ્વપનને સાકાર કરવા માટે સુધારાઓને કેવી રીતે આગળ વધારવા તે અંગે પણ ચર્ચા થઈ.



મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ પર લખ્યું. ગઈકાલે, મંત્રી પરિષદે ફળદાયી બેઠક યોજી. અમે જીવન સુધારવા અને વ્યવસાય કરવાની સરળતાને પ્રોત્સાહન આપવા અને વિકસિત ભારતના આપણા સહિયારા સ્વપનને સાકાર કરવા માટે સુધારાઓને આગળ વધારવા માટેના વિચારો અને શ્રેષ્ઠ પ્રથાઓની ચર્ચા કરી. લગભગ ચાર કલાક ચાલેલી આ બેઠકમાં બધા કેબિનેટ મંત્રીઓ, સ્વતંત્ર હવાલો ધરાવતા રાજ્યમંત્રીઓ અને રાજ્યમંત્રીઓ હાજર રહ્યા. આ વર્ષે મંત્રી પરિષદની આ પહેલી બેઠક હતી. પ્રધાનમંત્રીએ અગાઉ જણાવ્યું હતું કે તેમની સરકારના સુધારાઓથી પ્રણાલીગત ફેરફારો થયા છે અને નાગરિકોને નોંધપાત્ર ફાયદો થયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રધાનમંત્રીએ તેમના મંત્રી પરિષદને ૨૦૪૭ સુધીમાં ભારતને સંપૂર્ણ વિકસિત રાષ્ટ્ર બનાવવાનું લક્ષ્ય રાખવા કહ્યું. તેમણે મંત્રીઓને કહ્યું કે તેમનો ઉદ્દેશ હંમેશા લોકોના જીવનને વધુ સુવિધાજનક અને સરળ બનાવવાનો હોવો જોઈએ.

સૂત્રોના જણાવ્યા અનુસાર, મોદીએ કહ્યું કે લોકોના જીવનમાં કોઈ દખલ ન થવી જોઈએ. સૂત્રોએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીએ મંત્રીઓને સરકારના કલ્યાણકારી કાર્યક્રમોનો મહત્તમ લાભ લોકોને મળે તે સુનિશ્ચિત કરવા માટે દરેક શક્ય પગલાં લેવા કહ્યું. પીએમ મોદીએ કહ્યું કે આ સમય ભૂતકાળની સિદ્ધિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો નહીં, આગળ જોવાનો છે.

તેમણે કહ્યું કે સરકાર ૨૦૧૪ થી સત્તામાં છે, અને ૨૦૨૬ માં, ભવિષ્યના લક્ષ્યો અને સિદ્ધિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમણે મંત્રીઓને શાસન અને યોજનાઓના અસરકારક અમલીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવાની સલાહ આપી. પ્રધાનમંત્રીએ એ પણ ભાર મૂક્યો કે સરકારી કામમાં કોઈ વિલંબ ન થવો જોઈએ.

# ભારત-બાંગ્લાદેશ સરહદ પર સુરક્ષા મજબૂત

## ફેન્સીંગનું કામ ઝડપી બનાવવા પગલું : વાડ માટે BSFને જમીન સોંપવાની પ્રક્રિયા ઝડપી બનાવી



નવીદિલ્હી, તા. ૨૨

ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની આંતરરાષ્ટ્રીય સરહદ પર સુરક્ષા મજબૂત કરવા માટે એક મોટું પગલું લેવામાં આવ્યું છે. પશ્ચિમ બંગાળમાં ભારત-બાંગ્લાદેશ સરહદના સંવેદનશીલ અને ખુલ્લા ભાગોમાં સરહદ સુરક્ષા દળે યુદ્ધના ધોરણે વાડ કરવાનું શરૂ કર્યું છે, જે વર્ષોથી મોટો સુરક્ષા પડકાર હતો. રાજ્યમાં તાજેતરના રાજકીય પરિવર્તન અને નવી ભાજપ સરકારની રચના બાદ, ઘણા વર્ષોથી પડતર જમીન સંપાદનના કેસોએ વેગ પકડ્યો છે. રાજ્ય સરકારે તત્પરતા દાખવી છે અને વાડ માટે BSFને જમીન સોંપવાની પ્રક્રિયા ઝડપી બનાવી છે. BSFના વરિષ્ઠ અધિકારીઓએ ઉત્તર ૨૪ પરગણા અને અન્ય સરહદી જિલ્લાઓમાં પચક્રબંધથ જેવા વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ વિસ્તારોની મુલાકાત લીધી હતી. આ દરમિયાન, અધિકારીઓએ સ્થાનિક ગ્રામજનો અને વહીવટીતંત્ર સાથે જમીનનું સંયુક્ત નિરીક્ષણ કર્યું હતું.

BSFના એક વરિષ્ઠ અધિકારીએ મીડિયાને જણાવ્યું હતું કે જમીન સોંપવાની પ્રક્રિયા હવે સરળતાથી આગળ વધી રહી છે. ટૂંક સમયમાં, લગભગ ૨૭ કિલોમીટર સુધી ફેલાયેલા મોટા અને અત્યંત સંવેદનશીલ ભાગ સહિત જમીનના ઘણા અન્ય ભાગો BSFને સોંપવામાં આવશે. વહીવટીતંત્ર અને સ્થાનિક લોકોનો સહયોગ આ કાર્યને ઝડપથી પૂર્ણ કરવામાં મદદરૂપ સાબિત થઈ રહ્યો છે. ભારત-બાંગ્લાદેશ સરહદની કુલ લંબાઈ ૨,૨૧૬ કિલોમીટર છે, જેમાંથી આશરે ૫૬૯ કિલોમીટર વાડ વગરની છે. આ ખુલ્લો વિસ્તાર ઘૂસણખોરી, પશુઓની તસ્કરી, નકલી ચલણ અને ડ્રગ્સની હેરફેર જેવી ઘટનાઓમાં ફાળો આપે છે, અને આ ખુલ્લી સરહદ ઇજ્ઞ્ક્ષ અને સુરક્ષા દળો માટે એક મોટો પડકાર છે.

BSF ના જણાવ્યા મુજબ, આ વાડ પૂર્ણ થવાથી સરહદ પર ઘૂસણખોરી અને માનવ તસ્કરી સંપૂર્ણપણે બંધ થશે, પરંતુ પશુઓ અને ગેરકાયદેસર વસ્તુઓની તસ્કરીને પણ અસરકારક રીતે કાબુમાં લેવામાં આવશે. અત્યાધુનિક વાડની સાથે, સમગ્ર કોરિડોરમાં ફ્લડલાઇટ્સ, એન્ટી-કટ સેન્સર્સ અને નાઇટ-વિઝન કેમેરાથી સજ્જ સ્માર્ટ વાડ સિસ્ટમ પણ સ્થાપિત કરવામાં આવી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, નદી અથવા ભેજવાળી જમીનને કારણે જ્યાં ભૌતિક વાડ શક્ય નથી, ત્યાં નસ્ત્રટેકનિકલ વાડનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આમાં પાણીની અંદર સેન્સર અને થર્મલ ઈમેજર્સનો સમાવેશ થાય છે, જે ખાતરી કરે છે કે સર્વેલન્સ સિસ્ટમમાં એક ઇંચ પણ બ્લાઇન્ડ સ્પોટ નથી. કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને રાજ્ય સરકાર વચ્ચે સુધારેલા સંકલનને કારણે, એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આ મિશનનો પ્રથમ તબક્કો આગામી થોડા મહિનામાં પૂર્ણ થશે, જે દેશની પૂર્વ સરહદની સંપૂર્ણ સુરક્ષા સુનિશ્ચિત કરશે.

# શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

## માનસ રત્નાવલી (ભાગ ૭)

### તુલસી અને રત્નાવલી નાં સંગમ અને વિયોગ બંનેનું કારણ યમુનાજીનો પ્રવાહ છે.



માનસ રત્નાવલીનાં સાતમા દિવસની કથામાં પ્રવેશ કરતાં પૂજ્ય બાપુએ કહ્યું કે, તુલસી અને રત્નાવલી બંનેની વચ્ચે જડતાં નથી, પરંતુ એક પ્રવાહ છે. બંનેનાં સંગમનું અને બંનેના વિયોગનું કારણ પણ એક પ્રવાહ છે, અને એ પ્રવાહ યમુનાજીનો છે. યમુના એ તુલસી અને રત્નાજી નો સંગમ છે, એક પ્રકારનો સેતુ છે. બે ચેતના વચ્ચે જ્યારે જડતા સેતુ બને, ત્યારે બંને ચેતના પરમ તત્વની યાત્રાથી દૂર રહે છે, પરંતુ અહીં સેતુ યમુનાનાં રૂપમાં પ્રવાહમાન છે. યમુનાજી ત્રણ વસ્તુ પ્રદાન કરે છે, અને ત્રણ વસ્તુનો નાશ કરે છે. એવો આ યમનાનો પ્રવાહ ખૂબ જ પ્રેરણાપદ છે, માર્ગદર્શક છે. આ પ્રવાહને કારણે તુલસી અને રત્નાવલી બંનેનામાં ત્રણ ત્રણ વસ્તુ આવી અને ત્રણ વસ્તુ ગઈ. યમુના ને કારણે રત્નાવલી અને ગોસ્વામીજી વચ્ચે નિરંતર પ્રેમની વૃદ્ધિ થઈ છે, કારણ કે યમુનાનો એક સ્વભાવ આપણાં પ્રેમને પરમચેતના પ્રત્યે વૃદ્ધિ કરાવનાર છે, એટલે કે પ્રેમ વૃદ્ધિ કરવી એ યમુનાનો મૂળ સ્વભાવ છે. શ્રીમન મહાપ્રભુજી વલ્લભાચાર્ય યમુનાષ્ટકમાં કહે છે, યમુના મુકુંદના ચરણોમાં રતિવર્ધન કરવાનું કામ કરે છે, પરમ તત્વ પ્રત્યેની પ્રીતિમાં વૃદ્ધિ કરે છે. યમુનાને નદી સ્વરૂપે જોઈએ, તો એમાં જે રીતે પુર આવે એ રીતે મુકુંદનાં ચરણોમાં પ્રીતિ પણ વધે છે. કહેવાતી કથા મુજબ જ્યારે યમુનામાં પુર આવ્યું, ત્યારે જ તુલસી રત્નાવલીને મળવાં ગયા હતાં તો ભગવત ચરણમાં રતિ વૃદ્ધિનું એક કારણ યમુના છે.

**નમામિ યમુનામહં સકલ સિધ્ધિ હેતુ મુદા,**
**મુરારી પદ પંકજ સ્ફુરદમન્દ રેણુત્કટામ.**

બીજું લક્ષણ, યમુના સિદ્ધિ પ્રદાન કરે છે. હનુમાન ચાલીસાની પંક્તિ મુજબ સાધકને અષ્ટ સિદ્ધિ અને નવ નિધિ પ્રાપ્ત થાય છે. થોડું રૂપમાં જુઓ તો પણ યમુના સિદ્ધિદાતા છે વ્યાસપીઠની રુચી સિદ્ધિમાં નથી એટલે આપણે એની ચર્ચા નહીં કરીએ, પરંતુ જીવનમાં આઠ પ્રકારની શુદ્ધિ હોવી જોઈએ, અને એ અષ્ઠ શુદ્ધિ જ સાધકની સિદ્ધિ છે. વાણીની શુદ્ધિ, યમુનાજીની કૃપાથી પ્રાપ્ત થાય છે. જેમની વાણી શુદ્ધ છે, એમની પાસે સિદ્ધિ છે. કોઈએ લાઓત્સેને પૂછ્યું કે જિંદગી કોનાથી બગડે છે, અને કોનાથી સુધરે છે? તો એમણે કહ્યું બંનેનું કારણ જીભ છે. આપણે ત્યાં પણ કહેવાયું છે સત્ય બોલવું પરંતુ પ્રિય બોલો. મનની શુદ્ધિ, જેટલી માત્રામાં મન શુદ્ધ રહે, એ બહુ જરૂરી છે. બુદ્ધિની શુદ્ધિ નસ્ત્રજાસુ કૃપા નિર્મલ મતી પાવાસ્ત્રસ્ત્રચિત્તની શુદ્ધિ નાની નાની વાતમાં આપણું ચિત્ર વિક્ષિપ્ત થઈ જાય તો સમજવું કે ચિત્ત શુદ્ધ નથી, ચિત્ત સુધીનો એક માર્ગ છે, મોરારી પાદાર ચિત્તવૃત્તિ. મારી ચિત્તવૃતિઓ કૃષ્ણ ચરણ તરફ જાય છે એ અનુભૂતિ, ચિત્તની શુદ્ધિ છે. અહંકાર શુદ્ધિ, હનુમાનજી રાવણને કહે છે કે તું થોડો રજોગુણી અહંકાર રાખી શકે કારણકે તું વૈભવી છે, અને સત્વ ગુણી અહંકાર પણ રાખી શકે, કારણ કે તું વિદ્વાન છે, આટલા મોટા સ્તોત્રનો રચયિતા છે, તું સાધક પણ છે. પરંતુ તમોગુણી અહંકાર છોડી દે! પરંતુ રાવણ માન્યો નહીં. આપણે કોઈ બુદ્ધપુરુષનાં શરણમાં રહીએ તો આપણાં અહંકાર પર બુદ્ધ પુરુષ કામ કરશે. રામચરિત માનસમાં ચારવાર સદગુરુ શબ્દનો પ્રયોગ થયો છે.

****સદગુરુ વૈદ્ય છે.**
**સદગુરુ જ્ઞાન વિરાગ જોગ કે,**
**બિબુધ વૈદ ભવ ભીમ રોગ કે.**
****સદગુરુ મળે તો સંસય ભ્રમ મટી જાય.**
**સદગુરુ મિલે જાહિ જીમિ,**
**સંસય બ્રહ્મ સમુદાઈ,**
****સદગુરુ કર્ણધાર છે.**
**કરનધાર સદગુરુ દ્રૃઢ નાવા,**
**દુર્લભ સાજ સુલભ કરિ પાવા.**
****સદગુરુ વિશ્વાસનું પ્રતીક છે.**
**સદગુરુ બૈદ વચન વિશ્વાસા,**
**સંજમ યહ ન વિષય કૈ આસા.**

માનસમાં સદગુરુ શબ્દ ચાર વાર જ શું કામ આવ્યો? કારણકે આપણાં જીવનમાં જેટલી વસ્તુ ચાર છે, એનો કંટ્રોલ સદગુરુ કરે છે. સાધક પોતાના મન, બુદ્ધિ ચિત્ત અહંકાર એમને સોંપી દે તો એ સદગુરુ બને. દિશાઓ તો ૧૦ છે, પરંતુ મુખ્ય ચાર દિશા છે પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ. આપણી પૂર્વમાં જગન્નાથ પશ્ચિમમાં દ્વારકા ઉત્તરમાં બદ્રીનાથ અને દક્ષિણમાં રામેશ્વર, જેવા પરમ તત્વની એ સ્થાપના કરે છે. સામવેદ, યજુર્વેદ, ઋગ્વેદ, અર્થ વેદ, એ ચારે મારા સદગુરુ માં સમાયેલા છે. ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ એ ચારને પણ સદગુરુને સોપો. સદગુરુ ધર્મ રૂપે આપણને સત્ય પ્રેમ અને કરુણાનાં પથ પર દોરી જાય. ગુરુ બે પ્રકારના હોય એક પૂર્ણતામાં માનનારા, અને બીજા શૂન્યમાં માનનારા. શંકરાચાર્ય પૂર્ણતાને માને છે, જ્યારે ભગવાન બુદ્ધ શૂન્યને માને છે. સદગુરુ આપણી કામના પર કંટ્રોલ કરી ભીતરી, એટલું સુખ આપે કે આપણે પૂર્ણ થઈ જઈએ. અર્થનો અનર્થ થાય નહીં, એનું ધ્યાન પણ સદગુરુ રાખશે, અને એ મોક્ષ સુધીની જવાબદારી સ્વીકારી લેશે. સદગુરુ આપણને સાલોક્ય, સાયુજ્ય, સામિપ્ય,સારુપ્ય એ ચારેય પ્રકારની મુક્તિ આપે છે.  મન બુદ્ધિ ચિત્ત,અહંકાર, પછી પાંચમી શુદ્ધિ છે વચન શુદ્ધિ. છઠ્ઠી સિદ્ધિ છે કર્મની શુદ્ધિ. ભાવ શુદ્ધિ. આઠમી શુદ્ધિ નિંદામાંથી બહાર આવવું, એટલે કે પ્રપંચ શુદ્ધિ. રત્નાવલી અને તુલસી બંનેમાં આ આઠે પ્રકારની શુદ્ધિ સિદ્ધ થાય છે.  આપણે વાત કરી રહ્યાં હતાં કે યમુનાજી ત્રણ વસ્તુ આપે છે, તો પ્રથમ પરમતત્વ પ્રત્યે પ્રીતિ વર્ધન કરે છે. બીજું શુદ્ધિઓરૂપી સિદ્ધિ પ્રદાન કરે છે, અને ત્રીજું મનને પ્રસન્નતાથી ભરી દે છે. ગંગાનાં તટ પર બેસો તો રામ કૃષ્ણની એટલી યાદ આવતી નથી, પરંતુ મહાદેવની યાદ આવે કારણ કે એ ત્યાંથી આવે છે, અને કર્પૂરગૌરમ્.. એ જ રીતે રામ અને કૃષ્ણનો વર્ણ શ્યામ છે, એવી જ યમુનાજીનો પ્રવાહ પણ શ્યામ છે, અને એ પ્રેમાવતારની સ્મૃતિથી આપણને ભરીને પ્રસન્નતા આપે છે. યમુનાજી યમની બહેન છે, રવિ તનયા છે, સૂર્યની પુત્રી છે, તો એ ત્રણ વસ્તુ હરી લે છે. એક મૃત્યુને હરી લે છે. સ્થૂળ રૂપે જોઈએ તો તુલસી યમુના દ્વારા રત્નાવલી ના ઘરે ગયા એમણે સાપને પકડ્યો પરંતુ તુલસીને દસ દીધો નહીં મતલબ યમુનાને કારણે મૃત્યુ હરણ થઈ ગયું. યમ નાં દૂત આવે, અને યમુનાજીનું સ્મરણ થાય તો દૂત કંઈ કરી શકતા નથી, ઘણો મહિમા છે યમુનાજીનો.સ્ત્રસ્ત્ર અકાલ મૃત્યુ હરણમ સર્વ વ્યાધિ વિનાશનંનસ્ત્ર.

**તુલસી કહે છે,**
**બિધિ નિષેધમય કલિમલ હરની,**
**કરમ કથા રબિનંદન બરની.**

યમુનાનો પ્રવાહ કળિયુગનાં મેલને હરી લે છે, એટલે કે સંસાર ભાવ અને સંસારની વૃત્તિને હરી લે છે.રત્નાવલીને મળવા ગયાં ત્યારે આ ભાવ મુખ્ય હતો, પરંતુ પાછા ફર્યા, ત્યારે સંસારની વૃત્તિઓનું હરણ થઈ ગયું. સંસારની વૃત્તિને કલિનો મેલ છે. સંસારમાં રહેવું ખરાબ નથી, વૃત્તિ ખરાબ છે. ત્રીજી વસ્તુ છે લોકાપવાદ, તુલસી ભાગી ગયા, પલાયન વાદી છે નિરાશાવાદી છે, પોતાની ધર્મપત્નીના બોલ સહન ન કરી શક્યાં, તુલસીએ સંસ્કૃતમાં નહીં પણ પ્રાકૃતમાં ગ્રંથ લખ્યો વગેરે, પરંતુ તુલસી આ લોકાપવાદથી દૂર રહી શક્યાં એનું કારણ યમુનાનો પ્રવાહ છે. પ્રયાગમાં ગંગા અને યમુનાનું મિલન છે, અને સંતો કહે છે કે, કર્મનુ ભક્તિમાં ભળી જવું એ સંકેત પ્રયાગની ગંગા યમુનાનું મિલન છે. કથાનાં ક્રમમાં મહારાજ જનક દોસ્તો અયોધ્યામાં જાય છે, અને દશરથજી આખી અયોધ્યાને લઈને મિથિલા આવે છે. માગસર શુક્લ પંચમીના દિવસે ભગવાન રામ અને જાનકીનાં વિવાહ સંપન્ન થાય છે, અને જાન પાછી અયોધ્યા પહોંચે છે, વિશ્વામિત્ર વિદાય લે છે, ત્યાં સુધીની કથા કરી સાતમા દિવસની કથાને વિરામ આપ્યો.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

યાદવકુળના મૂળમાં દારુ અને દ્રૌપદીની લાજ લુંટાઈ તેના મૂળમાં હતો જુગાર કારણભૂત

# દારુ-જુગારથી સમગ્ર કુટુંબનો સર્વનાશ : શાસ્ત્રીજી

## અધિકારી વક્તા દ્વારા અનુષ્ઠાનાત્મક શાસ્ત્રોનું શ્રવણ કરવામાં આવે તો આત્મ સાક્ષાત્કાર થઈ જાય : સાત દિવસીય આધ્યાત્મિક યોગ કથાનું સમાપન

રાજકોટ, તા.૨૨

લકુલીશ યોગ આશ્રમ (કાંગરી, ગાંજીવલી, ચંડીદેવી રોડ, નજીબાબાદ - હરિદ્વાર) ખાતે ચાલતી આધ્યાત્મિકતા અને સ્વાસ્થ્યના સંગમ સમાન નશ્રીમદ યોગ ભાગવત સપ્તાહથના દિવસે ઈશ્વરીયા (ભાવનગર) ના શાસ્ત્રી, ભાગવતાચાર્ય, આધ્યાત્મિક યોગ ગુરુ ડો. અનિલ કુમાર મહેતા કથાને આગળ ધપાવી હતી. ગોપી ગીત, ગોવર્ધન મહોત્સવનું વર્ણન અગાઉ કથામાં સંપન કર્યા બાદ આજે કથાના અંતિમ, સાતમાં વિરામ દિવસે કૃષ્ણ ભગવાનના ૧૬૧૦૮ લગ્નની કથા આગળ વધારી શાસ્ત્રીજીએ જણાયું હતું કે દ્વાપર યુગમાં ૧૬૧૦૦ વેદની રુચાઓ ભગવાનની સેવા કરવા પત્ની બનીને આવી હતી. ૮ પટરાણી અસ્કધા પ્રકૃતિ છે. એટલે કહેવાય છે કે ૧૬૧૦૮ એ દ્વારકાધીશનો ઠાઠસ્ત્રસ્ત્ર ગણાય છે. રુકમણી અને ત્રણ પેઢીના લગ્નો અંગે શાસ્ત્રીજીએ કહ્યું હતું કે ભગવાન કૃષ્ણના રુક્મિની બહેન રુકમણી સાથે થયા હતા. કૃષ્ણ ભગવાનના દીકરા પ્રદ્યુમનજી કે જે કામદેવનો અવતાર હતા તેમના લગ્ન રુક્મીના દીકરી સાથે પરણ્યા, પ્રદ્યુમનના દીકરા અનિરુદ્ધ સાથે રુક્મિણી પોત્રી રુચા સાથે થયા હતા.

રુક્મિની બહેન, પુત્રી અને પૌત્રીના લગ્ન ટાણે કૃષ્ણના મોટાભાઈ રુક્મિ સાથે લગ્નમાં જુગાર રમવા બેઠા અને દાઉજી મહારાજ જીતી ગયા. કહેવાય છે કે ૧૦ કરોડ સોનામહોરનો દાવ લાગ્યો હતો. બલરામજી જીતી ગયા એટલે ઠઠ્ઠામશ્કરી શરુ થઇ અને લગ્નનો આનંદ શોકમાં ફેરવાઈ ગયો કેમકે બલરામજીના હાથે રુક્મિ માર્યો ગયો હતો.

આજનું યુવાધન જુગારોથી મુક્ત રહે તેવી પ્રેરણા આપતા શાસ્ત્રીજીએ જણાવ્યું હતું કે નસ્ત્રરાજ પાઠ સબ હાર કર હારે ભાઈ ચાર દાસ બને, દાસી બની પાંચાલી સી નાર, જુઆ બુરા હૈ




ખેલના કરે બુદ્ધિકા નાશ ,ધર્મરાજ કા ધર્મ ભી બંધા જુએ કે પાસ. એટલે દાઉજી મહારાજના હાથે રુક્મિ મરાયો તે અંગે તેઓએ કહ્યું કે યુવા પેઢી માટે વિચારવાની જરૂર છે કે ક્યારેય જુગારથી કરોડપતિના બનવાના સ્વપન ના સેવો, મહેનત, પ્રમાણિકતાથી આગળ આવો, એ જ સાચી કમાણી અને તક છે અને તેનાથી જ સુખ અને શાંતિ પ્રાપ્ત થાય છે. જુગારને કારણે દ્રોપદીનું વસ્ત્રાહરણ થયું. નારી કે અપમાન સે ગીરી સભ્યતા, જુગારમાં વંશની લાજ વહી ગઈ, જુગાર મહાપાપ છે તેમાં કળીયુગનો વાસ છે. નસ્ત્રગુંજ ઉઠી આકાશ મેં નારી કી આવાજ સન્નાટાસા છા ગયા બીચ સભામેં આજ,

જો નારિકા કરતા અપમાન ભગવાન કરે ઉનકા નાશસ્ત્રસ્ત્ર એવા ઉદાહરણ દ્વારા શાસ્ત્રીજીએ સમજાવ્યું હતું કે જુગારમાં આખું કૌરવકુળ રોળાઈ ગયું

દારૂ અને જુગારનો વ્યભિચાર કુટુંબનો નાશ કરે છે. કરોડોનો માણસ કોડીનો બનાવી દે છે . દારૂ પણ કોડીનો બનાવી દે છે. યાદવકુળના મૂળમાં દારૂ હતો અને દ્રૌપદીના લાજ લુંટાઈ તે વાતના મૂળમાં જુગાર હતો. કથા મનુષ્યને જીંદગીમાં શું કરાય અને શું ના કરાય તે શીખવે છે.

કથાને આગળ ધપાવતા શાસ્ત્રીજીએ કહ્યું હતું કે સુદામાના ચરિત્રના આધારે ભાગવતજીમાં ભગવાન સ્વયં કહ્યું છે કે બ્રાહ્મણો મારા ઈષ્ટદેવ છે. સુદામાજી કૃષ્ણના ભાગની ગરીબી ખાઈ ગયા. દારિદ્ર યોગ ચાલતો ચાલતો હતો ગુરુમાએ ચણા બે મુઠી આપ્યા હતા. સુદામા જ્યોતિષના પ્રચંડ પંડિત હતા. અને દારિદ્ર યોગ વિષે જાણી ગયા હતા અને વિચાર્યું કે મારે રાજા બનવું નથી અને કૃષ્ણને દ્વારકાધીશ બનવું છે એટલે ચણા હું ખાઈ જાવ તેવું મનોમન વિચારી ચણા ખાઈ ગયા તેમની સામે કૃષ્ણ એક મુઠી પૌવા ખાઈને સુદામાનો ભાર ઉતારી દીધો. તે વાતને નસ્ત્રકોઈનો ભાર ન રાખે મુરારી આપે વ્યાજ સહીત ગિરધારી. દ્વારા સમજાવી હતી. સુદામાના તાન્દુલ લીધા તેના મહેલ કનકના કીધા, કૃષ્ણ ભગવાને ખુબ સેવા કરી છે સુદામાની, તેમને ભગવાને નિજ સિહાસન પર બેસાડ્યા અને નિજ ખંડમાં સુવડાવ્યા, આંસુઓથી પગ ધોયા..કૃષ્ણ ભગવાને વિચાર્યું હતું કે સારું થયું ધન ના આપ્યું સારું થયું ધનમાં ઘણા દોષ છે. મિત્રતા સુખી કરવાની ભાવના કરવાની હોવી જોઈએ. મિત્ર એવો હોય કે ઢાલ સરીખો હોય દુઃખમાં આગળ અને સુખમાં પાછળહોય તેવી સુદામા અને કૃષ્ણની મિત્રતા હતી.

અને પછી એક સંવાદ વ્યક્ત કરતા શાસ્ત્રીજીએ જણાવ્યું હતું કે નીમીરાજા અને નવ યોગેશ્વર વચ્ચેનો સંવાદ આપ્યો છે. નવેય યોગેશ્વર એક એક સંદેશો આપ્યો છે જેમાં એક ભાગવત ધર્મ બતાવ્યો છે. કવી ક્વીજીએ કહ્યું ભાગવતમાં બતાવ્યું છે કે જે કર્મ મનથી, વાણી, બુદ્ધિથી અને સ્વભાવ પ્રમાણે કરો એ કર્મ પરમાત્માને સમર્પિત કરી દો તો તે કર્મ ધર્મ બની જાય તેને ભાગવત ધર્મ કહેવાય છે.

બીજા યોગેશ્વર હરીજી ભક્ત ત્રણ ભક્ત બતાવ્યા છે. - શ્રેષ્ઠ ભક્ત દરેક પ્રાણી માત્રમાં ભગવાનમાં જોવે, બીજો ભક્તોની ઉપેક્ષા કરે અને ત્રીજો મૂર્તિમાં જ ભગવાન જુએ તે નિમ્ન પ્રાકૃત ભક્ત છે. શાસ્ત્રીજી કહે છે કે પાંચમાં યોગેશ્વર પીપપ્લાયનજી કહે છે કે ભગવાનની કથાઓ, લીલાઓ સાંભળો, સત્સંગ કરો, શ્રવણથી આત્મસાક્ષાત્કારની પ્રાપ્ત થાય છે. ભાગવતના શાસ્ત્રોના શ્રવણભક્તિથી આપમેળે ચિત શુદ્ધ થાય છે. થાય છે. નિયમિત સહપરિવાર શાસ્ત્રોનું શ્રાવણ કરવું જોઈએ. અધિકારી વક્તા દ્વારા શાસ્ત્રનું અનુષ્ઠાનાત્મક શાસ્ત્રોનું શ્રવણ કરવામાં આવે તો આત્મ સાક્ષાત્કાર થઇ જાય છે. ક્યાય ભટકવાની જરૂર નથી.

મુક્તિ માટે આવીરહોત્રીજી છઠ્ઠા યોગેશ્વરનો સંદેશ છે કે જે મનુષ્ય અગ્નિ, સૂર્ય. જલ. અતિથી અને પોતાના હૃદયમાં આત્માં રૂપ પરમાત્માની પૂજા કરે તેને મુક્તિ મળી જાય છે.અંતિમ સમયે ભગવાન કૃષ્ણએ ઉદ્ધવજીએ સંદેશો આપ્યો હતો કે જે ગુરુ દતાત્રેયએ ૨૪ ગુરુ બનાવ્યા અને જગતગુરુ કહેવાયા

ગુરૂ દત્તાત્રેય જે ૨૪ ગુરુ બનાવ્યા અને જગત ગુરુ વાસ્તવિક યુનિવર્સી ટીમાંથી જે શિક્ષણ શીખો તે સાચું શિક્ષણ. જે શીખવાનું બંધ બંધ કરે તે જીવતું હોવા મૃત સમાન ગણાય છે. તેવું શાસ્ત્રીજીએ કહ્યું હતું.

દતાત્રેય જે ૨૪ ગુરુમાંથી શીખ્યા તેનો ઉલ્લેખ કરતા આધ્યાત્મિક યોગ ગુરુ ડો. અનિલ કુમાર મહેતાએ જણાવ્યું હતું કે તેઓ

પહેલો ગુરુ પૃથ્વી પાસેથી ક્ષમા અને પરોપકાર, બીજો વાયુ પાસેથી આશાક્તિનો અભાવ અને અસંગતાનો ગુણ, ત્રીજા ગુરુ આકાશ પાસેથી સર્વવ્યાપકતા અને નીર્લેપ્તાનો ગુણ , એ પછીના ગુરુઓમાં જલ પાસેથી સ્વચ્છતા, પવિત્રતા અને મધુરતાનો ગુણ પ્રાપ્ત કર્યો. અગ્નિ પાસેથી જેમ દરેક કાષ્ઠમાં આત્મા હોય તેમ ગુરુ દત્તાત્રેય દરેક જગ્યાએ આત્મા વ્યાપ્ત હોય છે તે શીખ્યા, ચંદ્રમાં પાસેથી કલામાં વધઘટ થાય થાય છે ચંદ્ર પૂર્ણ છે. જેમ શરીરની અવસ્થા બદલાય છે છતાં આત્મા પૂર્ણ છે. સૂર્ય પાસેથી જેમ એક જ હોવા છતાં અનેક પ્રતિબિંબ છે તેમ આત્મા પણ અનેક છે અને અનેક રૂપમાં વ્યક્ત થાય છે.

કબુતર પાસેથી પરિવારમાં આશક્તિના કારણે દુઃખી થઈને મૃત્યુને ભેટયું તેમ જે વ્યક્તિ આશક્ત બને તે અંતે મૃત્યુને ભેટે છે. અજગર પાસેથી શીખ્યા કે હંમેશા સંતોષી રહેવું, સમુદ્ર પાસેથી શીખ્યા કે, સદા પ્રસન્ન, ગહન અને ગંભીરતા બનવું, પતંગિયા પાસેથી પતંગિયું રૂપ મહી બળે છે. રૂપમાં મોહિત થવું નહિ. ભ્રમર પાસેથી શીખ્યા કે સારગ્રાહી બનવું, મધમાખી પાસેથી સંગ્રખોર ના બનવું, હાથી પાસેથી શીખ્યો કે, વિશીયંત હાથી પટકાય ખાડે, પારધી પાસેથી મધ લુંટનાર મધ ખાઈ ન શકે. લોભી હોય તે ન ખાય અને ન ખવડાવી શકે, હરણ પાસેથી મોરલીના નાદે મૃગલો બંધાતો, માછલી પાસેથી શીખ્યો કે તરફડતી માછલી જીભના સ્વાદે, ગણિકા પાસેથી તૃષ્ણા પાસેથી સૌથી મોટું શીખ્યા કે દુઃ ખ અને ત્યાગ સૌથી મોટું સુખ, ટીટોડી પાસેથી માંસનો ટુંકડો મુક્યો ત્યારે શાંતિની ભાવના શીખ્યા.

**ગુરુ દતાત્રેયએ ૨૪ ગુરુ પાસેથી શીખેલો મહિમા એક કાવ્ય દ્વારા વ્યક્ત કરતા શાસ્ત્રીજીએ જણાવ્યું હતું કે ભમરો સુગંધે કમળે ફસે છે,**
**પતંગિયું રૂપ મહી બળે છે,**
**વિશીચાંત હાથી પટકે ખાડે,**
**તરફડી મરે માછલી જીભ સ્વાદે,**
**મુરલીના નાદે પેલો મૃગલો બંધાતો,**
**પણ પાંચેય વિષયમાં એક**
**માનવી ફસાતો.**

જો માણસ સિવાયના અન્ય જીવો એક એક કારણમાં ફસાતા હોય તો માણસ તો જો આ પાંચેય કારણોમાં ફસાય તો કેવી રીતે બચે ? તેનો મહિમા વર્ણવ્યો હતો. અત્રે એ નોંધનીય છે કે શ્રીમદ યોગ ભાગવત સપ્તાહનું ભવ્ય આયોજન ભાવનગરના ડો. આર. જે. જાડેજા (મો. ૯૪૨૬૪ ૫૦૬૧૫) તેમજ લકુલીશ યોગ આશ્રમ - હરિદ્વારના સ્વામી નિખિલાનંદજી (મો. ૯૯૨૫૧ ૯૯૭૯૬) દ્વારા કરવામાં આવ્યું છે. તેમજ કથાના મુખ્ય યજમાનો તરીકે નરેન્દ્રસિંહ એ. જાડેજા (સાપર-મોરબી) તેમજ જેઠવા પરિવાર (કાટવાણા) તેમજ તેમજ સહ યજમાન તરીકે ગં.સ્વ. બાશ્રી સજનબા સોઢા, મીનાક્ષીબા ખુમાનસિંહ પરમાર તેમજ જીતેશભાઈ કોઠારી સેવા-પૂજાનો લાભ લઈને અન્ય ભાવિકોને આપ્યો હોવાનું શાસ્ત્રીજીએ જણાવ્યું હતું.

શાસ્ત્રીજીએ કથાના સમાપનમાં જણાવ્યુંહતું કે અંતિમ ઉપદેશ સુખદેવજી મહારાજે રાજાને આપ્યો હતો કે ચિંતન કરો કે હું જ સર્વનો અધીસ્થાન છું તેવું વિચારો. ભગવાનને કરેલા પ્રણામ તમામ દુખોને શાંત કરી દે છે. તેથી જ હરિને નમસ્કાર કરું છું હું. આટલું કહીને શાસ્ત્રીજીએ કથાને વિરામ આપ્યો હતો.

રાજકોટ મિરર સાથેની ટેલિફોનિક મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર, ગુજરાત કે ભારતભરમાં કોઈને યોગ ભાગવત કથા, રામ રાજ્ય રાષ્ટ્ર કથા, નારી તું નારાયણી દેવી ભાગવત કથા, સંગીતમય આધ્યામિક કથા આધ્યાત્મિક યોગ શિબિરનું આયોજન કરવું હોય તો તેઓનો ૯૪૨૭૨ ૬૨૬૫૪ અને ૮૩૨૦૬૯૬૨૮૩ મોબાઈલ પર સંપર્ક કરવા ભાગવતાચાર્ય ડો. અનિલકુમાર મહેતાએ અનુરોધ કર્યો છે.

### આધ્યાત્મિક યોગ ભાગવત કથામાં આયોજકો-સહ આયોજકો અને યજમાનોની સેવા

અત્રે એ નોંધનીય છે કે શ્રીમદ યોગ ભાગવત સપ્તાહનું ભવ્ય આયોજન ભાવનગરના ડો. આર. જે. જાડેજા (મો. ૯૪૨૬૪ ૫૦૬૧૫) તેમજ લકુલીશ યોગ આશ્રમ – હરિદ્વારના સ્વામી નિખિલાનંદજી (મો. ૯૯૨૫૧ ૯૯૭૯૬) દ્વારા કરવામાં આવ્યું છે. તેમજ કથાના મુખ્ય યજમાનો તરીકે નરેન્દ્રસિંહ એ. જાડેજા (સાપર–મોરબી) તેમજ જેઠવા પરિવાર (કાટવાણા) તેમજ તેમજ સહ યજમાન તરીકે ગં.સ્વ. બાશ્રી સજનબા સોઢા, મીનાક્ષીબા ખુમાનસિંહ પરમાર તેમજ જીતેશભાઈ કોઠારી પોત પોતાની રીતે સેવા–પૂજાનો લાભ લઈને અન્ય ભાવિકોને આપ્યો હોવાનું શાસ્ત્રીજીએ જણાવ્યું હતું. તેમજ સમગ્ર યોગ કથા દરમિયાન કથા સાથે સંગીત પીરસવામાં ભાવનગરના સંગીત કલા વૃન્દના કલાકારોએ ભારે જહેમત ઉઠાવી હતી.

---

પતિ સાથે વાંધો પડ્યા બાદ રિક્ષાચાલક સાથે પરિચય થતાં શરૂ થઇથતી પ્રેમકહાની

# લિવ ઇનમાં સાત વર્ષે ડખ્ખો: પ્રજ્ઞાચક્ષુ મહિલાનું યૌનશોષણ

## મહિલાની દિકરી વિશે પ્રેમીએ સોશિયલ મિડીયા પર એલફેલ પોસ્ટ મુક્યા બાદ વાત ડખ્ખે ચડી અને દાખલ થઈ પોલીસ ફરિયાદ

રાજકોટ,તા.૨૨

ફ્રેન્ડશીપ, લવશીપના નામે લવ સેક્સ ધોખાની ઘટનાઓ સતત વધી ગઇ છે. આ વચ્ચે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં સાત વર્ષની લિવ ઇન રીલેશનશીપ બાદ એક પ્રજ્ઞાચક્ષુ મહિલાએ પોતાનું યૌન શોષણ થયાની પ્રેમી વિરૂધ્ધ ફરિયાદ કરી હતી. આ મહિલાની દિકરીને પણ આ ઢગાએ સોશિયલ મિડીયા પર બદનામ કરતાં મામલો બીચક્યો હતો અને વાત પોલીસ સુધી પહોંચી હતી.

વિગતો પર નજર કરીએ તો સુરતના લસકાણા વિસ્તારમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં છેલ્લા સાત વર્ષથી લિવ-ઇન રિલેશનશિપમાં રહેતી એક સુડતાલીસ વર્ષીય પ્રજ્ઞાચક્ષુ મહિલાએ પોતાના જ પ્રેમી વિરૂધ્ધ યૌનશોષણ અને પોતાની દીકરીને સોશિયલ મીડિયા પર બદનામ કરવાની ગંભીર ફરિયાદ નોંધાવી છે. મુળ રાજસ્થાનની વતની અને હાલ લસકાણામાં રહેતી આ મહિલા શારીરિક રીતે અક્ષમ છે. જેને એક આંખે બિલકુલ દેખાતું નથી અને બીજી આંખે પણ અત્યંત ઓછું દેખાય છે.

વધુ માહિતી અનુસાર મહિલાનો દિવ્યાંગ પતિ અમદાવાદ રહેતો હોવાથી, રાજસ્થાનના ધોલપુરના વતની વિજય શર્મા નામના રિક્ષાચાલક યુવક સાથે લિવ-ઈનમાં રહેતી હતી. આ મહિલા પોતાની ચાર પુત્રીઓ સાથે લસકાણામાં રહેતી હતી અને રિક્ષા ચલાવતો પ્રેમી વિજય શર્મા આ આખા પરિવારનું ભરણપોષણ કરતો હતો. છેલ્લા સાત વર્ષથી બધું બરાબર ચાલી રહ્યું હતું, પરંતુ ગત માર્ચ મહિનામાં જ્યારે મહિલા પોતાની પુત્રીઓ સાથે વતન રાજસ્થાન ગઈ ત્યારે સંબંધોમાં ભારે ખટાશ આવી ગઈ હતી. આ સમયગાળા દરમિયાન વિજય શર્માને મહિલાની ચાર પુત્રીઓ પૈકી એક પુત્રીની ચાલ-ચલગત અને વર્તણૂક સામે ગંભીર વાંધો પડ્યો હતો. આ બાબતને લઈને વિજયે રાજસ્થાન રહેતી તેની પ્રેમિકાને તાત્કાલિક ફોન કરીને સુરત પરત આવી જવા જણાવ્યું હતું. આ પછી દીકરીની ચાલ-ચલનના મુદ્દે ફોન પર જ બંને પ્રેમી પ્રેમિકા વચ્ચે ભારે બોલાચાલી અને ઉગ્ર ઝઘડો થયો હતો. આ વિવાદ એટલો વધી ગયો કે વિજય શર્માએ મહિલાની દીકરી વિરુદ્ધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર અત્યંત વાંધાજનક અને અપમાનજનક ટિપ્પણીઓ કરવાનું શરૂ કરી દીધું હતું. આટલું ઓછું હોય તેમ, વિજય શર્માના આ કૃત્યમાં તેના પાંચ ભાઈઓ અને તેના પિતા પણ જોડાયા હતા.

આ તમામ લોકોએ સોશિયલ મીડિયા પર સગીરા વિરૂધ્ધ અભદ્ર કોમેન્ટ્સનો મારો ચલાવી તેને ડિજિટલ પ્લેટફોર્મ પર બદનામ કરી મૂકી હતી. પોતાની દીકરીની આ પ્રકારે જાહેરમાં થતી બદનામી અને પ્રેમીના આવા વર્તનથી આઘાતમાં સરી પડેલી અંધ મહિલા ચૂપ ન બેઠી. તેણે તાત્કાલિક ધોલપુર સ્થાનિક પોલીસ મથકનો સંપર્ક કર્યો હતો. મહિલાએ વિજય શર્મા વિરૂધ્ધ લગ્નની લાલચ આપી સાત વર્ષ સુધી શારીરિક શોષણ અને યૌનશોષણ કરવાની તેમજ દીકરીને સોશિયલ મીડિયા પર ટાર્ગેટ કરવાની લેખિતમાં ફરિયાદ નોંધાવી દીધી.

ઘટનાસ્થળ અને ગુનાની મુખ્ય ભૂમિ સુરતનું લસકાણા હોવાના કારણે, રાજસ્થાન પોલીસે ઝીરો નંબરથી ગુનો નોંધીને આ સમગ્ર કેસ ડાયરી આગળની તપાસ માટે સુરતના લસકાણા પોલીસ મથકે ટ્રાન્સફર કરી દીધી હતી. રાજસ્થાનથી કેસ સુરત ટ્રાન્સફર થતાં જ લસકાણા પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી દીધી હતી. નિયમ મુજબ યૌનશોષણ કે દુષ્કર્મના કેસમાં ભોગ બનનાર મહિલાની તબીબી તપાસ કરાવવી ફરજિયાત હોય છે. પણ સુરત પોલીસ મથકે આવ્યા બાદ આ પ્રજ્ઞાચક્ષુ મહિલાએ અચાનક જ પોતાનું મેડિકલ ચેકઅપ કરાવવાનો સ્પષ્ટ ઇનકાર કરી દીધો હતો. મહિલાના આ આકસ્મિક અને ચોંકાવનારા નિર્ણયને કારણે પોલીસ પણ મૂંઝવણમાં મુકાઈ ગઈ છે અને આખો મામલો ભારે ગૂંચવાયો હતો.

વિશેષ તપાસ લસકાણા પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર એમ.બી. ઝાલા ચલાવી રહ્યા છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે સાત વર્ષ સુધી સાથે રહ્યા બાદ અચાનક આવો વિવાદ કેમ થયો, અને સોશિયલ મીડિયા પર કરાયેલી કોમેન્ટ્સ પાછળનું સાચું કારણ શું છે. મહિલાએ મેડિકલ કરાવવાની ના કેમ પાડી તે પાછળ કોઈ દબાણ છે કે અન્ય કોઈ આંતરિક વિવાદ, તે દિશામાં પણ પોલીસ કડીઓ જોડી રહી છે. આગામી સમયમાં વિજય શર્મા અને તેના પરિવારની પૂછપરછ બાદ જ આ કેસમાં વધુ ખુલાસાઓ થવાની પોલીસે શક્યતા દર્શાવી હતી.

---

# રામદેવને બે પિસ્તોલ આપનાર નામચીન ભરત વધુ એક પિસ્તોલ-કાર્ટીસ સાથે પકડાયો: એમપી કનેકશન ખુલ્યું

## એસઓજી પીઆઇ એન. બી. ચૌધરી, પીએસઆઇ વિજયસિંહ ઝાલા અને ટીમે એડીબી હોટેલ પાછળથી ભરત કુગશીયાને પકડ્યો: અગાઉ છ ગુનાઓમાં સામેલ

રાજકોટ,તા.૨૨

શહેરમાં ફાયરીંગ કરી હત્યાની કોશિષ કરવાના ગુનામાં પકડાયેલા રામદેવ ડાંગરને બે પિસ્તોલ આપનારા વધુ એક નામચીનને એસઓજીએ પકડી લીધો છે. આ શખ્સ પાસેથી વધુ એક ગેરકાયદે પિસ્તોલ અને જીવતા કાર્ટીસ મળતાં અલગથી ગુનો નોંધી કાર્યવાહી કરવામાં આવી છે.

વિગતો જોઇએ તો નાગેશ્વર રોડ પર સર્વિસ સ્ટેશનમાં ફાયરીંગ કરી હત્યાની કોશિષના ગુનામાં ગાંધીગ્રામ-એસઓજી પોલીસે નામચીન રામદેવ ડાંગર સહિતને પકડ્યા હતાં. તે વખતે રામદેવ પાસેથી બે ગેરકાયદેસર દેશી પિસ્તોલ કબ્જે થઇ હતી. આ અંગેની પુછતાછમાં તેણે આ પિસ્તોલ પોતાને નામીચા ભરત કુગશીયાએ આપ્યાનું કબુલ્યું હતું. દરમિયાન એસઓજીની ટીમે ભરતને એક ગેરકાયદે પિસ્તોલ અને ત્રણ જીવતા કાર્ટીસ સાથે એડીબી હોટેલ પાછળની વાડીમાંથી ઝડપી લીધો હતો.

આ હથીયાર તથા તેણે અગાઉ રામદેવને આપેલી બીજી બે દેશી પિસ્તોલ એમ ત્રણેય હથીયાર તે ક્યાંથી લાવ્યો? તેની પુછતાછ કરવાની હોઇ રિમાન્ડની તજવીજ હાથ ધરવામાં આવી છે. અગાઉ ગાંધીગ્રામ પોલીસમાં નોંધાયેલા ફાયરીંગ-હત્યાની કોશિષના ગુનામાં રામદેવ ડાંગરને એસઓજીએ પકડ્યો ત્યારે તેની પાસેથી બે ગેરકાયદે પિસ્તોલ કબ્જે થઇ હતી. પુછતાછમાં તેણે આ હથીયાર ભરત કુગશીયાએ આપ્યાનું કબુલ્યું હતું. ભરતને શોધવા એસઓજીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઇ રાજેશભાઇ બાળા અને હેડકોન્સ. સિધ્ધરાજસિંહ જાડેજાને બાતમી મળતાં એડીબી હોટેલ પાછળની વાડીમાં દરોડો પાડવામાં આવ્યોહ તો.



અહિથી ભરત રઘુભાઇ કુગશીયા (ઉ.વ.૩૯-રહે. શ્યામા બંગલોઝ બંગલા નં. ૨, એડીબી હોટેલ પાછળ, મોરબી-બેડી બાયપાસ)ને પકડી લેવાયો હતો. તેની પાસેથી દેશી પિસ્તોલ તથા ત્રણ જીવતા કાર્ટીસ મળતાં તે તથા એક મોબાઇલ ફોન કબ્જે કરી તેની ધરપકડ કરવામાં આવી છે. તેમજ હથીયાર મળ્યું હોઇ અલગથી એક ગુનો ડીસીબી પોલીસ સ્ટેશનમાં દાખલ કરાયો હતો. પોલીસના કહેવા મુજબ ભરત કુગશીયા વિરૂધ્ધ અગાઉ રાજકોટ પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં આર્મ્સ એક્ટ, મારામારી સહિતના ગુના, ડીસબીમાં તેમજ ગાંધીગ્રામમાં પણ આર્મ્સ એક્ટ સહિતના છ ગુના નોંધાઇ ચુક્યા છે અને બે વખત તે પાસાની હવા ખાઇ ચુક્યો છે.

હાલમાં તેની પાસેની પિસ્તોલ અને રામદેવને તેણે આપેલી બે પિસ્તોલ ક્યાંથી આવી તેની પુછતાછ થતાં એવું રટણ કર્યુ હતું કે એમપી તરફથી તે આ હથીયાર લાવ્યો હતો. જો કે સાચી વિગતો ઓકાવવા વિશેષ તપાસ માટે રિમાન્ડની તજવીજ હાથ ધરવામાં આવી છે.પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલીક, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયાની સુચના અંતર્ગત પીઆઇ એન. બી. ચૌધરી, પીએસઆઇ વી. કે. ઝાલા, એએસઆઇ રાજેશભાઇ બાળા, હેડકોન્સ. સિધ્ધરાજસિંહ જાડેજા, ઉપેન્દ્રસિંહ ઝાલા, જયદિપસિંહ ચૌહાણ, મૌલિકભાઇ સાવલીયા, કોન્સ. રવિભાઇ ધગલે આ કામગીરી કરી હતી. વધુ તપાસ માટે ભરત કુગશીયાના રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરવામાં આવી હતી.

---

# ત્રણ દિવસથી ગૂમ લોહાનગરના વૃધ્ધની લક્ષ્મીનગર પાસે ખાડામાંથી લાશ મળી

## પરિવારજનો શોધખોળ કરતાં હતાં ત્યારે સ્વજન મૃત મળતાં કલ્પાંત સર્જાયો



રાજકોટ,તા.૨૨

લોહાનગરના વૃધ્ધ ત્રણ દિવસ પહેલા ઘરેથી નીકળ્યા બાદ ગૂમ થઇ ગયા બાદ તેમની લાશ લક્ષ્મીનગર નાલા નજીક ઝૂપડપટ્ટી પાસેના ખાડામાંથી મળતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. જાણવા મળ્યા મુજબ ગોંડલ રોડ પર લોહાનગરમાં જીમ્મી ટાવરની પાછળ રહેતાં એંસી વર્ષના કાળુભાઇ મેઘાભાઇ સોલંકી-મારવાડી નામના વૃધ્ધ ત્રણ દિવસ પહેલા ઘરેથી નીકળ્યા બાદ ગૂમ થઇ જતાં પરિવારજનો તેમને શોધી રહ્યા હતાં એ દરમિયાન આજે તેમની લાશ લક્ષ્મીનગર અન્ડર બ્રીજ નજીક ઝૂપડપટ્ટી પાસે મેલડી માતાજીના મંદિર નજીક ખાડામાંથી કોહવાયેલી હાલતમાં મળી આવતાં પરિવારજનોમાં શોક વ્યાપી ગયો હતો.

મૃત્યુ પામનાર કાળુભાઇ ભીક્ષાવૃતિ કરતાં હતાં ભગવા કપડા પહેરી જીવન જીવતા હતાં. તે ચાર ભાઇ અને ત્રણ બહેનમાં મોટા હતાં. સંતાનમાં ત્રણ દિકાર અને બે દિકરી છે. ખાડામાં એક લાશ પડી હોવાની જાણ થતાં માલવીયાનગર પોલીસ દોડી ગઇ હતી. આ વૃધ્ધનું મોત બિમારીથી બેભાન થઇ જવાને કારણે થયું કે પછી અન્ય કારણોસર તે જાણવા માલવીયાનગર પોલીસે તપાસ હાથ ધરી છે. ઝૂપડપટ્ટી પાસે ખાડામાં માનવ લાશ પડી હોવાની વાતથી લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં. પોસ્મટમોર્ટમ બાદ મોતનું સાચુ કારણ બહાર આવશે. ત્રણ દિવસથી પરિવારજનો શોધખોળ કરી રહ્યા હતાં ત્યારે આજે કાળુભાઇની લાશ મળી આવતાં સ્વજનોમાં કલ્પાંત સર્જાયો હતો.

કોહવાઇ ગયેલી કંકાલ જેવી લાશ મળ્યાની તપાસમાં ખુલી ચોંકાવનારી હકિકત

# ત્રીસ વર્ષિય પ્રેમીએ કરી ૫૦ વર્ષિય પ્રેમિકાની હત્યા

## બંને એકાંત માણવા ખેતરમાં ગયા ત્યારે પ્રેમીએ પોતે આપેલા નાણાની ઉઘરાણી કરતાં પ્રેમિકાએ સંબંધ જાહેર કરી દેવાની ધમકી આપતાં જ તેની હત્યા કરી ભાગી ગયો હતો

રાજકોટ,તા.૨૨

આડાઅવળા સંબંધોનો મોટે ભાગે અતિ કરૂણ અંત આવતો હોવાના દાખલા મોજુદ છે. વધુ એક આવી ક્રુર હત્યાની ઘટનાનો પર્દાફાશ થયો છે. ત્રીસ વર્ષના યુવાન સાથે પચાસ વર્ષની મહિલાને પ્રેમ થયો હતો. બંને પતિ-પત્નિની જેમ રહેતાં હતાં. એક વખત બંને ખેતરમાં અંગતપળો માણવા ગયા ત્યારે બોલાચાલી થતાં પ્રેમીકાએ પોતે પ્રેમસંબંધ જાહેર કરી દેશે તેવું કહેતાં પ્રેમીએ કાયમને માટે કાંટો કાઢી નાંખવા તેણીની હત્યા કરી લાશ ફેંકી દીધી હતી. દોઢ મહિના પહેલા એક માનવ કંકાલ પોલીસને મળ્યું હતું. તેની તપાસમાં આ મર્ડર મિસ્ટ્રી સામે આવી હતી.

વિગતો પર નજર કરીએ તો વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના મુવાલ ગામની સીમમાં આવેલી નિલગીરીના ખેતરમાંથી દોઢ મહિના પહેલા મળેલા અજાણી મહિલાના કંકાલના કેસમાં આરોપી પ્રેમીની સાવલી પોલીસે ધરપકડ કરી હતી. આ કેસમાં ત્રીસ વર્ષના -ેમીએ સાબરકાંઠાની પચાસ વર્ષની આધેડ મહિલાની હત્યા કરીને લાશ ફેંકી દીધી હોવાનો ઘટસ્ફોટ થયો હતો. આ કેસમાં મહિલાએ પ્રેમસંબંધ અંગે યુવકના પરિવારને જણાવી દેવાની ધમકી આપતા હત્યા થઈ હોવાનું ખૂલ્યું હતું. આ ઉપરાંત અંગત પળો માણવા માટે યુવક મહિલાને લઈ ગયો ત્યારે બંને વચ્ચે ઝઘડો થયો હતો અને યુવકે મહિલાનું કાસળ કાઢી નાખ્યું હતું.

પોલીસ સુત્રોએ કહ્યું કે વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના મુવાલ ગામની સીમમાં આવેલા નિલગીરીના ખેતરમાંથી દોઢ મહિના પહેલા મહિલાનું કંકાલ મળી આવ્યું હતું. જેને પગલે સમગ્ર સાવલી પંથકમાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં સાવલી પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને કંકાલને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યું હતું અને આ મામલે વધુ તપાસ હાથ ધરી હતી. -ાથમિક તપાસમાં પોલીસને મહિલાની હત્યા કરીને લાશ ખેતરમાં ફેંકી દીધી હતી. આ મામલે વડોદરા જિલ્લા પોલીસ વડા સુશીલ અગ્રવાલે જણાવ્યું હતું કે, મેલડી માતાના મંદિર ખાતે આરોપી સાગરસિંહ દીપસિંહ મકવાણા અને મૃતક મહિલા ભાવનાબેને દર્શન કર્યા હતા. ત્યારબાદ એક કિમી દૂર આવેલા ખેતરમાં ગયા હતા.

જ્યાં પ્રેમી અને પ્રેમિકા વચ્ચે ઝઘડો થયો હતો. યુવકે મહિલાને ઉછીના રૂપિયા આપ્યા હતા, તે પરત લેવા માટે યુવક દબાણ કરતો હતો. જેથી મહિલાએ પ્રેમ પ્રકરણ અંગે યુવકના પરિવારને જણાવી દેવાની ધમકી આપી હતી. જેથી ઉશ્કેલાઈ ગયેલા યુવકે ગળું દબાવીને હત્યા કરી નાખી હતી. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, સમગ્ર ઘટના અંગે પોલીસે મંદિરની આસપાસના સીસીટીવી ચેક કર્યા હતા અને સવા લાખ લોકો ચેક કર્યા હતા. જેમાં આરોપી અને મૃતક મહિલા જોવા મળ્યા હતા. આ કેસમાં સાગરસિંહની ધરપકડ કરવામાં આવી છે. બંને વચ્ચે છેલ્લા છ મહિનાથી -ેમ સંબંધ હતો.




આરોપી પરિણીત છે અને તેને સંતાનો પણ છે. જ્યારે મૃતક મહિલા વિધવા હતા. સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના અંત્રોલીવાસ દોલજી ગામના રહેવાસી દિલીપસિંહ અર્જુનસિંહ પરમાર જે ત્રીસ વર્ષનો છે તેણે સાવલી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ પ્રમાણે દિલીપસિંહ ટ્રક ડ્રાઈવિંગ તેમજ ખેતીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના પિતા અર્જુનસિંહનું બિમારીને કારણે અવસાન થયા બાદ તેમની માતા ભાવનાબેન અરવલ્લી જિલ્લાના સાઠંબા ખાતે રહેતા પોતાના ભાઈ ગોપાલભાઈ મગનભાઈ રાઠોડ સાથે રહેતા હત અને કેટરિંગ તથા પ્રવાસોમાં રસોઈ બનાવવાનું કામ કરતા હતા. ગત એપ્રિલ મહિનામાં ગોપાલભાઈએ દિલીપસિંહને ફોન કરીને જણાવ્યું હતું કે ભાવનાબેન ત્રીસમી માર્ચના રોજ પાવાગઢ માતાજીના દર્શન કરવા ગયા હતા. પરંતુ હજુ સુધી પરત ફર્યા નથી.

ત્યારબાદ પરિવારજનોએ વિવિધ સ્થળોએ તપાસ શરૂ કરી હતી. શરૂઆતમાં પરિવારને લાગ્યું હતું કે, ભાવનાબેન પ્રવાસના કામે ક્યાંક ગયા હશે, કારણ કે તેઓ અગાઉ પણ લાંબા સમય સુધી બહાર રહેતા હતા અને મોબાઈલ ફોન ઘણીવાર બંધ રહેતો હતો. તપાસ દરમિયાન દિલીપસિંહની બહેન હીરલે જણાવ્યું હતું કે, ભાવનાબેન ત્રીસ માર્ચે તેના ઘરે આવ્યા હતા અને કપડવંજ ખાતે સોની પાસે મૂકેલા ચાંદીના છડા છોડાવવા ગયા હતા. ત્યારબાદ તેઓ પાવાગઢ દર્શન કરવા જવાના હોવાનું કહી નીકળી ગયા હતા. ઘણા દિવસો સુધી કોઈ પત્તો ન લાગતા પરિવારજનોએ સગા-સંબંધીઓ તથા આસપાસના ગામોમાં શોધખોળ ચાલુ રાખી હતી. તપાસ દરમિયાન અઢારમી મેના રોજ ગોપાલભાઈએ એક વ્યક્તિના મોબાઈલમાં ભાવનાબેનનો ફોટો જોયો હતો, જેમાં આ સ્ત્રીને કોઈ ઓળખતું હોય તો સાવલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરો તેવું લખાણ હતું. ત્યારબાદ પરિવારજનોએ સાવલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો. પોલીસે પરિવારને બતાવેલા ફોટોગ્રાફ પરથી ભાવનાબેન તથા તેમના કપડાંની ઓળખ કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે, મુવાલ ગામની સીમમાં આવેલા નિલગીરીના ખેતરમાંથી ભાવનાબેનનો કોહવાયેલ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો.

મૃતદેહની બાજુમાંથી કપડાં, રૂ.એક રોકડા ભરેલું પાકીટ, એક ધાતુનો સિક્કો, ચાવી, ચંપલ, હાથની બંગડી અને વીંટી મળી આવી હતી. પરિવારના જણાવ્યા મુજબ ભાવનાબેન પાસે ઓપ્પો કંપનીનો આછા વાદળી રંગનો મોબાઈલ ફોન તેમજ બે જોડી ચાંદીના છડા હતા, જે સ્થળ પરથી મળી આવ્યા નહોતાં. પરિવારજનોએ જણાવ્યું હતું કે ભાવનાબેન સંપૂર્ણ સ્વસ્થ હતા અને કોઈ માનસિક કે શારીરિક બિમારીથી પીડાતા નહોતા. જેથી કોઈ અજાણ્યા શખ્સે તેમને અવાવરૂ જગ્યાએ લઈ જઈ હત્યા કરી નાખી હતી. આ બનાવ અંગે સાવલી પોલીસે અજાણ્યા વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અંતે ગુનાનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી હતી.

ગુનો આચરીને અમુક તરત પકડાય જાય, અમુક વર્ષો સુધી પોલીસને આપતા રહે થાપ

# બળાત્કારનો આરોપી બસીર નવ વર્ષે ઝડપાયો

રાજકોટ,તા.૨૨

ગુના આચરીને ભાગી જતાં અનેક આરોપીઓ એવા હોય છે જે વર્ષો સુધી પોલીસને થાપ આપતા રહે છે. તાજેતરમાં એક એવા શખ્સને પોલીસે દબોચ્યો હતો જે ઓગણીસ વર્ષ પહેલા હત્યા કરીને ભાગ્યો હતો. ક્રાઈમ બ્રાંચે તેને મુંબઈથી પકડ્યો હતો. ત્યાં હવે એક એવા આરોપીને પકડ્યો છે જેના વિરૂધ્ધ નવ વર્ષ પહેલા બળાત્કારનો ગુનો દાખલ થયો હતો. આ શખ્સ ઉપરાંત દારૂના ગુનામાં બે વર્ષથી ફરાર શખ્સને પણ પકડી લેવાયો હતો.

વિગતો પર નજર કરીએ તો શહેર પોલીસની ક્રાઈમ બ્રાન્ચ શાખા હેઠળ કામ કરતી પેરોલ ફરલો સ્ક્વોડે રાજકોટ શહેર મહિલા પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૭માં નોંધાયેલા દૂષ્કર્મના ગંભીર ગુનામાં છેલ્લા ૯ વર્ષથી પોલીસને થાપ આપી નાસતા-ફરતા આરોપીને ચોક્કસ બાતમી અને ટેકનિકલ એનાલિસિસના આધારે રાજકોટ શહેરમાંથી જ દબોચી લીધો હતો. અલગ અલગ ગુનામાં લાંબા સમયથી પોલીસ પકડથી દૂર રહેલા નાસતા-ફરતા અને પેરોલ જમ્પ થયેલા આરોપીઓને ઝડપી પાડવા અધિકારીઓને કડક સુચના આપી હોઇ ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે માહિતી પરથી બસીર અહેમદભાઇ મીરા (રહે. નિલકંઠ પાર્ક-૧-અ, દેવપરા, શ્રમશ્રધ્ધા ચોક પાસે કોઠારીયા રોડ)ને ૯ વર્ષ પહેલાના ગુનામાં તે ફરાર હોઇ ઝડપી લઇ મહિલા પોલીસ સ્ટેશનને સોંપાયો હતો.

આ સૂચના અન્વયે ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ પો. સબ ઈન્સ. એસ. બી. ઘાસુરા અને પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમ સતત વોચમાં હતી. આ દરમિયાન સ્ક્વોડના કર્મચારીઓને હ્યુમન સોર્સ (બાતમીદારો) દ્વારા તેમજ ટેકનિકલ એનાલિસિસની મદદથી ચોક્કસ કડી મળી હતી કે, ૨૦૧૭ના દુષ્કર્મના કેસનો આરોપી રાજકોટ શહેરમાં જ છુપાયેલો છે. આ બાતમીના આધારે પોલીસે ત્વરિત ઓપરેશન હાથ ધરીને આરોપીને કોર્ડન કરી હસ્તગત કર્યો હતો. પકડાયેલા આરોપી બસીર મીરા વિરૂદ્ધ રાજકોટ શહેર મહિલા પોલીસ સ્ટેશનમાં ૦૮/૦૨/૨૦૧૭ના રોજ બળાત્કારનો ગુનો દાખલ થયો હતો.

ગુનો દાખલ થયા બાદ ધરપકડથી



પેરોલ ફરલો સ્ક્વોડે દબોચી લીધોઃ બીજી તરફ દારૂના ગુનામાં બે વર્ષથી ફરાર ગોંડલના શખ્સને આજીડેમ પોલીસે પકડી લીધો

બચવા માટે આરોપી છેલ્લા નવ વર્ષથી સતત પોતાના રહેઠાણો અને આશ્રયસ્થાનો બદલીને પોલીસને હાથતાળી આપી રહ્યો હતો. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલીક, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી ભરત બસીયાની સુચના અંતર્ગત પેરોલ ફરલો સ્ક્વોડના પીઆઇ કે. કે. ગોહિલ, પીએસઆઇ એસ. બી. ઘાસુરા, એએસઆઇ ઝહીરભાઇ ખફીફ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, હેડકોન્સ. રાજદીપસિંહ ચૌહાણ, સીરાજભાઇ ચાનીયા, રોહિતભાઇ કછોટ, અંકિતભાઇ નિમાવત, કોન્સ. અમીનભાઇ ભલુર, કુલદીપસિંહ જાડેજા, મહિલા કોન્સ. શાંતુબેન મુળીયા તથા ડ્રાઈવર કોન્સ. દોલતસિંહ રાઠોડે આ કામગીરી કરી હતી.

બીજી તરફ આજીડેમ પોલીસે દારૂના ગુનામાં બે વર્ષથી ફરાર કિશન ઉર્ફે કાનો વજુભાઇ ગોરીયા (બજરંગ મેડીકલવાળી શેરી, ધર્મભક્તિ સોસાયટી-૨ ગોંડલ)ને પકડી લીધો હતો. આજીડેમ પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૪માં દારૂનો ગુનો નોંધાયો તેમાં ગોંડલના કિશન ઉર્ફે કાનાનું નામ ખુલતાં તે બે વર્ષથી સતત ફરાર હતો. દરમિયાન ડી. સ્ટાફના હેડકોન્સ. પિયુષભાઇ ચીરોડીયા, ગોપાલભાઇ બોળીયાની બાતમી પરથી તેને પકડી લેવાયો હતો. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલીક, ડીસીપી હેતલ પટેલ, એસીપી બી. વી. જાધવની સુચના અંતર્ગત પીઆઇ એચ. એન. પટેલ, પીએસઆઇ એસ. વી. ગોહિલ, એએસઆઇ રવિભાઇ વાંક, હેડકોન્સ. પિયુષભાઇ ચીરોડીયા, હરપાલસિંહ જાડેજા, દેવાંગભાઇ પાલા, ભરતભાઇ જોગીયા, આકાશભાઇ સોલંકી, હિતેષભાઇ અગ્રાવત, કોન્સ. પ્રદિપસિંહ ગોહિલ, ગોપાલભાઇ બોળીયા, મહેશભાઇ કોઠીયાળ, મનિષભાઇ શીરોડીયા, વિરેન્દ્રસિંહ જાડેજા, કુલદીપસિંહ જાડેજા, પ્રતિકભાઇ બોરસદીયાએ આ કામગીરી કરી હતી.

# મંગલ પાર્કમાં જૂગટુ રમતાં 3 મહિલા સહિત ૭ પકડાયા

રાજકોટ,તા.૨૨

જૂગારની મોસમ ખીલવાને હજુ શ્રાવણ મહિનાને થોડુ છેટુ છે. આમ છતાં શોખીનો અત્યારથી ફીલ્ડ માંડવા માંડયા છે. જાહેરમાં જૂગાર રમતાં વધુ સાતને પોલીસે પકડ્યા હતાં. જમાં ત્રણ મહિલાઓ પણ હતી.

આજીડેમ પોલીસ સ્ટેશનના પો.હેડ કોન્સ. હમીરભાઈ ટારીયા, પો.હેડ કોન્સ. રાવતભાઈ ડાંગર, પો.કોન્સ. સંજયભાઈ રાઠોડ તથા મહિલા પો.કોન્સ. મનિષાબેન બેલા સહિતનો સ્ટાફ વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતો. આ દરમ્યાન શીવ ભવાની ચોક પાસે પહોંચતા પોલીસને ખાનગી રાહે ચોક્કસ હકિકત મળી હતી કે, કોઠારીયા મેઈન રોડ, મંગલ પાર્ક શેરી નં-૨માં જીતેન્દ્રભાઇ વેકરીયાના ઘરની બહાર દીવાલ પાસે શેરીમાં જાહેરમાં અમુક મહિલાઓ અને પુરૂષો જુગાર રમી રહ્યા છે. બાતમી મળતાની સાથે જ પોલીસ સ્ટાફે દરોડો પાડ્યો હતો. જાહેરમાં ગોળ કુંડાળુ વળીને જૂગાર રમી રહેલા સાતને કોર્ડન કરી પુછતાછ કરતાં તેણે પોતાના નામ જીતેન્દ્ર ઉર્ફે જીતુ અરજણભાઇ વેકરીયા (ઉ.વ. ૪૫, ધંધો-મજુરી, રહે. મંગલપાર્ક-૨), રીયાજ ઉર્ફે લાલો રજાકભાઇ લીંગડીયા (ઉ.વ. ૩૦, ધંધો-મજુરી, રહે. બાબરીયા



કોલોની), સાજીદ હુસેનભાઈ શમા (ઉ.વ. ૨૨, ધંધો-મજુરી, રહે. બાબરીયા કોલોની), જાફર હુસેનભાઈ શમા (ઉ.વ. ૨૦, ધંધો-મજુરી, રહે. બાબરીયા કોલોની), પ્રીતિબેન વિજયભાઈ કિશોરભાઇ ટાંક (ઉ.વ. ૩૮, ધંધો-ઘરકામ, રહે. મંગલપાર્ક-૨), સલમાબેન અજરૂદ્દીનભાઈ પઠાણ (ઉ.વ. ૧૮, ધંધો-ઘરકામ, રહે. બાબરીયા કોલોની) અને સલીનાબેન સાજીદ હુસેનભાઈ શમા (ઉ.વ. ૨૬, ધંધો-ઘરકામ, રહે. બાબરીયા કોલોની)જણાવ્યા હતાં. પોલીસે ૩૪૪૦ રોકડા કબ્જે કર્યા હતાં.

વાહનો સામ સામે આવી જવા, અથડાઇ જવા કે ઓવરટેઇક કરવા જેવા મામલે બોલી જાય છે બાકાઝીકી

# ઓવરટેઇકનો ડખ્ખો વકર્યોઃ પાંચ ભાઇઓ પર હુમલોઃ હત્યાનો પ્રયાસ

## કાગદડીના પાટીયે હોટલ પાસે સમાધાનની વાત કરવા બોલાવી વાછકપર બેડીના આઠ જણાએ ટુંકાગાળામાં બબ્બે હુમલા કરી નાંખ્યાઃ કુવાડવા પોલીસે એફઆઈઆર દાખલ કરી

રાજકોટ,તા.૨૨

શહેરમાં અને આસપાના ગામોમાં વાહન અથડાવા જેવી વાતે કે પછી ઓવરટેઇક કરવા જેવી વાતે બટાઝટીની ઘટનાઓ અવાર-નવાર બને છે. આવી જ એક ઘટના રાજકોટ-મોરબી હાઈવે પર આવેલ કાગદડી ગામના પાટિયા પાસે બની છે. જેમાં વાહન ઓવરટેઇક મામલે થયેલી બોલાચાલીનું સમાધાન કરવા વાછકપરના યુવાનને કાગદડીના પાટીયે હોટલ પાસે બોલાવાતાં આ યુવાન તેના ભાઇઓ, ભત્રીજા મળી પાંચ જણા ત્યાં જતાં સામેના પક્ષના આઠ જણાએ આવી છરી ધોકાથી હુમલો કર્યો હતો. એક વખત માર મારી ભાગી ગયેલા આ શખ્સો થોડી જ વારમાં પાછા આવ્યા હતાં અને મારી જ નાખવાના થાય છે એવા બરાડા પાડી પાછા તૂટી પડ્યા હતાં. આ હુમલામાં બે જણાને ગંભીર ઇજા થઇ હતી. ત્રણને પ્રાથમિક સારવાર અપાઇ હતી. હત્યાની કોશિષ, રાયોટીંગનો ગુનો પોલીસે દાખલ કર્યો હતો.

વિગતો પર નજર કરીએ તો રાજકોટના વાછકપર બેડી ગામે રહેતાં વીસ વર્ષના રાહુલ ઘેલાભાઇ હાડગરડા-ભરવાડ તેના કાકાના દિકરા ત્રેવીસ વર્ષના હરેશ નાગજીભાઇ હાડગરડા, ઓગણીસ વર્ષના વિશાલ કમાભાઇ હાડગરડા અને ભત્રીજા એકવીસ વર્ષના અક્ષય મોતીભાઇ હાડગરડા ઉપર રાતે દસેક વાગ્યે કાગદડીના પાટીયા પાસે વાછકપર બેડીના આઠ શખ્સોએ છરી-ધોકાથી હુમલો કરતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે કુવાડવા રોડ પોલીસને જાણ કરી હતી. પોલીસે આ બનાવમાં વાછકપર રહેતાં અને ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતાં ભગવાનજી ઘેલાભાઇ હાડગરડા નામના ત્રીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી તેના જ ગામના અજય નાનજીભાઇ ટોયટા-ભરવાડ, વિજય નાનજીભાઇ ટોયટા, ભરત નાનજીભાઇ ટોયટા, કાના વીરમભાઇ હાડગરડા, લાલા વીરમભાઇ હાડગરડા, મુન્ના



ગીગનાભાઇ ફાંગલીયા અને હડાળાના સુરેશ ગીગાભાઇ ફાંગલીયા વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો હતો.

વધુ માહિતી અનુસાર ભગવાનજી હાડગરડા બોલેરો પીકઅપનું ડ્રાઇવીંગ કરી ગુજરાનલ ચલાવે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે ગઇકાલે ૨૧મીએ તેના કાકાના દીકરા હરેશને દિવસ દરમિયાન ગામના જ અજય નાનજીભાઈ ટોયટા સાથે રસ્તા પર વાહન ઓવરટેક કરવા બાબતે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ બાબતે સમાધાન અથવા વાતચીત કરવા માટે અજયે હરેશ અને તેના ભાઈ રાહુલને ફોન કરીને કાગદડી પાટિયા પાસે આવેલી કનૈયા હોટલ પર આવવાનું કહ્યું હતું.

આ વાતની જાણ થતાં જ મોટા ભાઈ ભગવાનજી પોતાની બોલેરો ગાડી લઈને કનૈયા હોટલ પર પહોંચ્યા હતો.

જ્યાં તેમનો ભાઈ રાહુલ, કાકાના દીકરા હરેશ અને વિશાલ, તથા ભત્રીજો અક્ષય હાજર હતા. ભગવાનજી હજુ ગાડીમાંથી ઉતરીને તેમની પાસે જતો હતો ત્યાં બે મોટરસાયકલ અને એક સીએનજી ઓટો રિક્ષામાં આઠ શખ્સોનું ધસી આવ્યું હતું. જેમાં અજય, વિજય, ભરત, લાલો, સુજીત, મુનો, સુરેશ સહિતના હતાં. આ બધાએ ટોળકી રચી બેફામ ગાળો આપવાનું શરૂ કર્યું હતું. ભગવાનજીએ વચ્ચે પડીને ઝગડો ન કરવા સમજાવવાનો પ્રયાસ કરતા જ વિજયટોયટાએ રિક્ષામાંથી ધોકો કાઢી ભગવાનજીના માથાના પાછળના ભાગે ફટકારી દીધો હતો, જેનાથી તેઓ લોહીલુહાણ થઈને નીચે પડી ગયો હતો.

બાદમાં હુમલાખોરોએ તેના ભાઈ રાહુલને પણ માથામાં ધોકો મારી દીધો હતો અને અન્ય ભાઈઓને ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. લોકોનું ટોળું એકઠું થતાં હુમલાખોરો ત્યાંથી નાસી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત ભાઈઓ હજુ હોસ્પિટલ જવાની તૈયારી કરી રહ્યા હતા, ત્યાં જ આ આઠેય શખ્સો ફરીથી આજે તમને પાંચેયને જાનથી મારી નાખવા છે તેવી બૂમો પાડતા છરીઓ અને ધોકા સાથે તૂટી પડ્યા હતા. જેમાં હરેશને હાડગરડાને અજય ટોયટાએ છાતી, બાવડાના ભાગે છરીના ઘા ઝીંક્યા હતાં. અક્ષયને પડખા, નાક પર અને છાતીમાં ઘા માર્યા હતાં.

તેમજ વિશાલને બાવડા, વાંસાના ભાગે છરીથી ઇજા પહોંચાડાઇ હતી. બાકીના શખ્સોએ ધોકા વડે પાંચેય ભાઈઓને આડેધડ માર માર્યો હતો. બનાવને પગલે કોઈ સ્થાનીક વ્યક્તિએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતા ઈજાગ્રસ્ત રાહુલ, વિશાલ અને હરેશ સહિત ચારેયને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે ભગવાનજી અને અક્ષય પોતાની બોલેરો ગાડી દ્વારા હોસ્પિટલ પહોંચ્યા હતા. ભગવાનજીને માથામાં ૬ થી ૭ ટાંકા આવ્યા હોઈ પ્રાથમિક સારવાર બાદ રજા અપાઈ છે. જ્યારે રાહુલ, હરેશ, વિશાલ, અક્ષયને દાખલ કરાયા હતાં. સર્જીકલ વોર્ડ-૪ માં દાખલ છે. અહિથી વધુ ઇજા પામનાર વિશાલ, હરેશ અને અક્ષયને વધુ સારવાર માટે મધુરમ હોસ્પિટલમાં રીફર કરાવમાં આવ્યા હતાં. ભગવાનજી હાડગરડાની ફરિયાદના આધારે પોલીસે આઠેય આરોપીઓ સામે ગેરકાયદે મંડળી રચી હુમલો કરી હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કર્યો છે. કુવાડવા ઇન્સપેક્ટર વી. આર. વસાવા, અજીતભાઇ લોખીલ સહિતે ફરિયાદ દાખલ કરી આરોપીઓને ઝડપી લેવા તજવીજ કરી હતી.

### આરટીઓના ઇ-ચલાણની અને કંકોત્રીની એપીકે ફાઇલ પછી હવે નવુ ગતકડું

# ગેસ એજન્સીના નામે ગોલમાલ: યુવાને ૭ લાખ ગુમાવ્યા

## વ્હોટ્સએપમાં તમારુ કનેકશન કપાઇ જશે એવી નોટીસ મોકલી પછી પ્રોસીઝર માટે એપીકે ફાઇલ મોકલી: યુવાને ફાઇલ ખોલી વિગતો ભરી એ સાથે જ ખાતામાંથી ઉપડી ગયા નાણા : બીજી ઘટનામાં પાનના ગલ્લાવાળાને ગાંજાના કેસમાં ફસાવવાની ધમકી દઇ હોમગાર્ડ, જીઆરડીએ ચલાવી લૂંટ: ત્રણેયની ધરપકડ

રાજકોટ,તા.૨૨

સાયબર ફ્રોડની સતત બની રહેલી ઘટનાઓ વચ્ચે વધુ એક ફ્રોડ થયું છે. ગઠીયાઓ અલગ અલગ પ્રકારની એપીકે ફાઇલનો પણ ફ્રોડ માટે વધુ ઉપયોગ કરી રહ્યા છે. ગેસ એજન્સીના નામે એપીકે ફાઇલ મોકલી પછી ફોન કરી તત્કાળ તમે એપીકે ફાઇલ મોકલી છે તે ઓપન કરીને ડેટા નહિ ભરો તો ગેસ કનેક્શન કપાઇ જશે તેમ કહી એપીકે ફાઇલ ડાઉનલોડ કરાવી મોબાઇલ હેક કરી ફ્રોડ કરવામાં આવી રહ્યું છે. આ રીતે એક યુવાનના છ લાખ અડસઠ હજાર ઉપાડી લેવાયા હતાં. ગઠીયાઓએ વ્હોટ્સએપમાં ગેસ એજન્સીના નામે નોટીસ ફટકારતો મેસેજ મોકલી આ ઠગાઇ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદના હાંસોલમાં રહેતા યુવક સાથે સાઇબર ગઠિયાઓએ ગેસ કનેક્શન કાપી નાખવાનું કહીને એપીકે ફાઇલ ડાઉનલોડ કરાવી હતી. ગઠિયાઓએ યુવકના ફોનનું એક્સેસ મેળવીને યુવકની જાણ બહાર અલગ અલગ ટ્રાન્ઝેક્શન કરીને યુવકના ખાતામાંથી ૬.૬૮ લાખ રૂપિયા ટ્રાન્સફર કરી લીધા હતા.યુવકને આ અંગે જાણ થતા સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી. હાંસોલમાં રહેતો પાંત્રીસ વર્ષીય યુવક રેડીમેડ કપડાનો વેપાર કરે છે. યુવકના મોબાઈલ પર વોટ્સએપમાં એક મેસેજ આવ્યો હતો. જેમાં સાબરમતી ગેસ લિમિટેડની નોટિસ હતી. આ નોટિસમાં લખ્યું હતું કે તમારું ગેસ કનેક્શન કાપી નાખવામાં આવે છે. જેથી યુવકે જે નંબર પરથી મેસેજ આવ્યો તેમાં વોટ્સએપ કોલ કર્યો હતો.

સામે વાત કરનાર વ્યક્તિએ જણાવ્યું હતું કે હું તમને ફાઈલ મોકલી આપું છું, જેમાં એપ્લિકેશન ડાઉનલોડ કરી નાખો અને તમારી જૂની એપ્લિકેશન અપડેટ નથી. જેથી અમારી પાસે તમારી માહિતી નથી. ગઠીયાઓના કહ્યા મુજબ નવી એપ્લિકેશન ડાઉનલોડ કરી અને તેમાં વિગતો પણ એડ કરી હતી.જે બાદ ગઠીયાઓએ યુવકને કહ્યું તે પ્રમાણે યુવકે બાર રૂપિયાનું પેમેન્ટ પણ કર્યું હતું.યુવકે બેંકની વિગતો નાખી તે બાદ ત્રીસ મિનિટ રાહ જોવાનું જણાવ્યું હતું.




થોડા સમયમાં જ યુવકના ફોનનું એક્સેસ મેળવીને ગઠિયાઓએ ત્રણ અલગ અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા યુવકના ખાતામાંથી કુલ ૬.૬૮ લાખ રૂપિયા ઉપાડી લીધા હતા.યુવકને પૈસા ઉપાડ્યાના મેસેજ આવતા બેંકમાં જઈને તપાસ કરી ત્યારે યુવક સાથે સાઇબર ક્રાઇમ થયાની જાણ થઈ હતી. આ અંગે યુવકે સાયબર ક્રાઇમમાં અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આમ ગેસ એજન્સીના નામે ગઠીયાઓ ગોલમાલ કરી ગયા હતાં.

મોટે ભાગે ગઠીયાઓ આરટીઓના ઇ-ચલાણના નામે એપીકે ફાઇલ મોકલી ઠગાઇ કરી રહ્યા છે. આ વચ્ચે હાલમાં ગેસની અછતની ફરિયાદો વચ્ચે હવે ગેસ એજન્સીના નામનો પણ ગઠીયા ઉપયોગ કરતાં થયા છે. ત્યારે ખાસ કરીને જેના નામથી ગેસ કનેકશન નોંધાયેલા હોય તેણે આ પ્રકારના કોઈપણ મેસેજ આવે તો શક્ય હોય તો ગેસ એજન્સી ખાતે રૂબરૂ જઇને અથવા તો અન્ય રીતે ખરાઇ કરી પછી જ આગળ કાર્યવાહી કરવી જોઇએ જેથી કરીને આવા ફ્રોડથી બચી શકાય. બીજી એક ઘટનામાં નાની દમણ હાટિયાવાડ ખાતે રહેતા અને બલીઠા આલોક કંપની સામે પાનનો ગલ્લો ચલાવતા એકત્રીસ વર્ષીય સુરજ વિજય પાન્ડે ગલ્લા આગળ હતો ત્યારે રોડ પર એક ક્રેટા કાર આવી અને તેમાંથી બે માણસો ઉતરીને ગલ્લા પર આવી કહ્યું કે, અમે પોલીસ છીએ તુ ગાંજાનું વેચાણ કરે છે કહેતા સૂરજે કહ્યું કે, હું કોઇ ગાંજાનું વેચાણ કરતો નથી. જે બાદ તેઓ સુરજનો હાથ પકડી ક્રેટા કારમાં પાછળની સીટમાં બેસાડતા ડ્રાઈવિંગ સીટ પર એક યુવક અગાઉથી બેસેલ હતો.

તે બાદ કાર હંકારતા મુઝે કહાં લે જા રહે હો કહેતા ચુપચાપ બેઠ નહીં તો માર ખાયેગા કહી કાર મેરીલ ગેટની સામે નહેરવાળા રોડ થઈ જમણી તરફ બલીઠા ક્રિકેટ ગ્રાઉન્ડ પર લઇ જઇ ત્રણેય કહેવા લાગ્યા કે, તુ તારા ગલ્લા ઉપર ગાંજો વેચે છે તેથી તને ગાંજાના મોટા કેસમાં ફસાવી દઇશ અને તુ જેલમાંથી છુટીશ પણ નહીં.

હું ગાંજો વેચતો નથી મને છોડી દો કહેતા ગાળો આપી તને આજે ગાંજાના કેસમાં ફીટ જ કરી દેવાનો છે કહી ડરાવવા લાગ્યા હતા. જે કંઇ રૂપિયા હોય તે આપી દે કહેતા મારી પાસે રૂપિયા નથી તેમ ફરિયાદીએ કહ્યું હતું. જે બાદ સાથે બેસેલા ઇસમે એકાઉન્ટમાં રૂપિયા હશે જ કહી મોબાઇલનો સ્ક્રિન લોક ખોલાવી બળજબરીથી નવી એપનો પેટર્ન લોક ખોલાવી એસબીઆઇ બેંક ખાતામાંથી રૂ. ૯૦,૦૦૦ તેમના ખાતામાં ટ્રાન્સફર કરાવી યુવકને કારમાંથી ઉતારી ફરાર થઈ ગયા હતા.

આ ત્રણેય પૈકી એક હોમગાર્ડ અને બે જીઆરડી હોવાનું બહાર આવતા ત્રણેયની ધરપકડ કરી છે. ટાઉન પીઆઇ કે. બી. ઝાલાએ જણાવ્યું કે ત્રણેયને કોર્ટમાં રજૂ કરી બે દિવસના રિમાન્ડ મેળવી તપાસ શરૂ કરાઇ છે. આ ૩ હોમગાર્ડ અને જીઆરડી પોલીસ કર્મી બનીને લૂંટ કરવા ગયા હતાં. હોમગાર્ડ રાજેશ રમણ રાઠોડ, જીઆરડી વિજય ગોકુળ ભરવાડ, જીઆરડી સુશીલ સુરેશ ગુપ્તાએ ફરિયાદી સુરજને પોતે પોલીસ હોવાની ઓળખ આપી તેની પાસેથી રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા હતા. ત્રણેયની વધુ પુછતાછ થઇ રહી છે.

### જેનુ ખાતા હોય એની જ પથારી ફેરવવાની બે ઘટના: બે કંપની સાથે ફ્રોડ

# બે કર્મચારીઓ કંપનીના દોઢ કરોડ રૂપિયા ઉસેડી ગયા

રાજકોટ,તા.૨૨

કંપનીઓ સાથે કર્મચારીઓ દ્વારા જ થઇ રહેલી ઠગાઇની ઘટનાઓમાં વધુ બે બનાવ સામે આવ્યા છે. જેમાં એક બનાવમાં બે કર્મચારીએ કંપનીની સિસ્ટમમાં છીંડુ શોધી દોઢ કરોડ પોતાના ખાતામાં લઇ લીધા હતાં. આ પૈસાનો બંનેએ છુટથી ઉપયોગ કર્યો હતો. જો કે છ વર્ષ બાદ તેના ઘપલા ગોટાળાનો ભાંડો ફૂટ્યો હતો. બીજી ઘટનામાં એક મોબાઇલ શોપના એકાઉન્ટ મેનેજર અને તેની પત્નિએ કંપનીના પોર્ટલમાં ડેટા નાંખી સવા બે કરોડથી વધુની ઉચાપત કરી લીધી હતી.

પ્રથમ ફ્રોડ પર નજર કરીએ તો અમદાવાદ એલિસબ્રિજ ગુજરાત કોલેજ પાસે આવેલી આઇટી કંપનીમાં સપોર્ટ હેડ તરીકે નોકરી કરતા બે કર્મચારીઓએ સત્તાનો દુરુપયોગ કરીને ઇ-ટેન્ડર અને ઇ-ઓક્શનના ક્લાયન્ટને પરત કરવાના સોટવેરમાં પોતાના અંગત બેંક એકાઉન્ટ ઉમેરીને એક કરોડ છપ્પન લાખ રૂપિયાની ઉચાપત કરી હોવાની ફરિયાદ એલિસબ્રિજ પોલીસ મથકે નોંધવામાં આવી છે. એલિસબ્રિજ ગુજરાત કોલેજ પાસે આવેલી આઇટી કંપનીએ ટેકનિકલ ઓડિટ કરતા, છેલ્લા છ વર્ષથી કરવામાં આવતી છેતરપિંડીનો આ સમગ્ર મામલો સામે આવ્યો હતો.




**છ વર્ષ પછી છેક ભોપાળુ ખુલ્યું: બીજી ઘટનામાં મોબાઇલ શોપના એકાઉન્ટ મેનેજરે પત્નિ સાથે મળી કંપનીના બે કરોડ બત્રીસ લાખ ગપચાવ્યા**

પોલીસ સુત્રોએ કહ્યું કે એલિસબ્રિજ ગુજરાત કોલેજ પાસે આવેલા વોલ સ્ટ્રીટ-૨ કોમ્પ્લેક્સમાં સ્થિત આઇટી કંપનીમાં ફાઇનાન્સ હેડ તરીકે ફરજ બજાવતા ધ્વની કામાણીએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેમની કંપની વિવિધ ઇ-ઓક્શન અને ઇ-ટેન્ડરિંગની કામગીરી કરે છે. જેમાં વિવિધ ક્લાયન્ટ કંપનીઓ દ્વારા નાણાં આ આઇટી કંપનીમાં જમા કરાવવામાં આવે છે. આ નાણાંની જવાબદારી અને ટેકનિકલ કામ તેમના સપોર્ટ સિસ્ટમના હેડ ધરમ રાઠોડ અને નિખિલ ખલાસની હતી. બંને મહત્વની પોસ્ટ પર હોવાથી તેમને કંપનીના તમામ એક્સેસ અને પાસવર્ડ આપવામાં આવ્યા હતા.

ત્યારબાદ થોડા મહિના પહેલા ટેકનિકલ એનાલિસિસ દરમિયાન કંપનીના વડાને જાણવા મળ્યું હતું કે કંપનીની સિસ્ટમમાં ચેડાં થયા છે અને આઇટી કંપનીએ તેમના ગ્રાહકોને પરત કરવાના નાણાંના બેંક એકાઉન્ટ બદલાયા હતા. જે અંગે તપાસ કરતા માલૂમ પડ્યું કે, ધરમ રાઠોડ અને નિખિલ ખલાસે આઇડી અને પાસવર્ડનો ઉપયોગ કરીને સિસ્ટમમાં કુલ ત્રણ બેંક એકાઉન્ટ નંબર બદલી નાખ્યા હતા. જેમાં એક ખાતું ધરમ રાઠોડનું હતું તો બીજું ખાતું નિખિલ ખલાસનું હતું અને ત્રીજું બેંક ખાતું નિખિલની પત્નિ પ્રિયંકાનું હતું. આ ત્રણેય એકાઉન્ટમાં છ વર્ષ દરમિયાન કુલ ૧.૫૬ કરોડ રૂપિયાની ઉચાપત કરવામાં આવી હતી. આ અંગે એલિસબ્રિજ પોલીસે ગુનો નોંધીને આગળની તપાસ શરૂ કરી હતી. બીજી આવી ઠગાઇ જોઇએ તો સંગમ ચાર રસ્તા પાસે આવેલી મોબાઇલ શોપના એકાઉન્ટ મેનેજર તથા તેમની પત્નીએ કંપનીના બેન્ક એકાઉન્ટના પોર્ટલમાં ડેટા નાખી રૂ. ૨.૩૨ કરોડની ઉચાપત કરી હોવાની ફરિયાદ નોંધાતા પોલીસે તત્કાળ કાર્યવાહી કરી આ બનાવમાં સંડોવાયેલા એકાઉન્ટન્ટની ધરપકડ કરી હતી. અદાલતમાં રજૂ કરી તપાસ અધિકારીએ રિમાન્ડની માંગણી કરતા જ્યુ. મેજિસ્ટ્રેટે આરોપીના બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. કેસની વિગત એવી છે કે, ખાનગી મોબાઈલ દુકાનમાં મિનલ મનોહરભાઇ ક્ષીરસાગર ઓગસ્ટ ૨૦૧૭થી એકાઉન્ટ મેનેજર તરીકે નોકરી કરતો હતો. ડિસેમ્બર ૨૦૨૫માં ઓડિટ કરાવવામાં આવતાં તેમાં જાણવા મળ્યું હતું કે, મિનલે ફરજ દરમિયાન પત્નિ પ્રાચી સાથે મળી બનાવટી દસ્તાવેજો ભા કરી કંપનીના બેન્ક એકાઉન્ટના પોર્ટલમાં પોતાના અલગ-અલગ એકાઉન્ટ નંબરો નાખી ડિજિટલ રેકોર્ડ ભા કર્યા હતા. ત્યારબાદ તપાસમાં ૫૭.૮૦ લાખ પોતાના એકાઉન્ટમાં ચેકથી ટ્રાન્સફર કર્યા હોવાનું અને દુકાનમાં આવતી રોકડ રકમ પૈકી ૧.૭૫ કરોડની રકમ પોતાના એકાઉન્ટમાં જમા કરાવી કુલ રૂ. ૨.૩૨ કરોડની ઉચાપત કરી હોવાનું જણાયું હતું. આ બનાવ અંગે વારસિયા પોલીસે ગુનો દાખલ કર્યા બાદ આરોપી મીનલ ક્ષીરસાગરની ધરપકડ કરી હતી.

# ગાળો ભાંડવાની ના પાડતાં બે મિત્રોને ધોકા ફટકાર્યા: હાથ-પગમાં ફ્રેકચર

## ત્રાજપર ગામની ઘટના: બહેનના પાડોશીઓએ કર્યો હુમલો: બંને મિત્રો રાજકોટ સારવાર હેઠળ

રાજકોટ,તા.૨૨

મારામારીની એક ઘટનામાં જુના મનદુ:ખને કારણે ગાળાગાળી કરી બે મિત્રો પર ત્રણેક શખ્સોએ ધોકાથી હીચકારો હુમલો કરી ગંભીર ઇજા પહોંચાડી હતી. મોરબીના ત્રાજપર ખારી ગામે જુના મનદુ:ખને કારણે ગાળો દેવા મામલે બે મિત્રો પર ત્રણ શખ્સોએ ધારીયાથી હુમલો કરી ગંભીર ઇજાઓ પહોંચાડતાં બંનેને મોરબી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતં.



વિગતો અનુસાર ત્રાજપર ગામે રહેતો બાવીસ વર્ષનો દીપકભાઇ જેરામભાઇ દેથરીયા અને તેનો મિત્રો મોરબી ઇન્દિરાનગરમાં રહેતો ત્રીસેક વર્ષનો ગોવિંદ ધીરૂભાઇ સુરેલા રાતે દસેક વાગ્યે ત્રાજપર ખારીમાં દીપકભાઇના બહેન ગુડીબેન જયેશભાઇ ચૌહાણના ઘરે ગયા ત્યારે પાડોશમાં રહેતાં દીપુક, હકુ સહિતનાએ કારણ વગર ઝઘડો કરી ગાળો દેતાં દીપકભાઇએ ગાળો બોલવાની ના પાડતાં આ શખ્સોએ ઉશ્કેરાઇ જઇ તેના પર ધારીયા, ધોકાથી હુમલો કરી બેફામ માર મારતાં મિત્ર ગોવિંદભાઇ વચ્ચે પડતાં તેને પણ લોહીલુહાણ કરી નાખ્યો હતો.

દેકારો થતાં બીજા લોકો ભેગા થઇ જતાં હુમલાખોરો ભાગી ગયા હતાં. દીપકભાઇ અને ગોવિંદભાઇને હાથ, પગ, શરીરે ઇજાઓ થતાં મોરબી સારવાર અપાવી વધુ સારવાર માટે રાજકોટ ખસેડાતાં ઓર્થોપેડીક વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા છે. દીપકભાઇએ જણાવ્યું હતું કે અગાઉ ત્રણેક મહિના પહેલા મારા બહેનના ભત્રીજા સાથે બહેનના પાડોશીઓને બોલાચાલી થઇ હતી. તે વખતે પોતે વચ્ચે પડ્યો હતો તેથી હકુ, દીપુ સહિતની સાથે મનદુ:ખ ચાલતું હતું. ગત રાતે પોતે અને મિત્ર બહેનના ઘરે આટો મારવા ગયા ત્યારે આ શખ્સોએ આવી ગાળો દેવાનું ચાલુ કરતાં તેને ગાળો બોલવાની ના પાડતાં ઉશ્કેરાઇ જઇ હુમલો કર્યો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે મોરબી બી-ડિવીઝન પોલીસને જાણ કરતાં વિશેષ તપાસ હાથ ધરવામાં આવી હતી.

### રાજ્યભરમાં વ્યાજખોરીના દુષણને ડામવા પોલીસના પ્રયાસો છતાં સફળતા નહિવત

# ત્રીસ લાખ સામે પોણો કરોડ ચુકવ્યા છતાં વ્યાજ માટે ધમકી

## હોસ્પિટલ સંચાલકે સંસાધનો વિકસાસવા માટે દસ ટકાના વ્યાજે નાણા લીધા હતાં: સતત ત્રાસથી કંટાળી અંતે પોલીસને જાણ કરી




રાજકોટ,તા.૨૨

વ્યાજખોરીના દુષણને ડામવાના રાજ્યની પોલીસના અનેક પ્રયાસો છતાં આ દુષણને ડામી શકાતું નથી. વ્યાજખોરીમાં ફસાઇને લોકો આપઘાત કે આપઘાતનો પ્રયાસ કરતાં હોવાના બનાવો વારંવાર બનતા રહે છે. વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં ત્રીસ લાખની સામે અધધધ પોણો કરોડથી વધુ રૂપિયા ચુકવી દીધા હોવા છતાં વ્યાજખોરો વધુ નાણા માટે ધાકધમકી આપતાં હોઇ અંતે ફરિયાદ દાખલ કરાવાઇ હતી. એક હોસ્પિટલના સંચાલક આ વખતે વ્યાજખોરીમાં ફસાયા હતાં. તેણે દસ ટકા વ્યાજે નાણા લીધા હતાં તેની સામે પંચોતેર લાખ સાંઇઠ હજાર ચુકવ્યા હતાં. છતાં વ્યાજખોરો ધરાયા નહોતાં.

વિગતો પર નજર કરીએ તો વાપીની આ ઘટના છે. કાસિન્દ્રા ખાનગી હોસ્પિટલના સંચાલકે માસિક ૧૦ ટકા વ્યાજે રૂ.૩૦ લાખની રકમ મેળવી વ્યાજ સહિત રૂ.૭૫.૬૦ લાખ ચૂકવ્યા હોવા છતાં ભાત ગામનો વ્યાજખોર શખ્સ હજુ પણ મૂડી અને વ્યાજના નાણાંની ઉઘરાણી કરી ધમકીઓ આપતાં હોસ્પિટલ સંચાલકે અસલાલી પોલીસ સ્ટેશનમાં વ્યાજખોર સામે ફરિયાદ દાખલ કરી હતી. દસક્રોઈના કાસીન્દ્રા ગામ ખાતે સત્વ હોસ્પીટલ નામની જનરલ હોસ્પિટલ શરૂ કરનાર મૂળ દેત્રોજના અને હાલ કાસિન્દ્રમાં રહેતા અંકીતભાઈ દિનેશભાઈ શાહને હોસ્પિટલ શરૂ કરતી વખતે મશીનો અને અન્ય સામગ્રી ખરીદવા માટે તેમને નાણાંની જરૂર પડી હતી.

આ માટે અગાઉ અંકિતભાઈને ભાત ગામે દવાખાનું હોવાથી ગામના ભરતભાઈ વશરામભાઇ રબારી જેઓ વ્યાજે નાણાં આપે છે, તેમની પાસેથી માસિક ૧૦ ટકાના વ્યાજે અલગ અલગ સમયે કુલ રૂ.૩૦ લાખ વ્યાજે લીધા હતા. બદલામાં બાહેંધરી પેટે કોરા ચેક આપેલ હતા. અંકિતભાઈ શાહે શરૂઆતના બે વર્ષમાં અલગ અલગ સમયે વ્યાજ પેટે કુલ ૭૨ લાખ રૂપિયા રોકડા ચૂકવ્યા હતા. આમ છતાં ભરતભાઈ ફોન કરીને તેમજ રૂબરૂમાં મળીને અંકિતભાઈને અવાર-નવાર ધમકી આપતા અને કહેતા કે, તારે જે કરવું હોય તે કર પણ તારે મારા વ્યાજના લેવાના બાકી નાણા તથા ત્રીસ લાખ મુડી પરત આપવી જ પડશે.

આ પછી અંકિતભાઈએ માસિક ૪ ટકા વ્યાજ આપવા નક્કી અલગ અલગ સમયે ૧,૨૦,૦૦૦ રોકડા તેમજ ૨,૪૦,૦૦૦ ઓનલાઇન મળી કુલ ૭૫,૬૦,૦૦ ચૂકવ્યા હોવા છતાં ભરતભાઇ રૂ. ૩૦ લાખ મૂડીના અને વ્યાજના નાણાની અવારનવાર ઉઘરાણી કરી ધમકીઓ આપી હેરાન કરી જાહેરમાં ગમે ત્યાં જેમ ફાવે તેમ ગાળો બોલતાં અંકિતભાઈએ વ્યાજખોર ભરતભાઇ વિરૂધ્ધ અસલાલી પોલીસમાં ફરિયાદ દાખલ કરાવી છે.

દર મહિને દસ ટકાના વ્યાજે રૂ.૩૦ લાખની સામે રૂ.૭૨ લાખ ચૂકવ્યા હોવા છતાં ભરતભાઇ, અંકિતભાઈને તારે જે કરવું હોય તે કર પણ તારે મારા વ્યાજના લેવાના બાકી નાણા તથા રૂ. ૩૦ લાખ મુડી પરત આપવી પડશે. અંતે ૪ ટકા વ્યાજ દર નક્કી કરી રૂ. ૩.૬૦ લાખ ભરપાઈ સાથે કુલ રૂ.૭૫.૬૦ લાખ ચૂકવ્યા છતાં હજુ ધમકી આપી ઉઘરાણી કરે છે. તેવી વિગતો પોલીસ તપાસમાં સામે આવતાં ગુનો દાખલ કરાયો હતો. આ પ્રકારની વ્યાજખોરીની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. તાજતેરમાં રાજકોટમાં છ વ્યાજખોરોથી કંટાળી એક વાળંદ યુવાને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પોલીસે આ મામલે છએય સામે ગુનો નોંધ્યો હતો. આવી વ્યાજંકવાદની ઘટનાઓમાં પોલીસ આકરી કાર્યવાહી કરતી જ હોય છે. આમ છતાં ચામડાતોડ વ્યાજખોરો પર આની કોઇ અસર હોય તેમ જણાતું નથી.

# કચરાના નિકાલ માટે મનપા રિ-યુઝ ટ્રાન્સફર સ્ટેશન કરશે ઉભા

**પ્રાથમિક તબક્કે યોજનાનું ઘડતર : રાજકોટ મેટ્રો સિટી તરફ આગળ વધી રહ્યું છે ત્યારે શહેરને સ્વચ્છ બનાવવાનો નિરધાર : કન્ટ્રકશન વેસ્ટને એકત્ર કરવા દરેક ઝોનમાં બે બે કલેકશન સેન્ટર કરશે ઉભા : ટાઉન પ્લાનીંગ વિભાગને દરખાસ્ત મોકલી દેવાનું આવ્યું સામે, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગનું નવતર પગલું**



રાજકોટ, તા. ૨૨

રાજકોટ દિવસેને દિવસે વિકાસની હરણફાળ ભરી રહ્યું છે. રાજકોટમાં ઘણા ખરા વિસ્તારો હાલ મહાનગરપાલિકામાં ભળી ગયા છે અને વસ્તીમાં પણ વધારો નોંધાયો છે ત્યારે આ તમામ પરિબળોને જો ગંભીરતાથી સમજવામાં આવે તો એ વાત સ્પષ્ટ છે કે કચરો પણ વધે જે વરવી વાસ્તવિકતા છે ત્યારે આ કચરાનો યોગ્ય નિકાલ થાય તે માટેની વ્યવસ્થા ઉભી કરવા માટે મહાનગરપાલિકાએ યોગ્ય નિર્ણય લેવા ખુબ જરૂરી છે. હાલ સોલિડવેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા આ તમામ પરિસ્થિતિને ધ્યાને લઈ ભવિષ્યમાં હેરાનગતિનો નામનો ન કરવો પડે તે હેતુસર અત્યારથી જ અનેકવિધ પગલાંઓ લેવામાં આવી રહ્યાં છે ત્યારે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગનાં સુત્રોના જણાવ્યા અનુસાર રાજકોટને કચરા મુકત બનાવવા અને સ્વચ્છ શહેરની છબી પ્રસ્થાપિત કરવા માટે રિ-યુઝ ટ્રાન્સફરસ્ટેશન ઉભા કરવાનો નિર્ણય લીધો છે. હાલ આ યોજના પ્રારંભી તબક્કામાં છે જેની યોગ્ય અમલવારી આવનારા દિવસોમાં કરાશે. જે માટે મોટા મવા ખાતે રિ-યુઝ ટ્રાન્સફર સ્ટેશન ઉભા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજકોટનો જે ગતિએ વિકાસ થઈ રહ્યો છે તે મુજબ હાલ મુંજકા, વાવડી અને મોટામવા રાજકોટ મહાનગરપાલિકાની હદમાં આવી ગયા છે ત્યારે રાજકોટ સ્વચ્છ શહેર તરીકે પ્રસ્થાપિત થાય તે માટે કચરાનો નિકાલ યોગ્ય રીતે કરવા હાલ મથામણ કરાઈ રહી છે.

સ્વચ્છના સર્વેક્ષણના નિયમોનેં ધ્યાને લઈ હાલ મહાનગરપાલિકા દ્વારા સી.એન.ડી. વેસ્ટ એટલે કે બાંધકામ વેસ્ટને એકત્રીત કરવા માટે નવા ડમ્પીંગ સ્ટેશનોનું નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવશે. જે માટે છ કલેકશન સેન્ટર ઉભા કરવાનો નિર્ણય લીધો છે. હાલ પ્લોટ ફાયનલ થઈ ગયા છે અને આગળની કાર્યવાહી પણ શરૂ કરી દેવામાં આવી છે. મળતી માહિતી મુજબ, હાલ જે છ કલેકશન સેન્ટર ઉભા કરવામાં આવશે તેમાં વેબ્રીજ તથા ઓફિસનું નિર્માણ હાથ ધરાશે અને દરેક ઝોનમાં બે બે કલેકશન સેન્ટર ઉભા કરવામાં આવશે જેમાં મવડી, મોટામવા, કોઠારીયા, મોરબી રોડ તથા એસ.ટી.ડેપો તરફ પ્લોટ હાલ ફાઈનલ કરવામાં આવ્યા છે. આ કરવા પાછળ મહાનગરપાલિકાનો જે હેતુ છે એ છે કે હાલ રોડ પર જે ભરતીનો ઢગલો જોવા મળી રહ્યો છે તે ગેરકાયદે ચે ત્યારે યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવે અને એક જ જગ્યાએથી આ તમામ ભરતીઓ ભેગી થાય અને તે ડમ્પગ સ્ટેશન ખાતે પહોંચે તેવી વ્યવસ્થા મહાનગરપાલિકા હાલ વિકસાવવામાં મથી રહી છે. વહીવટી પ્રક્રિયાના ભાગરૂપે પ્લોટનો કબજો મેળવવા સોલીડવેસ્ટ મેનેજમેન્ટ વિભાગે ટી.પી.શાખાને દરખાસ્ત મોકલી હોવાનું હાલ જાણવા મળ્યું છે.

મળતી માહિતી માટે બાંધકામ વેસ્ટ માટે વૈજ્ઞાનિક પધ્ધતિથી કચરાનો નિકાલ કરી તેની અન્ય પ્રોડકટ બનાવવા માટેનો તખ્તો તૈયાર કરવામાં આવશે અને તે માટે ખાસ ડમ્પીંગ યાર્ડ બનાવવાનો નિર્ણય તંત્ર દ્વારા લેવામાં આવ્યો છે. હાલ મહત્વની વાત એ છે કે મહાનગરપાલિકા હોય કે જિલ્લા વહીવટી તંત્ર હોય આ બન્ને સરકારી વિભાગો દ્વારા ડિમોલીશન કરવામાં આવે છે ત્યારે બાંધકામ વેસ્ટમાંથી બાય પ્રોડકટ બનાવવાનો પ્લાન ઉભો કરવામાં આવશે અને તેમાંથી પેવીંગ બ્લોક, લાદી સહિત અન્ય બાય પ્રોડકટ વસ્તુ ઉભી કરાશે. જેનાથી મહાનગરપાલિકાની આવક પણ વધે તેવું જાણકાર સુત્રો જણાવી રહ્યાં છે.

# જિલ્લાની ૧૧ તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખના નામોની જાહેરાત




**કારોબારી ચેરમેન સહિતના મહત્વના નામોની જાહેરાત પણ આજની બેઠકમાં થશે**

રાજકોટ,તા.૨૨

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું પરિણામ જાહેર થયા બાદ પ્રદેશ ભાજપ દ્વારા રાજ્યભરમાં પાર્લામેન્ટરી બોર્ડની બેઠક યોજી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત મહાનગરપાલિકા તથા નગરપાલિકાના ઉમેદવારોના નામો પર ચર્ચા વિચારણા કરી અંતિમ મ્હોર મારી હોવાનું સુત્રોએ જણાવ્યું છે. ત્યારે ગઈકાલે તાલુકા પંચાયતોના ઉમેદવારોના નામોની જાહેરાત કરવામાં આવી. રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકાની વાત કરવામાં આવે તો તમામના પ્રમુખ તથા ઉપપ્રમુખના નામોની જાહેરાત કરી દેવાઈ છે અને ઉમેદવારોએ ફોર્મ પણ ભરી દીધા હોવાનું માલુમ પડયું છે. એટલું જ નહીં કારોબારી ચેરમેન સહિતના નામોની જાહેરાત આજની સામાન્ય સભામાં થશે તેવું હાલ જાણવા મળ્યું છે. ૧૧ તાલુકાના પ્રમુખ તથા ઉપપ્રમુખના નામોની ચર્ચા કરવામાં આવે તો રાજકોટ તાલુકાના પ્રમુખ પદ માટે વિજયાબેન દાફડા તથા ઉપપ્રમુખ પદ માટે વર્ષાબેન ખુંટે ફોર્મ ભર્યું છે.

**રાજકોટ તાલુકાના પ્રમુખ પદ માટે વિજયાબેન દાફડા જ્યારે કોટડાસાંગાણી તાલુકાના પ્રમુખ પદ માટે કામીનીબા રવિરાજસિંહ જાડેજાની પસંદગી**

ઉપલેટા તાલુકા પંચાયતના પ્રમુખ પદ માટે રવિ વીરડા તથા ઉપપ્રમુખ પદ માટે હંસાબેન રૂપાપરાના નામની જાહેરાત કરવામાં આવી છે. એવી જ રીતે ધોરાજી તાલુકા પંચાયતના પ્રમુખ માટે કિરણબેન ટાંક તથા ઉપપ્રમુખ પદ માટે જયદીપ ડઢાણીયાની નામની જાહેરાત રાજકોટ જિલ્લા ભાજપ દ્વારા કરવામાં આવેલી છે. વિગતવાર વાત કરવામાં આવે તો જામકંડોરણા તાલુકાના પ્રમુખ પદ માટે સંજયભાઈ બાબરીયા તથા ઉપપ્રમુખ પદ માટે કલ્પનાબા જાડેજાની વરણી કરવામાં આવી છે. જેતપુર તાલુકાના પ્રમુખ પદ માટે ભાવનાબેન ખુંટ તથા ઉપપ્રમુખ પદ માટે વિજયાબેન ધાધલે ફોર્મ ભર્યુ છે. ગોંડલ તાલુકાના પ્રમુખ પદ માટે ભરતભાઈ ઢોલરીયા તો ઉપપ્રમુખ પદ માટે અંકીતાબેન આંદીપરાની પસંદગી કરાઈ છે. કોટડાસાંગાણી તાલુકાની વાત કરીએ તો પ્રમુખ પદ માટે કામીબેન જાડેજા, ઉપપ્રમુખ પદ માટે દિપ્તીબેન પડારીયાના નામની જાહેરાત કરવામાં આવી છે. લોધિકા તાલુકાની વાત કરાઈ તો કાજલબેન તારપરા, તથા ઉપપ્રમુખ પદ માટે શૈલેષભાઈ રાઠોડની વરણી કરવામાં આવી છે. પડધરી તાલુકા પંચાયતના પ્રમુખ પદ માટે તારાબેન ભંડેરી તથા ઉપપ્રમુખ પદ માટે અજીતભાઈ ડોડીયાના નામની વરણી કરવામાં આવી છે ત્યારે જસદણ તાલુકાની વાત કરાઈ તો પ્રમુખ પદ માટે ભાવનાબેન વેકરીયા તથા ઉપપ્રમુખ પદ માટે મુનીબેન સોમાણીના નામની જાહેરાત કરવામાં આવી છે અને અંતે વિંછીયા તાલુકાના પ્રમુખ પદ માટે જનકબેન રોજાસરા, ઉપપ્રમુખ પદ માટે રાજેશભાઈ તાવીયાનું નામ જાહેર કરાયું છે.

# સવિલ હોસ્પિટલ અધિક્ષકના સરપ્રાઈઝ ચેકિંગમાં અનેક પોલ ખુલી

**અધિકારીઓ તથા નર્સિંગ સ્ટાફને લોકોની હાલાકી દૂર કરવા આપ્યા આદેશ**

રાજકોટ, તા. ૨૨

સૌરાષ્ટ્ર કચ્છના દર્દીઓ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા હોય છે ત્યારે તેઓને યોગ્ય સુવિધા મળે તે હેતુસર તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ લેવામાં આવે છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી ઘણી ખરી ફરિયાદો પણ ઉઠી રહી છે. જેના ભાગરૂપે ગઈકાલે હોસ્પિટલના અધિક્ષક મોનાલી માકડીયા દ્વારા સિવિલ હોસ્પિટલમાં સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવ્યું હતું અને થતી કામગીરી અંગે પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. મોનાલી માકડીયા દ્વારા હોસ્પિટલના અલગ અલગ વિભાગોમાં શું ખામીઓ છે તેનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને ખાસ કરીને અધિકારીઓ તથા સ્ટાફ દ્વારા કરવામાં આવતી નબળી કામગીરી ને પણ નિહાળી તેઓને ઠપકો આપ્યો હતો. એ વાતની પણ સ્પષ્ટતા કરવામાં આવી હતી કે દર્દીઓને કોઈપણ પ્રકારની તકલીફ કે હેરાનગતિનો સામનો ન કરવો પડે



અને તે માટે દરેક જરૂરી પગલાં લેવામાં આવે.

અગાઉ પણ સિવિલ હોસ્પિટલમાં જે અત્યંત મહત્વના વોર્ડ ગણાતા હોય તેવા ઈમરજન્સી વોર્ડમાં એર કુલર મૂકવામાં આવ્યા ન હતા જે બાદ ભારે ઉહાપો મચી ગયો હતો અને તંત્રએ એર કુલર મૂક્યા હતા.

સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન હાજર સ્ટાફને ટોક્યો હતો અને સોનોગ્રાફીની પ્રક્રિયા ઝડપી બનાવવા તેમજ દર્દીઓનો વેઈટિંગ પિરિયડ ઘટાડવા માટે તાત્કાલિક યોગ્ય વ્યવસ્થા ગોઠવવા કડક સૂચના આપી હતી. હાલ ઉનાળાની કાળઝાળ ગરમી અને હીટવેવના પ્રકોપને ધ્યાનમાં રાખીને સિવિલ હોસ્પિટલમાં બનાવવામાં આવેલા ખાસ 'હીટવેવ વોર્ડ'ની પણ અધિક્ષકે મુલાકાત લીધી હતી. અધિક્ષકના આ સરપ્રાઈઝ રાઉન્ડને પગલે સિવિલ હોસ્પિટલના વહીવટી સ્ટાફ, તબીબો અને નર્સિંગ સ્ટાફમાં દોડધામ મચી ગઈ હતી. આ ચેકિંગ બાદ હોસ્પિટલની વ્યવસ્થામાં સુધારો જોવા મળશે તેવી આશા દર્દીઓ રાખી રહ્યા છે. સરપ્રાઇઝ ચેકિંગ દરમ્યાન સીવિલ સર્જન ડો.મોનાલી માકડિયા સાથે આરએમઓ ડો. હર્ષદ દુશરા, નર્સિંગ સુપ્રીટેન્ડેન્ટ અને પીઆઇયુ વિભાગનો સ્ટાફ તથા નર્સિંગ સ્ટાફ ઉપરાંત સિવિલ હોસ્પિટલના એસઆઇ હાજર રહ્યા હતા.

સિવિલ હોસ્પિટલમાં ખૂબ મોટી સંખ્યામાં સૌરાષ્ટ્ર કચ્છથી દર્દીઓ સારવાર અર્થે આવતા હોય છે તેઓને યોગ્ય સારવાર મળી રહે તે હેતુસર તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે પરંતુ ક્યાંક ને ક્યાંક તંત્રની ઉદાસીનતાના પગલે જે યોગ્ય સારવાર મળવી જોઈએ તે મળી શકતી નથી અને દર્દીઓએ હેરાન થવું પડે છે.

# રાજ્યસભાની ૨૪ બેઠકો માટે ૧૮ જૂને ચૂંટણી

રાજકોટ, તા..૨૨

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા છે ને હવે ગણતરીના દિવસોમાં જ હોદ્દેદારોની વરણી કરી દેવામાં આવશે તેવું હાલ ચિત્ર સ્પષ્ટ થયું છે. હોદ્દેદારો તેમના હોદાઓ સંભાળે તેની સાથે જ રાજ્યસભાની ચાર બેઠકોની ચૂંટણીનું નોટિફિકેશન પણ જાહેર કરી દેવામાં આવ્યું છે ત્યારે દસ રાજ્યોની ૨૪ રાજ્યસભા બેઠકો પર આગામી ૧૮ જુને ચૂંટણી યોજવાની છે જેમાં ગુજરાતના ચાર સાંસદોની ટર્મ પૂરી થઈ રહી છે. મળતી માહિતી મુજબ ગુજરાતમાં રાજ્યસભાની ચાર બેઠકો છે જેમાંથી ત્રણ ભાજપ અને એક કોંગ્રેસ પાસે છે. પરંતુ હાલની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને લઈ આગામી ચૂંટણીમાં તમામ ચાર બેઠક ભાજપના ફાળે આવશે તેવું જાણવા મળ્યું છે.

આગામી ૨૧ જૂનના રોજ ગુજરાતના ચાર રાજ્યસભાના સાંસદોની ટર્મ પૂર્ણ થશે. ચૂંટણી પંચ દ્વારા રાજ્યસભાની ચૂંટણી યોજાવા માટે નોટિફિકેશન બહાર પાડ્યું છે. આગામી જૂનની ૧૮ તારીખે રાજ્યસભાની ચૂંટણીનું મતદાન યોજાશે. ૧૦ રાજ્યોની ૨૪ બેઠકો માટે તારીખ જાહેર કરાઈ છે. ગુજરાતમાં ભાજપના રામ મોકરિયા, નરહરિ અમિન અને રમીલાબેન બારા સહિત કોંગ્રેસના શક્તિસિંહ ગોહિલની ટર્મ પૂર્ણ થઈ રહી છે.

રાજ્યસભાની ચૂંટણી માટે ૮મી જૂને ફોર્મ ભરવાની અંતિમ તારીખ છે. ૯મી જૂને ફોર્મની ચકાસણી થશે. જ્યારે ૧૧ જૂને ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખ છે. ૨૦મી જૂને ચૂંટણીની કામગીરી પૂર્ણ થશે. હાલમાં ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસના સભ્યોની સંખ્યા ખૂબ જ ઓછી છે. બીજી તરફ ભાજપે ગત વિધાનસભામાં જબરદસ્ત પ્રદર્શન કરીને કોંગ્રેસને કારમી માત આપી છે. ત્યારે રાજ્યસભાની ચારેય બેઠક પર ભાજપના ઉમેદવાર બિનહરીફ જીતી શકે છે. કર્ણાટક, આંધ્રપ્રદેશ અને ગુજરાતમાંથી ચાર-ચાર બેઠકો ખાલી થશે. રાજસ્થાન અને મધ્યપ્રદેશમાંથી ત્રણ-ત્રણ બેઠકો ખાલી થશે.



**ગુજરાતના ઈતિહાસમાં પહેલી વાર રાજ્યસભામાં ગુજરાતનો કોઈ કોંગ્રેસ પ્રતિનિધિ નહીં હોય**

મણિપુર, મેઘાલય, અરુણાચલ પ્રદેશ અને ઝારખંડમાંથી એક-એક બેઠક ખાલી થશે. આ ઉપરાંત, ઝારખંડ, તમિલનાડુ અને મહારાષ્ટ્રમાંથી એક-એક બેઠક માટે પેટાચૂંટણીઓ યોજાઈ શકે છે. નિવૃત્ત થઈ રહેલા ૨૨ સાંસદોમાંથી ૧૧ ભાજપના છે, જ્યારે ચાર કોંગ્રેસના છે.

ગુજરાતમાં કોંગ્રેસ પાર્ટીને મોટો ઝટકો લાગી રહ્યો છે. હાલમાં, ગુજરાતમાંથી રાજ્યસભાની ૧૧ બેઠકોમાંથી કોંગ્રેસ પાસે ફક્ત એક જ સભ્ય છે. વિધાનસભામાં વિરોધ પક્ષના ભૂતપૂર્વ નેતા શક્તિસિંહ ગોહિલ ૨૧ જૂને નિવૃત્ત થઈ રહ્યા છે.ગુજરાતના ઈતિહાસમાં પહેલી વાર રાજ્યસભામાં ગુજરાતનો કોઈ કોંગ્રેસ પ્રતિનિધિ નહીં હોય.

# વોકળા સફાઈ થયાના ખોટા બુંગીયા

**મહાનગરપાલિકાની કામગીરી પર ઉઠ્યા સવાલ : જર્જરીત મિલકતો નું શું કરવું તે અંગે તંત્ર અવઢવમાં**



રાજકોટ, તા. ૨૨

મહાનગરપાલિકાની ઢીલી નીતિનું ઉદાહરણ ફરી એક વાર સામે આવ્યું છે કારણ કે હાલ જે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે અને જે મોટી વાતો મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી હતી કે ચોમાસા પૂર્વે રાજકોટ શહેરમાં પ્રિમોન્સૂન એક્ટિવિટીના ભાગરૂપે વોકળા સફાઈ અભિયાન હાથ ધરાશે તે માત્ર એક કે બે દિવસ જ ચાલુ રાખવામાં આવ્યું હોય તેવું હાલ જાણવા મળ્યું છે કારણ કે રાજકોટના ઘણા ખરા વોકળાની સફાઈ ન થતા મહાનગરપાલિકાની કામગીરી ઉપર સવાલો ઉઠ્યા છે. ગત વર્ષે ન જેવા પાણી ભરાવાથી અનેકવિધ પ્રશ્નો ઊભા થયા હતા અને લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો ત્યારે ફરી એક વખત એ જ સ્થિતિ નિર્માણ પામશે તેવું હાલ જાણવા મળી રહ્યું છે. વરસાદી પાણીના નિકાલ માટે સમયાંતરે જે વોકડાની સફાઈ થવી જોઈએ તે કરવામાં ન આવતા હાલ લોકોના સ્વાસ્થ્ય ઉપર પણ અનેકવિધ સવાલો ઉઠ્યા છે.

રાજકોટમાં ચોમાસા પૂર્વે તા.૧થી કંટ્રોલ રૂમ શરૂ કરવા કલેકટર કચેરી તૈયારી કરી છે. વોંકળા સફાઇ, જર્જરીત ઈમારતોને નોટીસ આપવા સહિતની કામગીરી જિલ્લામાં શરૂ કરવામાં આવી છે ત્યારે રાજકોટમાં વરસાદી પાણી ભરાઇ જવા, ખાડાના કારણે અકસ્માત થતા રોકવા, જર્જરીત ઈમારતો સલામત કરવા સહિતની કોઇ કામગીરી શરૂ કરવામાં આવી ન હોય, તત્કાલ ચોમાસુ એકશન પ્લાન જાહેર કરવા કમિશ્નરને રજુઆત કરવામાં આવી છે.

શહેરની અંદર કોઈપણ ચોમાસા વરસાદના સમય સંજોગોમાં પાણીના પુર હોનારત કે પાણીના ભરાઈ ગયેલ ખાડા ખાડાથી અંદર અકસ્માત થાય કે જાનમાલને નુકશાની થાય તેમની જવાબદારી અધિકારી, પદાધિકારીની રહેશે. કારણ કે તા.૨૧-૪ના રોજ રજુઆત છતાં કોઇ કાર્યવાહી શરૂ થઇ નથી. વોંકળાની હાલત હજુ જેમની તેમ છે. ભીલવાસથી માંડી છેક હરીહર ચોક વોંકળા સુધી હજુ સ્લેબ અને પાઇપ ગટરના કામ હજુ પુરા થયા નથી. ભીલવાસ રોડ પર વોંકળો ઢાંકયા બાદ ફરી પાઇપ ગટર માટે શેરી ખોદી નાંખવામાં આવી છે.

શહેરમાં જળ સંગ્રહ કરવા માટેના પીવાના પાણીના તથા ઘર વપરાશમાં ઉપયોગમાં લેવાતાં ડેમોની અંદર થી ધૂળ માટી પથ્થર કાપ કચરો કઢાવી ને જળ સંગ્રહ કરવા માટે તળ ઉતારવાની જરૂર છે. ડેમોની દીવાલો ઉપર બાંધકામ રીપેરીંગ કરાવો તથા ઓવર ફ્લોના પાટિયા ખોલ બંધ થાય છે કે નહિ તે ચેક કરાવવા, ડેમોના ઓવરફલોની કેનાલો માંથી કચરાની ગંદકીની સફાઈ કરાવી ઉપડાવી જળસંગ્રહ વધે તેવા પ્રયાસો કોઇ કરતું નથી.

ચોમાસા વરસાદના પાણીના નિકાલ માટેના વોકળા ઓની અંદર કાદવ કીચડ કયરાની ગંદકી ની સફાઈ કરાવવાની જરૂર છે. વોકળાની અંદર અંદાજિત ૫૦૦ કે ૭૦૦ ફૂટના અંતરે ત્રણ ફૂટ જેટલી ઉંચાઇયે મેજબૂત આર.સી.સી. બાંધકામ દીવાલ નું ચણતર કામ કરાવવું જોઇએ. નવા ચેકડેમ, બોરના કામોથી જળસ્તર ઉંચુ આવે તેમ છે.

શહેરના જાહેર રોડ રસ્તા શેરી ઓની ભૂગર્ભ ગટરની કેનાલો માંથી તથા ભૂગર્ભ ગટરની કુંડીઓમાંથી કચરાની સફાઇ, સરકારી તથા પ્રાઈવેટ ખુલ્લા પ્લોટ માંથી કચરાની સફાઇ કરાવીને ઉપડાવા, જ્યાં જાહેર રસ્તા ઉપર ચોમાસા વરસાદનું પાણી ભરાતું હોઈ ત્યાંથી તત્કાલ નિકાલ કરવા અને ખાડામાં તાત્કાલીક ડામર પેચવર્ક કરી દેવા જોઇએ. રાજકોટના કોઈ એક વોર્ડમાં નહીં પરંતુ અનેકવિધ બોર્ડમાં સ્થિતિ ચોમાસા દરમિયાન ખરાબ થતી હોય છે જે આ વખતે ન થાય તે માટે યોગ્ય વ્યવસ્થા ઊભી કરવા માટે રજૂઆત પણ કરવામાં આવેલી છે.

તો બીજી તરફ રાજકોટ મહાનગર વિસ્તારમાં ઘણી-ઘરી મિલકતો જર્જરિત હોવાનું પણ જાણવા મળ્યું છે ત્યારે તેના માટે શું પગલાં લેવામાં આવ્યા તે માટે મહાનગરપાલિકા યોગ્ય જવાબ આપી શકી નથી ત્યારે ચોમાસા દરમિયાન કોઈ દુર્ઘટના ન ઘટે અને લોકોને હેરાનગતિનો સામનો ન કરવો પડે તે માટે અત્યારથી જ યોગ્ય વ્યવસ્થા ઊભી કરવા માટે મહાનગરપાલિકા અને વિવિધ વિસ્તારના લોકો દ્વારા રજૂઆત કરવામાં આવી રહી હોવાનું પણ જાણવા મળ્યું છે.